
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક • વર્ષ ૫૫મું • અંક ૨જો • ફેબ્રુઆરી ૧૯૭૮




શિયાળાની સવાર (ફોટો • સુરેન્દ્ર પટેલ) એક દૃષ્ટિએ જોઈએ તો આ ફોટોચિત્રમાં રાજસ્થાની સ્થાપત્ય પરનું કંડારશોભન જ મુખ્ય છે, પણ એને કલાત્મક ઉઠાવ આપવા સૂર્યપ્રકાશનાં ત્રાંસાં કિરણોનો લાભ લેવા સાથે બારીમાં માજીના પાત્રને રાખીને ચિત્રવિષયમાં સજીવતા અને તડકાની હૂંફ આરોપી છે.

ટાઈટલ વિગત : 'આરબો'-૧૨૫ એ.એસ.એ. ફિલ્મ, ટેલીફોટો લેન્સ ૨૦૦ મી.મી., શટર-સ્પીડ ૧/૨૫૦, એપર્ચર એફ ૮.

સળંગ અંક
૬૫૦
તંત્રી • બચુભાઈ રાવત

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ



આપ-છબિ (કલાકાર - તુફાનીશા રફાઈ) કલાકારે પોતે આલેખેલી પોતાની આ તસ્વીરમાં આલેખનનો એક તદ્દન નવતર પ્રયોગ છે. એ જળ કે તૈલ રંગો વડે ન કરતાં સામયિકો, પોસ્ટરો વગેરેમાં છપાએલાં રંગીન ચિત્રોની કિસમ-કિસમની ચપતરીઓ રંગછાયાના પલટા પ્રમાણે સમુચિત સ્થાને ચિટકાવીને રચના ઉપજાવી છે, એ એની વિશિષ્ટતા છે. છાયા-પ્રકાશના રંગપલટાઓને બરાબર અનુરૂપ વિવિધ બારીક કાપલીઓને, એકબીજામાં એકરસ કરી દેવામાં કલાકારની સૂઝ અને કાબેલિયતની કસોટી થાય છે. આ તસવીર બતાવે છે કે કલાકાર એમાં પાર ઊતર્યા છે. તદ્દન નિમ્ન કક્ષાની પરિસ્થિતિઓમાંથી ખંત અને સ્વ-પુરુષાર્થથી કલાસિદ્ધિ પામનાર આ કલાકારનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં આપ્યો છે.

કુમાર

ફેબ્રુઆરી ૧૯૭૮ · અંક ૬૫૦

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો વરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૩ યા ડા. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

કચ્છી લિપિ

'કુમાર' ૬૩૧માં 'કચ્છી લિપિ' એ લેખમાં શ્રી રામસિંહજી રાઠોડે 'કચ્છી "બોલી" નહિ પણ "ભાષા" છે અને કચ્છી ભાષાને તેની આગવી લિપિ પણ છે એમ પ્રસ્થાપિત કરવાનો' જે પ્રયત્ન કર્યો છે તે પ્રશંસનીય છે. ભુલાઈ ગએલી લિપિ ભાષાના રસિક અભ્યાસીઓ સમક્ષ ધરવી એ એક મૂલ્યવાન કાર્ય છે. લેખના પ્રારંભે ગુજરાતી મૂળાક્ષરો સાથે કચ્છી લિપિના મૂળાક્ષરો દર્શાવતો આલેખ બતાવ્યો છે. એના દ્વિતીય ખાનામાં ઈ. ૧૭૩૭ની એક હસ્તલિખિત પ્રત પ્રમાણેના મૂળાક્ષરો નોંધ્યા છે. આથી એ લિપિનો પ્રાચીન ઉપલબ્ધ પુરાવો (શ્રી રાઠોડના મત મુજબનો) ૨૪૦ વર્ષ પૂર્વેનો છે તેમ સ્પષ્ટ થાય છે. એ કચ્છી લિપિ છે કે કચ્છ સરહદ પરની કોઈ સાંકેતિક લિપિ? આ માટે શ્રી રાઠોડ જો એમણે ઉલ્લેખિત ઈ. ૧૭૩૭ની હસ્તલિખિત પ્રતના એકાદ પાનાનો ફોટોગ્રાફ ને તેની શુદ્ધ વાચના 'કુમાર'માં આપે તો લિપિના રસિકોને જાણવા મળે ને વિદ્વાનો તે અંગેની પ્રમાણભૂતતા તપાસી શકે.

આલેખના તૃતીય ખાનામાં દર્શાવેલી ખોજકી કચ્છીની કોઈ હસ્તપ્રત છે ખરી? ખોજકી કચ્છી મૂળ કચ્છની જ છે કે બહારથી આયાત થએલી યા કરેલી?

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

ભુજ મ્યૂઝિયમ

અંક ૬૪૭માં શ્રી રામસિંહજી રાઠોડનો 'ભુજનું મ્યૂઝિયમ' લેખ રસપૂર્વક વાંચ્યો. ગુજરાતનું એ પ્રાચીન મ્યૂઝિયમ આ વર્ષે ૧૦૦ વર્ષ પૂરાં કરે છે તે સમગ્ર ગુજરાત માટે આનંદ ને ગૌરવનો વિષય છે. મ્યૂઝિયમમાંની વિવિધતા લેખમાં સચિત્ર દર્શાવી છે. તેની પ્રાચીનતાને લક્ષમાં રાખી આ તબક્કે 'કુમાર' દ્વારા મારો અભિપ્રાય દર્શાવું છું કે આપણી સરકારે ભુજ મ્યૂઝિયમની શતાબ્દી ટાણે ખાસ ટપાલ-ટિકિટ બહાર પાડવી જોઈએ. માનું છું કે મારા આ નમ્ર અભિપ્રાય સાથે ગુજરાતના ઇતિહાસવિદો, શિલ્પ, કલા આદિના અભ્યાસીઓ ને રસિકો મહદ્અંશે સંમત થશે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

પ્રો. શંકુ

'કુમાર' નવેમ્બર ૧૯૭૭, પૃ. ૩૫૫-૧: ૧૩મી મે... પંક્તિ ૨૫-'ચાર વર્ષ પહેલાં પ્રોફેસર આર્કીબાલ્ડ એકરૉઈડની સાથે મારે ગાઢ દોસ્તી થઈતી હતી.'

પૃ. ૩૫૬-૧: ૧૮મી મે...પંક્તિ ૩૦: 'મારા મિત્ર આર્કીબાલ્ડ એકરૉઈડ છ વર્ષ પહેલાં... જેમનું નૉર્વેમાં મૃત્યુ થયું હતું.'

આમાં ચાર અને છ વચ્ચેનો મેળ શી રીતે બેસાડવો?

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

આંચકી-૧

ડિસેમ્બર '૭૭ના 'કુમાર'માંના 'આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર'ના વિભાગમાં 'આંચકી' વિષે વાંચ્યું અને પારાવાર દુઃખ અનુભવ્યું.

'આંચકી' વિષે દર્શાવેલી તમામ વિગત—શરૂથી અંત સુધીની તદ્દન નિરુપયોગી લાગે છે. તેમાં દર્શાવેલાં આંચકીનાં લક્ષણો, કારણો, સારવારમાંનું કશું જ વૈજ્ઞાનિક નથી તેમ જ તેમાંનું કશું જ આંચકીના એક પણ દર્દીને ફાયદાકારક નથી, એટલું જ નહિ પરંતુ આટલી સારવારમાં વેડફાતા સમય દરમ્યાન દર્દીની હાલત ગંભીર થવાની પૂરી શકયતાઓ છે.

'કુમાર' જેવા સામયિકમાં અને આયુર્વેદના શાસ્ત્રમાં આવા રોગો વિષે આવી ખોટી, બિનઉપયોગી અને ખરેખર નુકસાનકારક બાબતો ન છપાય અને આ રીતે માણસના જીવ જતા

બચાવી શકાય (આ બાબત એટલી ગંભીર છે) તો ઘણો ઘણો આભાર.

લાગે છે કે (ડિસે. '૭૭ના 'વાચકો લખે છે' વિભાગ વાંચીને) આ વિભાગ અને આવી બાબતો વિષે લોકોનો રોષ ખૂબ વધ્યો છે.

(રાજકોટ) —(ડૉ.) લલિત ત્રિવેદી

૨

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-આંચકી: બાળકમાં અને મોટામાં આંચકી વિષેનાં ઘણાં કારણો એકસરખાં છે, ઘણાં જુદાં છે. બાળકમાં આંચકીના મુખ્ય કારણમાં કોઈ પણ પ્રકારના ચેપને લીધે વધારેપડતો તાવ Epilepsy Cerebrae Palsy, ધનુર્વા વગેરે. આંચકીમાં દર્દી ભાનમાં છે કે બેભાન તે પણ જોવું જોઈએ. બેભાન દર્દીને આંચકી આવતી હોય અને લેખકની સલાહ પ્રમાણે ટંકણખાર, લવીંગ, સૂંઠવાળું પાણી ને બીજાં ઔષધો આપો એટલે સીધાં ફેફસામાં જાય તો દર્દી રામશરણ થઈ જાય.

આવું વાંચીને કોઈ ઈલાજ કરે ને દર્દીને નુકસાન થાય તો કેટલી મોટી કુસેવા થઈ ગણાય!

(સૂરત) —(ડૉ.) આર. ટી. આચાર્ય

લેપાક્ષીનું સ્થળ-૧

ડિસેંબર અંકમાં 'લેપાક્ષીનાં ભીંતચિત્રો'ના લેખક શ્રી વાસુદેવ સ્માર્ત લેખની શરૂઆત કરે છે: 'કર્ણાટક રાજ્યના અનંતપુર જિલ્લામાં લેપાક્ષી નામે એક નાનું ગામ છે.'

વિજયનગરના સામ્રાજ્યમાં ગમે તેમ હોય, પરંતુ અત્યારે તો અનંતપુર, હિંદુપુર અને લેપાક્ષી ત્રણે ગામો આંધ્રપ્રદેશમાં છે અને ત્યાંના લોકો તેલુગુ ભાષા બોલે છે.

(અમદાવાદ) —હરિલાલ અ. શાહ

૨

ડિસેમ્બર અંકમાં 'લેપાક્ષીનાં ભીંતચિત્રો' લેખમાં પ્રથમ વાક્ય જ ખોટી માહિતી આપે છે. અનંતપુર જિલ્લો તથા તેના હિંદુપુરા તાલુકાનું લેપાક્ષી ગામ આંધ્ર પ્રદેશમાં છે, કર્ણાકટમાં નહિ. સંપાદકીય નોંધમાં પણ તે જ ખોટી માહિતીનું પુનરાવર્તન છે.

લેખમાં એક મહત્ત્વની વિગત નોંધી નથી. એક સ્તંભ ઉપરથી લટકતો છે ને નીચેથી કાગળ પસાર થઈ જાય છે. આ મેં પોતે જોએલ ને કરેલ છે.

(હૈદરાબાદ) —કૃષ્ણકાંત ભ. મહેતા

'સુખસ્ય' નહિ 'સુપ્તસ્ય'

શ્રી બહાદુરશાહ પંડિતનો લેખ 'પ્રતિભા ને પરિશ્રમ' ગમ્યો. નવી પ્રેરણા પૂરી પાડે તેવો છે. લેખક તથા 'કુમાર' બંનેને અભિનંદન!

લેખમાં આપેલ શ્લોકના ત્રીજા ચરણમાં પાઠભેદ જોવા મળે છે.

उद्यमेन हि सिध्यन्ति
कार्याणि न मनोरथैः ।
नहि सुखस्य सिंहस्य
प्रविशन्ति मुखे मृगाः ॥

सुखस्यને બદલે सुप्तस्य જોવા મળે છે.

(ધોલકા) —જયકર છો. જોષી

બે સંસ્કૃત ભાવાનુવાદો

જાગતી યુવાનીને પદે પદે પ્રેરણાનાં પીયૂષ પાય અને ઉજ્જ્વલતાનાં શિખરો સર કરવા આમંત્રે એવાં—સદ્‌ગત કવિવર શ્રી દેશળજી પરમારનું અને શ્રી 'ચાતક'નું—અનુક્રમે અંક ૬૪૨ (જૂન '૭૭) અને અંક ૬૪૮ (ડિસેમ્બર '૭૭)ના છેલ્લા પાને મથાળે વિરાજતાં બે ચમત્કાર મુક્તક-મૌક્તિકોનો સંસ્કૃત ભાવાનુવાદ આપને આ સાથે મોકલું છું, જે કુમારના સુજ્ઞ વાચકોને અવશ્ય આહ્લાદિત કરશે.

(उपजाति)

तुङ्गे गिरिस्तद् दृषदः कठोराः
शृङ्गाणि तीक्ष्णानि तमोवृतानि ।
द्रोण्यस्त्वगाधा व्रज वीर यात्रिन्
पदैः स्थिरै र्मो भवत्वं द्रढिष्ठः ॥

(अनुष्टुप)

आपत्स्वपि निजानन्दा
विरला नरपुङ्गवाः ।
प्राग्मृत्यो यें मरिष्यन्तो
म्रियन्तां ते पदे पदे ॥

અને એક ભૂલ

વિશેષ, કુમાર અંક ૬૪૮ (ડિસેમ્બર ૧૯૭૭)માં શ્રી બહાદુરશાહ પંડિતે પોતાના 'સ્વમાન' નામક વિચાર-પ્રેરક નિબંધમાં (કુમાર પાનું ૪૦૨) અતિપ્રસિદ્ધ એવો 'त्यजेदेकं कुलस्यार्थे... શ્લોક ટાંક્યો છે અને તે ભર્તૃહરિના નીતિશતકમાંનો છે એમ એમણે ઉલ્લેખ કર્યો છે.

તત્ત્વતઃ આ ઉલ્લેખ ગલત છે. મારી પાસે ઉપલબ્ધ નિર્ણયસાગર મુદ્રાલયની આવૃત્તિમાં તેમજ સસ્તું સાહિત્ય, અમદાવાદની આવૃત્તિમાં ઉપર્યુક્ત શ્લોક નથી જ. મુરબ્બી પંડિતજીએ કઈ આવૃત્તિને આધારે એ ભર્તૃહરિ નીતિશતકનો છે એમ પ્રતિપાદિત કર્યું છે એ તેઓશ્રી જણાવશે તો હું તેમનો આભારી થઈશ.

ઉપર્યુક્ત શ્લોક ચાણક્યનીતિશતકનો છે એમ सुभाषितरत्नमाण्डागारम्ના (નિર્ણય સાગર પ્રેસ, આઠમી આવૃત્તિ, ૧૯૫૨) શ્લોકોના અનુક્રમકોશના પાના ૩૩ ઉપર નોંધાયું છે. એ એમને વિદિત થાય.

(દ્વારિકા) —લક્ષ્મીશંકર અ. જોષી

સન્ધિદોષ અને રૂપદોષ

'કુમાર'માં છપાતાં સુભાષિતોના છાપભૂલ આદિ તરફ નમ્રભાવે આપનું ધ્યાન દોરું છું.

(૧) સન્ધિદોષ

ડિસેમ્બર ૧૯૭૭ (અંક ૬૪૮)ના છેલ્લે પાને મુકાએલા સુભાષિતના છેલ્લા ચરણના પ્રથમ પદને અંતે 'म्'ને સ્થાને અનુસ્વાર મૂક્યો છે તે સન્ધિ નિયમ અનુસાર અનુચિત છે. છેલ્લું ચરણ આ પ્રમાણે જોઈએ: 'परहितनिरतानामादरो नात्मकार्ये ॥' ને જો યતિ-ગતિ દર્શાવવા સંધિ ન કરવી હોય તોપણ અનુસ્વાર તો ન જ થાય. સ્વરપૂર્વવર્તી પદના અંતે અનુનાસિક 'म्' રહેવા દેવો પડે. અનુસ્વાર તો ન જ મુકાય. આ જ જાતની પૂર્વે થયેલી ક્ષતિ માટે મુરબ્બી શ્રી મધુસૂદનભાઈ વૈદ્યે ધ્યાન દોર્યું છે જ એટલે હું વધુ પિષ્ટપેષણ કરતી નથી. (જુઓ કુમાર પાનું ૧૭૭, અંક ૬૪૨.)

હમણાં સંસ્કૃત શ્લોકોમાં થતી આગંતુક નાનીમોટી ક્ષતિઓ પ્રત્યે ધ્યાન દોરવાની લેખક પરંપરા શરૂ થઈ છે અને તેને 'કુમાર' સહૃદયપૂર્વક સ્થાન આપે છે તે 'કુમાર'ના ભાષાશુદ્ધિના આગ્રહનું દ્યોતક છે, જ્યારે ગુજરાતી ભાષાનાં બીજાં પત્રોમાં આજે મોટે ભાગે એનો અભાવ વર્તાય છે.

(૨) રૂપદોષ

અંક ૬૩૮ (ડિસેમ્બર ૧૯૭૬)ના છેલ્લા પાના ઉપરના સુભાષિતનું છેલ્લું ચરણ આ પ્રમાણે છે: 'ગુણૈર્વિહીના બહુ જલ્પયન્તિ' તેમાં 'જલ્પયન્તિ' શબ્દ વ્યાકરણની દષ્ટિએ અશુદ્ધ છે. 'જલ્પ' તો પહેલા ગણનો ધાતુ છે. તેનું યથોચિત રૂપ 'જલ્પન્તિ' થાય. તે દસમા ગણનો નથી. તેનું ઉચિત દોષરહિત પાઠાંતર :'સુભાષિતરત્નભાણ્ડાગારમ્'માં (નિર્ણય સાગર આઠમી આવૃત્તિ, ૧૯૫૨. પાનું ૧૭૩ શ્લોક ૮૭૦) 'જલ્પન્તિ મૂઢાસ્તુ ગુણૈર્વિહીનાઃ' છે, જે વ્યાકરણ વિષયક રૂપદોષ નિવારે છે.

(દ્વારિકા) —જાગૃતિ જોષી

રાણા પ્રતાપનો પુત્ર

'કુમાર' અંક ૬૪૩ના ૨૩૦મે પાને એક ક્ષતિ રહી ગઈ લાગે છે. ર. વ. દેસાઈની નવલકથામાંની 'પહાડનાં પુષ્પો'ના અવલોકનમાં બીજી લીટીમાં 'રાણા પ્રતાપના "પુત્ર" ઉદયસિંહ એ બરાબર નથી! ઉદયસિંહ તો રાણા પ્રતાપના પિતા! પ્રતાપના પુત્રનું નામ અમરસિંહ. મહાન રાણા પ્રતાપની સરખામણીમાં એનો પિતા કે પુત્ર બંને ઘણા સાધારણ હતા એ ઐતિહાસિક હકીકત છે.

(ન્યૂ યૉર્ક) —મંગેશરાય પાઠકજી

અદ્વૈત / વ્રજલાલ દવે

•ગાન•

હું તુજમાં, તું મુજમાં: કહે એ સાચ ગણું કે માયા?

પવન ભલેને ફૂલ અંગને હસી–ધસીને ભેટે,
ભાગ્ય ગણું એનું ઊણું જે રહેતો છેટે છેટે;
(હું તો) સાકર શો ગળી જાઉં દૂધમાં ગોતી મળે ના કાયા.

તું તો જલ, હું મિટ્ટી: ભીંજી એકમેક શાં લેટ્યાં!
તૃણો તણા લીલા મેળાપે અરવ સેજમાં મહેક્યાં;
પાનખરોનાં જોર ગયાં પી, ભીતર હોજ ભરાયા.

પૃથ્વીને અંકે લીધી છે આકાશે, દિન રાતે
જળ વાયુની, ઝંઝા વીંખે બેને વાતે વાતે;
રુધિરછોળ હું: પ્રાણગતિ તું: હર ધબકે હૂંફાયાં!
હું તુંજમાં તું મુજમાં: કહે એ સ્વપ્ન ગણું કે માયા?

પેચ / દિનેશ મોદી

•પૃથ્વી•

'પતંગ...! હમણાં તને થયું છ શું...?
તવ વિચાર, આચારમાં
વિચિત્ર પરિવર્તનો અનુભવું; —મજામાં નથી?
હું તો ઊલટું
તને ટ્રિક, કુનેહથી લઈ જતો બધાથી ઊંચે!
સલામત જગે; પસાર કરી વિઘ્ન સૌ માર્ગનાં!
ઉડાવું ચગવું તને સુદૂર વ્યોમકોણે, ન જ્યાં
ધમાલ; બીજી કો પતંગ તણી ભીડ, સ્પર્ધા નહિ;
હવા સરસ, મુક્ત ઉડ્ડયન મસ્ત, શી શાંતિ ત્યાં...
—તો પછી?
હજુ ય વધુ આથી ઉચ્ચ સ્થલ પ્હોંચવા લાલસા?'

'વીરા! ઊલટી વાત તેં કરી મને...'
(પતંગ મરમે ઉવાચ; પણ તે પછી ગંભીર.)
'નિરાળી, સ્થિતિ ઉચ્ચ મારી થકી ન્યાલ શું થૈ ગઈ?
મને ખૂંચત આ અલિપ્ત,હરીફો-વિહોણી સ્થિતિ!
ખરે! સખાપતંગ અન્ય તણી થાય ઈર્ષ્યા મને:
ભલે વિહરી ના શકે ગગનમાં દૂરે, તો ય સૌ
રહી કનકવા-સમાજ મહીં, 'પેચ'-સંઘર્ષથી
કસોટી નવ-નિત્ય, ખેલ, પચરંગ સ્પર્ધા તથા
સંપર્કના
અનુભવંત આનંદ તો!
હળું, હું ય, ભળું: ઉતાર! ભઈલા, નીચે તું હવે...
કપાઈ જઉં કર્મ સ્હેજ કરી પૂર્ણ–એ સાર્થક.

દરદના દુહા / મનહર જાની

ન્હોર નહિ લોહી નહિ, નહિ ઉઝરડો–ત્રાડ,
મુજને હાડોહાડ ઊતરડે એકલપણું!
'કોઈ નથી'–ને કાંગરે કડવાં બોલે કાગ,
પડછાયા નાપાક એના અભડાવે મને.
ઓશીકે અંબર તપે, ભડભડ સળગે સેજ,
બળબળ ચંદરતેજ મારે કાળજ કમકમે.
ડમરી જેવું આયખું ને ખાવું-પીવું ધૂળ,
ગમતીલું ગોકુળ કરકે કુંભીપાક થઈ.
તડકો તલખે તાળવે, લમણે તલખે રાત,
અંધારાં અકલાન્ત છાતીમાંથી સૂસવે,
જીવનાં લાગ્યાં ઝાપટાં, કરવી ક્યાં ફરિયાદ?
વરણાગી વરસાદ ટીપેટીપે તમતમે.
ફળિયે બાંધ્યાં વાછરુ, નઢીએ બાંધ્યા મોર,
શમણાં આઠે પ્હોર મારામાંથી ઘૂરકે!
અરધો-પરધો શ્વાસમાં, અરધો-પરધો બ્હાર,
જીવતરનો ઓથાર પડછાયો કે પાળિયો?

છું / હરીશ ધોબી

•ગઝલ•

આમ તો હું શૂન્યનો વિસ્તાર છું,
તો ય શબ્દોમાં રહેલો ભાર છું.
એટલું સમજ્યો સમજની વાતમાં
કે સદા તારી સમજની બ્હાર છું.
થૈ ગયા છે કેટલા ટુકડા –જુઓ!
કે અભાવનો જ હું અવતાર છું.
આ સરી જાતો સમય કહેતો મને,
હું બધા યે શ્વાસનો હકદાર છું.
ક્યાં રહ્યો છું હું હવે મારા સમો?
કે 'હરીશ'નો માત્ર હું આકાર છું

બીક / લલિત ત્રિવેદી

•ગઝલ•

આયના સામે જવાની બીક છે,
જાત આ ખુલ્લી થવાની બીક છે.
વાંસળીની બ્હાર ના નીકળી શકું,
ભીંત ભેગા થૈ જવાની બીક છે.
પથ્થરો જેવી ક્ષણો માથે પડે,
કાચ માફક તૂટવાની બીક છે.
હું હવે જૂના ઘરે જાતો નથી,
એક કમરો ખૂલવાની બીક છે.

¶ અદ્વૈત: આપણા તત્ત્વજ્ઞાનમાં અદ્વૈતવાદનો સિદ્ધાંત ખૂબ જાણીતો છે. અહીં એ સિદ્ધાંતની અનુભૂતિનું કાવ્ય પ્રકૃતિનાં વિવિધ પ્રતીકો દ્વારા ભાવકને તે અનુભૂતિ અવગત કરાવવામાં ઠીક ઠીક કામયાબ નીવડ્યું જણાશે. ઉપાડથી વ્યક્ત થતી આશંકા અન્ય રીતે એ અદ્વૈતાનુભૂતિને જ વળ આપી રહે છે. પ્રત્યેક અંતરામાં સુચારુ અને સચોટ શબ્દચિત્રો વિચારને ભાવમય બનાવી આસ્વાદ્ય બનાવી રહે છે. અંતમાં રુધિરછોળ ને તેમાં વ્યાપ્ત પ્રાણના રૂપક દ્વારા અદ્વૈતના અગમ્ય અનુભવને સુગમ્ય કરવાનો પ્રયાસ આનંદકર છે. ¶ પેચ: ઊંચે ચગેલા પતંગની ગતિ જોઈ કાવ્યનાયકને એની સ્થિતિ વિષે શંકા જન્મે છે અને એને પ્રશ્નો પૂછી બેસે છે. કાવ્યના ઉત્તરાર્ધમાં એ પતગ વળતો જવાબ આપી જણાવે છે કે પોતે સાથીઓથી અલગ પડી ઊંચા ઉડ્ડયનોમાં મહાલવા માગતો નથી; એના કરતાં નીચે સાથીઓ સંગ સંઘર્ષમાં રહેવું એને વધુ ગમશે. પ્રતીકાત્મક રીતે જીવનમાં સમાન સાથે સંઘર્ષમાં રહેવાની પુરુષાર્થજન્મી આનંદાનુભૂતિનું આ વિચારપ્રધાન કાવ્ય સ્વયંસ્પષ્ટ જ છે. ¶ દરદના દુહા: દુહા જેવું હવે લુપ્ત થતું જતું પદ્યવાહન અહીં કવિએ એકલતાના દર્દને નવીન રીતે અભિવ્યક્ત કરવા માટે ખપમાં લીધું છે ને જે કસબ સાધી બતાવ્યો છે તે આ રચનાને સચોટ બનાવી રહે છે. ¶ છું: 'હું' જ્યારે સ્વત્વ ગુમાવી બેસે છે ત્યારે જે લાગણી, વિચાર અનુભવાય છે તે 'હું'ના વિસ્તારજ્ઞાનથી આરંભાતી અને 'હું'ના લોપભાનથી પૂરી થતી આ ગઝલ સરળ છતાં ય સચોટ બની છે. ¶ બીક: મનુષ્યનું પોતાને જ પોતાની પોકળતા પોતાની પાસે પ્રકટ થઇ જવાની જે ભીતિ છે તે ભાવને નવીન અભિવ્યક્તિ દ્વારા ઘૂંટવા મથતી આ ગઝલ આશાસ્પદ રચના બની રહે છે.

વિચાર-વિશેષ

પરોપકાર

બહાદુરશાહ પંડિત

એક દિવસ અમેરિકાના પ્રમુખ શ્રી અબ્રાહમ લિંકન વ્હાઈટ હાઉસ તરફ જઈ રહ્યા હતા ત્યાં માર્ગની બાજુના એક ખાડામાં એમણે એક ભૂંડને કાદવમાં તરફડતું જોયું. પ્રમુખે પોતાનાં કપડાં બગડવાની જરા પણ દરકાર રાખ્યા વિના ખાડામાં ઊતરીને ભૂંડને બહાર કાઢ્યું. આ દૃશ્ય જોઈ એકઠા થઈ ગએલા રાહદારીઓ લિંકનની પ્રશંસા કરવા લાગ્યા. લિંકને કહ્યું: 'આમાં મારી પ્રશંસા કરવા જેવું કૈં નથી. આ ભૂંડને બચાવવામાં મેં એના પર કશો ઉપકાર કર્યો નથી, કે કશો પરમાર્થ પણ કર્યો નથી. વાસ્તવમાં તો મેં મારી જાત પર જ ઉપકાર કર્યો છે. મેં મારો પોતાનો સ્વાર્થ સાધ્યો છે. આ ભૂંડને કાદવમાં ખૂંપી જતું જોઈ મારા મનમાં થએલા દુઃખને દૂર કરવા માટે જ મેં એને બહાર કાઢ્યું છે. આમ મેં ભૂંડને નહિ પણ મારા મનમાં થએલા દુઃખને બહાર કાઢ્યું છે.'

નરસિંહ મહેતાએ 'વૈષ્ણવ જન'નાં લક્ષણો ગણાવતા પદમાં પહેલું લક્ષણ આ બતાવ્યું છે.

વૈષ્ણવ જન તો તેને રે કહીએ
જે પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તો યે
મન અભિમાન ન આણે રે.

બીજા ઉપર ઉપકાર કરવાનું કદાચ સહેલું છે પણ ઉપકાર કર્યા છતાં મનમાં એ અંગે અભિમાન ના આણવું એ ખૂબ અઘરું છે. મોટા ભાગના માણસો તો આ ગર્વ લેવા માટે જ ઉપકાર કરતા હોય છે. પ્રશંસા અને પ્રતિષ્ઠા જ પરોપકારનાં પ્રેરક બળો હોય છે.

પણ પ્રશંસા અને પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છાથી કરેલો પરોપકાર એ નામને લાયક નથી, કારણ કે એમાં તો બીજા ઉપર ઉપકાર કરીને તમે એનો બદલો મેળવી જ લો છો.

દેવો અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલતું હતું, ત્યારે વૃત્રાસુર નામના ભયાનક રાક્ષસથી થાકેલા દેવો સરસ્વતી નદીના તીરે આશ્રમ બાંધી તપ કરતા દધિચી ઋષિ પાસે મદદ માગવા આવ્યા હતા. દધિચી ઋષિ પોતે બ્રાહ્મણ હતા એટલે યુદ્ધ એમનો ધર્મ નહોતો, પણ દેવો પર અને વૃત્રાસુરના ત્રાસથી ત્રાસેલા જગત પર ઉપકાર કરવા એમણે પોતાનાં હાડકાં શસ્ત્રો બનાવવા માટે આપ્યાં હતાં. ઉપકારનું આના કરતાં વધારે જ્વલંત ઉદાહરણ આખા જગતસાહિત્યમાં બીજે ક્યાંય જોવા મળ્યું નથી.

એક સંસ્કૃત શ્લોકમાં પરોપકારી પુરુષોના પ્રકાર બતાવતાં સ્વાર્થનો ત્યાગ કરી પરોપકાર કરનાર માણસોને જ સત્પુરુષો ગણાવ્યા છે.

તે વૈ સત્પુરુષા પરાર્થઘટકા સ્વાર્થં પરિત્યજ્ય યે
સામાન્યાસ્તુ પરોપકારનિરતાઃ સ્વાર્થાવિરોધેન યે
તેઽમી માનુષરાક્ષસાઃ પરહિતં સ્વાર્થાય નિઘ્નતિ યે
યે તુ ઘ્નન્તિ નિરર્થકં પરહિતં તે કે ન જાનીમહે.

જે સ્વાર્થ છોડીને પરોપકાર કરે છે તે સત્પુરુષો કહેવાય છે, જે સ્વાર્થને ધક્કો ન લાગે તેવી રીતે પરોપકાર કરે છે તે મધ્યમ પુરુષ કહેવાય છે, જે સ્વાર્થ માટે બીજાના કલ્યાણનો નાશ કરે છે તે મનુષ્યમાં રાક્ષસ સમાન કહેવાય છે અને વિના સ્વાર્થે બીજાના કલ્યાણનો નાશ કરે છે તેને શું કહેવું એ અમે જાણતા નથી.

આમ બીજા પર ઉપકાર કરે છે એ જ આપણા શાસ્ત્રકારોની દૃષ્ટિએ સત્પુરુષ છે. કુદરત પણ આપણને પરોપકારી બનવાનો ઉપદેશ આપે છે. પરોપકારનો મહિમા દર્શાવતા એક બીજા સંસ્કૃત શ્લોકમાં કુદરતનાં પરોપકારી તત્ત્વોનો આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ
પરોપકારાય વહન્તિ નદ્યાઃ
પરોપકારાય વિભાતિ સૂર્યઃ
પરોપકારાય સતાં વિભૂષયઃ

પરોપકાર કરનારે હંમેશાં ઘસાવાનું હોય છે. વાસ્તવમાં તો પોતાનો સ્વાર્થ જતો કર્યા સિવાય કરેલો પરોપકાર સાચો પરોપકાર જ નથી. એક કવિએ કહ્યું છે કે 'જલી જાતી છો ને જીવન ધૂપસળી મ્હેંકતી મ્હેંકતી આ.' પોતે સળગી જઈને પણ બીજાને સુગંધ આપવાની અગરબત્તીની અને પોતે સળગીને બીજાને પ્રકાશ આપવાની મીણબત્તીની ભાવના મનુષ્યે જીવનમાં ઉતારવી જોઈએ.

પણ પરોપકારનો એથી ય મોટો અને ચડિયાતો આદર્શ તો એ છે કે આપણા ઉપર અપકાર કરનાર પર પણ ઉપકાર કરવો. એક કવિએ કહ્યું છે એમ–

'રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની,
સાગરના ઉરથી તો યે ઊઠશે અમીવાદળી.'

આખા જગતની ખારાશ પોતાનામાં સંઘરી બદલામાં અમૃત જેવું જળ ભરેલી વાદળીની જગતને ભેટ આપનાર સાગર જેવા પરોપકારી થવું એ સાચો આદર્શ છે.

શામળની સિંહાસન બત્રીસીની વાર્તાઓના નાયક પરદુઃખભંજક રાજા વિક્રમે પરોપકારનો આપણને કેટલો મોટો આદર્શ પૂરો પાડ્યો છે! બીજાનાં દુઃખો દૂર કરવા માટે વીર વિક્રમ કેટલાં મોટાં સાહસો ખેડે છે! છતાં એ સાહસોના અંતે મળતી વધારાની લક્ષ્મી અને સ્ત્રીને તો એ દુઃખી માણસને જ આપી દે છે.

બીજાના માટે ઘસાઈ છૂટવામાં જે નિર્વ્યાજ આનંદ મળે છે એ તો એનો અનુભવ કરનાર જ સમજી શકે. પારકાના માટે ઘસાઈને સુવાસ ફેલાવનાર ચંદનની જેમ બીજાના માટે પોતાની મહામૂલી ચીજ સમર્પી દેનાર માનવીને સ્વર્ગીય આનંદ પ્રાપ્ત થતો હોય છે.

સ્વીડનના રાજાની બહેન યુજીનીએ કરિયાવરમાં મળેલા હીરામોતીના દાગીના વેચીને એક સાર્વજનિક હૉસ્પિટલ બંધાવી હતી. રાજકુમારી જાતે એ હૉસ્પિટલમાં જઈને દરદીઓની દેખરેખ રાખતાં. એક વાર એક ગરીબ દરદી સાથે એનું કોઈ સગું નહોતું ત્યારે યુજીનીએ જાતે પાસે રહીને એની સેવા કરી. દરદી સાજો થઈને એમની રજા લેવા આવ્યો ત્યારે એની આંખમાં હર્ષનાં બે આંસુ આવી ગયાં. આનંદવિભોર બનેલાં યુજીનીએ મનોમન કહ્યું: 'સાચા હીરામોતીના અલંકાર કરતાં આ ગરીબ માણસની આંખમાં આવેલાં હર્ષાશ્રુનાં નૈસર્ગિક મોતી વધારે કિંમતી નથી?'

નર્મદે પદ્યમાં લખેલાં હિતવચનોમાં પણ એક વચન આ પ્રમાણે છે:

'તે જ મોટો જાણવો જે નિત પરઉપકારી છે.'

આમ પરોપકાર કરનારા માણસો જ જગતમાં મહાનતા પ્રાપ્ત કરી શક્યા છે. સ્વ. પ્રભાશંકર પટ્ટણીની એક કવિતા સૌ પોતાની ડાયરીમાં નોંધી રાખે તો પરોપકાર કરવાનું કદી ભુલાય નહિ.

દુઃખી કે દર્દી કે કોઈ, ભૂલેલા માર્ગવાળાને;
વિસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.
ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા;
તમારાં કર્ણનેત્રોની, ઉઘાડી રાખજો બારી
થએલાં દુષ્ટ કર્મોમાં, છૂટા જંજીરથી થાવા;
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે 'માણસ જેટલા પ્રમાણમાં બીજાઓ માટે ભોગ આપે છે એટલા પ્રમાણમાં એ પોતાના સાથીઓ કરતાં મોટો ગણાય છે. જ્યારે પશુઓના હલકા જગતમાં જે પશુ વધારેમાં વધારે પશુઓને મારી નાખી શકે છે એ સૌથી વધારે મજબૂત ગણાય છે.'

પરપીડાને પોતાની કરી લેનાર જ પ્રભુનો પ્યારો બની શકે છે. □

જોસેફ પુલિટ્ઝર

(ગતાંકથી પૂરું)

લેખક · અશોક હર્ષ

માત્ર પચીસની વયે જોસેફ પુલિટ્ઝર ઠીકઠીક માલદાર બન્યો હતો. હંગેરીમાં થોડો સમય આરામ કરી એ યુરોપના પ્રવાસે ઊપડયો. પણ અમેરિકાના મુક્ત વાતાવરણમાં રહેલા એને બીજે બધે ગૂંગળામણ જેવું લાગ્યું અને તે પાછો સેન્ટ લૂઈ પહોંચ્યો. પણ એના અખબારી જીવને અહીં પણ ચેન નહોતું પડતું. એના સાંભળવામાં આવ્યું કે સેન્ટ લૂઈનું પુરાણું જર્મન અખબાર 'સ્ટાટ્સ ત્સાઈટુંગ' વેચવાનું હતું. એણે એ ખરીદ્યું અને સારા જેવા નફાએ 'મૉર્નિંગ ગ્લૉબ'ને વેચી પણ નાખ્યું! આથી ચકિત બનેલા મિત્રોને ખુલાસો કરતાં તેણે કહ્યું કે 'ન્યુ યૉર્ક સન'માં પોતાને ખાસ ખબરપત્રી તરીકેનું સ્થાન મળતું હોઈ પોતે વૉશિંગ્ટન ઊપડી જાય છે. પણ વૉશિંગ્ટન જવાની એની ઉત્સુકતાનું સાચું કારણ જુદું જ હતું ને તે, યુરોપથી પાછા વળતાં થોડો સમય વૉશિંગ્ટનના રોકાણ દરમિયાન કેટ નામે એક છોકરી સાથે બંધાએલો સ્નેહસંબંધ.

જોસેફની કેટ સાથેની મુલાકાતો ચાલતી રહી. છેવટે બંને પરણી ગયાં અને જોસેફ કેટને સાથે લઈ પાછો સેન્ટ લૂઈ આવી પહોંચ્યો. અને પાછી કોઈ અખબારની શોધ કરવા માંડી. 'સેન્ટ લૂઈ ડિસ્પૅચ' પત્ર ત્યારે બહુ સફળ નહોતું, પણ એસોસિયેટેડ પ્રેસના સમાચાર તે મેળવતું. જોસેફે તે ૨૫૦૦ ડૉલરમાં મકાન સાથે ખરીદી લીધું. એના કહેવા પ્રમાણે 'અખબાર એ મારે મન એક જીવંત વસ્તુ છે. કોઈ પણ વ્યક્તિની માફક એ માંદું પડે કે મરી પણ જાય, પણ તેનું કારણ એ ન હોવું જોઈએ કે એની સારસંભાળ લેનારું કોઈ નહોતું.'

'સેન્ટ લૂઈ પોસ્ટ'ના માલિક જૉન ડિલને 'ડિસ્પૅચ'ના સોદાની વાત સાંભળી કે તે જોસેફને ઘેર પહોંચ્યો. લાંબી વાટાઘાટને અંતે બંને અખબારોને 'સેન્ટ લૂઈ પોસ્ટ ઍન્ડ ડિસ્પૅચ' તરીકે જોડી દેવાનું નક્કી થયું. 'પોસ્ટ'નો ફેલાવો સારો હતો જ્યારે 'ડિસ્પૅચ'ને તેનું પોતાનું મકાન ને જોઈતી બધી સાધનસામગ્રી હતી. વળી સંયુક્ત બનતા અખબારનો સમગ્ર અંકુશ જોસેફના હાથમાં રહેવાનો હતો.

અને બીજે જ દિવસે નવા પોસ્ટ-ડિસ્પૅચના પહેલા પાને પત્રની નીતિ અંગેનું આ નિવેદન પ્રસિદ્ધ કરવામાં આવ્યું: 'પોસ્ટ-ડિસ્પૅચ કોઈ પક્ષનું નહિ પણ પ્રજાનું સેવક રહેશે. એ રીપબ્લિકન પક્ષનું મુખપત્ર નહિ રહે. એ જે સાચું હશે તે જ કહેશે...એ તમામ પ્રકારનાં અનિષ્ટો અને ભ્રષ્ટાચાર સામે લડશે...'

જોસેફની દૃષ્ટિ પહેલેથી જ લોકાભિમુખ હતી. એણે લોકોમાં જે બનતું, જે ચર્ચાતું તે અખબારોને પાને ઝીલવા માંડયું. પત્રમાં એણે ચિત્રો મૂકવા માંડયાં; સાથે લોકોને વિચારતા કરે એવા લેખો પણ. એણે કરવેરાના આંકડા મૂકી સાબિત કર્યું કે ધનિક વર્ગનો હિસ્સો કરવેરામાં કેટલો ઓછો હતો અને સરકારી તંત્ર સામાન્ય પ્રજાજનોના કરવેરા પર જ નભતું હતું. બીજા કોઈ પણ અખબાર કરતાં નોખા તરી આવતા પુલિટ્ઝરના આ નવા પત્રના પહેલા જ અંકની તમામ નકલો વેચાઈ ગઈ, છતાં માગ ચાલુ રહેતાં તેણે પત્રની છેલ્લી નકલ બારીમાં લોકોને વાંચવા માટે લટકતી રાખી. લોકોને પહેલા દિવસથી જ લાગવા માંડયું કે આ તેમનું પોતાનું પત્ર હતું. જોસેફ પોતે પણ એમ માનતો અને લોકોને યોગ્ય માહિતી અને દોરવણી આપવા એ અવિશ્રાંત પ્રયાસ કરતો રહેતો. ઘણી વાર તો તે ઑફિસમાં જ સૂઈ રહેતો—પોતાની તબિયતનો કે પોતાની જરૂરિયાતનો ખ્યાલ પણ વેગળો મૂકીને.



અમેરિકાનો એક મહાન લોકાભિમુખ પત્રકાર

વર્ષને અંતે ડિલન પોતાનો હિસ્સો જોસેફને વેચી દઈ પત્રની જવાબદારીમાંથી મુક્ત થઈ ગયો. હવે જોસેફને માથે તંત્રી અને પ્રકાશક તરીકેની બેવડી જવાબદારી આવી પડી. એણે એક ચુનંદા તંત્રીની શોધ શરૂ કરી અને જૉન એ. કૉકરિલને શોધી કાઢયો. કૉકરિલ એના જેવા જ મિજાજનો અને એના જેટલો જ અનુભવી હતો. એના તંત્રીપદ નીચે પત્ર પ્રગતિ કરતું જ ગયું. જોસેફે આગલા વર્ષનો હિસાબ કાઢતાં માલૂમ પડયું કે પત્રે બધું ખર્ચ બાદ કરતાં ૮૫,૦૦૦ ડૉલરનો નફો કર્યો હતો!

આમ આર્થિક સધ્ધરતા અને કૉકરિલ જેવો તંત્રી મળતાં જોસેફે ઈ. ૧૮૮૨માં સકુટુંબ થોડોક આરામ લેવા કૅલિફોર્નિયા જવાનું નક્કી કર્યું. પરંતુ ઑક્ટોબરની ૫મીએ એક વકીલે પત્રની ઑફિસમાં ધસી આવી તેમાં પોતાની વિરુદ્ધ આવેલા લખાણ બદલ એલફેલ બોલવા માંડતાં ઉગ્ર મિજાજના કૉકરિલે તેને ગોળીએ દઈ દીધો! જોસેફને પોતાનું કૅપ્ટન ઑગસ્ટાઈન સાથેનું દ્વંદ્વયુદ્ધ યાદ આવી ગયું અને કૉકરિલને પોતાના તરફથી તમામ પ્રકારની સહાયનું વચન આપ્યું.

પરંતુ પુલિટ્ઝરના દુશ્મનોને લોકોને તેની સામે ઉશ્કેરવાનો આ મોકો હાથ લાગી ગયો ને ઉશ્કેરાએલા ટોળાએ એક રાતે એની અખબારી કચેરી પર આવી લાગી તે સળગાવી દેવા બારીઓ તોડીફોડી સળગતાં લાકડાં અંદર ફેંકવા માંડયાં! એ ભયાનક રાત્રિ પુલિટ્ઝરથી કોઈ રીતે ભુલાય તેમ નહોતી. તેને સમજ ન પડી કે લોકો તેમણે પોતાના ગણેલા પત્ર સામે આટલા ઉશ્કેરાઈ કેમ ગયા.

'કારણ કે લોકો હવે પ્રામાણિક બન્યા છે,' કૉકરિલે આનો જવાબ આપ્યો: 'કોઈની પણ હત્યા કરવી એ ખોટું જ છે; પછી તે ગમે તેના હાથે થવા પામી હોય. જંગલી પશ્ચિમ હવે બદલાઈ રહ્યું છે, જો. તેનો બંદૂક કરતાં કાનૂનમાં વિશ્વાસ વધતો જાય છે. પત્રના ભલા માટે મારે તે છોડવું જ જોઈએ.'

અને કૉકરિલ છૂટો થઈ ગયો. પરંતુ જોસેફને તેમ છતાં વાતાવરણમાં પોતાના પ્રત્યેના વિરોધની ગંધ આવતી રહી અને તેણે કેટ સાથે ન્યૂ યૉર્ક પહોંચી ત્યાંથી યુરોપના પ્રવાસે ઊપડી જવાનું નક્કી કર્યું.

પરંતુ ન્યૂ યૉર્ક આવ્યા પછી યુરોપના પ્રવાસ માટે ઉત્કંઠ બેઠેલી કેટને એક રાતે મોડામોડા પાછા ફરી એણે માઠા સમાચાર આપ્યા કે યુરોપનો પ્રવાસ માંડી વાળવાનો છે. 'પણ શા માટે? મને તો કંઈ સમજાતું નથી.' કેટ માંડમાંડ બોલી શકી.

'કારણ કે મારે અહીંથી પત્ર શરૂ કરવું છે—એવું પત્ર, જે માત્ર એક શહેર પૂરતું મર્યાદિત ન રહેતાં દેશભરમાં વંચાય. મને હવે પૈસા રળવાની બહુ નથી પડી. 'પોસ્ટ-ડિસ્પૅચ' એ રળી જ આપે છે. અમેરિકાના પ્રમુખ-પદની ચૂંટણી ગાજી રહી છે અને મારે તેમાં નિર્ણાયક બનવું છે. આજે જ સાંભળ્યું કે અહીંનું નાનકડું ડેમોક્રેટિક પક્ષનું અખબાર 'વર્લ્ડ' વેચવાનું છે. અલબત્ત, ત્રણ લાખ ડૉલરની કિંમત વધુપડતી ગણાય, પણ હું તે ચૂકવી શકું તેમ છું. આ તક મારે ઝડપવી જ રહી, કેટ; આવી તક કદાચ મળે જ નહિ.'

કેટ જોસેફની સમજાવટ પછી સહમત થઈ, એટલું જ નહિ, ઉત્સાહમાં આવી ગઈ. બીજે જ દિવસે 'વર્લ્ડ'નો સોદો પતી ગયો ને ૧૮૮૩ના મેની ૧૦મીએ જોસેફ પુલિટ્ઝરે પોતાની માલિકીના 'વર્લ્ડ'ના મકાનમાં પોતાનું આસન સંભાળ્યું.

એણે 'વર્લ્ડ'ની આગલા દિવસની આવૃત્તિ જોઈ. પછી ન્યૂ યૉર્કનાં બીજાં અખબારો જોઈ ગયો. જોતો ગયો ને નોંધો કરતો ગયો. પછી અખબારી કચેરીના બધા ખંડોમાં ફર્યો. બધું સ્વચ્છ ને સુઘડ જણાતું હતું, પરંતુ કશામાં જાણે જીવ નહોતો—ખુદ 'વર્લ્ડ'માં પણ નહિ. તરત તેણે તંત્રીને બોલાવ્યો, બધા ખબરપત્રીઓને પોતાની પાસે મોકલવા કહ્યું, ને એક કાગળ લખી કાઢી તરત જ તે પોસ્ટ કરી દેવા તેને સોંપ્યો. તંત્રી પોતાની ઑફિસમાં જઈ પુલિટ્ઝરે લખેલો કાગળ વાંચી ગયો. સેન્ટ લૂઈ મુકામે જૉન કૉકરિલ પરનો એ પત્ર હતો જેમાં જોસેફે તેને તાબડતોબ ન્યૂ યૉર્ક આવી જવા જણાવેલું.

ખબરપત્રીઓને એણે પત્રની લોકાભિમુખતાના પાઠ આપ્યા અને 'વર્લ્ડ' દ્વારા ઝુંબેશ ચલાવવા માટેના મુદ્દા ટપકાવવા માંડ્યા: ૧) ભારે કિંમતની વસ્તુઓ જે શ્રીમંત લોકો જ વાપરે છે તે પર વધુ કર નાખવો. ૨) વારસાગત મળતાં જમીન, મકાન અને મિલકત પર કર નાખવો. ૩) મોટી આવકો પર કર નાખવો. ૪) મોટા ઉદ્યોગો પર કર નાખવો. ૫) ખાસ હક્કો ધરાવતાં વેપારી જૂથો પર કર નાખવો. ૬) વિદેશથી આયાત થતી દરેક વસ્તુ પર કરવેરા નાખવા. ૭) સરકારના તમામ ખાતાંઓમાં સુધારો કરવો. ૮) અપ્રામાણિક સરકારી અધિકારીઓને શિક્ષા કરવી. ૯) મત મેળવવા પૈસા આપનારને શિક્ષા કરવી. ૧૦) માલિકો પોતે જેનો પક્ષ કરતા હોય તેવા ઉમેદવારને મત આપવા કામદારો પર દબાણ લાવનાર માલિકને શિક્ષા કરવી.

આ બધું સામાન્ય લોકોના હિતમાં જ હતું, અને 'વર્લ્ડ'ના સમાચારો અને તંત્રીલેખોએ લોકોને પ્રતીતિ કરાવી આપી કે 'વર્લ્ડ' એ ખુદ તેમની જ જબાન હતી. આ રીતે લોકોનો વિશ્વાસ સંપાદન કર્યા પછી એણે અમેરિકાના નવા પ્રમુખનો પ્રશ્ન હાથ ધર્યો. ન્યૂ યૉર્કના ગવર્નર ગ્રોવર ક્લીવલૅન્ડ પર એની નજર ઠરી અને ડેમોક્રેટિક પક્ષને તેણે ક્લીવલૅન્ડ જેવા ઉમેદવારને ઊભો રાખવા ભલામણ કરી અને તેની તરફેણમાં જોરદાર પ્રચાર શરૂ કરી દીધો. પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા પછી ક્લીવલૅન્ડે 'વર્લ્ડ'ના સક્રિય ટેકાથી ચૂંટાઈ આવ્યાનો એકરાર કર્યો. 'વર્લ્ડ' અખબાર આ રીતે રાષ્ટ્રની એક મહત્ત્વની રાજકીય સત્તા બની રહ્યું. પુલિટ્ઝરે ખરીદ્યું ત્યારે તેનો ફેલાવો ૨૨,૭૬૧ હતો તે વધીને ૩૯,૦૦૦ નકલો પર પહોંચી ગયો અને ત્યાર પછી સતત વધતો જ રહ્યો.

જોસેફ હવે લખતો બહુ ઓછું, પણ એણે અત્યાર સુધી જે અવિશ્રાંત શ્રમ કરેલો તેની અસર એના શરીર અને એની આંખો પર થવા માંડેલી. વળી એણે હવે એક પત્રમાંથી ત્રણ પત્રો બનાવ્યાં હતાં—'મૉર્નિંગ વર્લ્ડ', 'ઇવનિંગ વર્લ્ડ' અને 'સનડે વર્લ્ડ'. આ ત્રણ ત્રણ આવૃત્તિઓએ તેના બોજા અને ચિંતામાં ઉમેરો તો કર્યો જ હતો, ઉપરાંત, કૉંગ્રેસમાં ન્યૂ યૉર્ક શહેરના પ્રતિનિધિ તરીકે ચૂંટાતાં તેને વૉશિંગ્ટન જવું પડ્યું હતું.

વૉશિંગ્ટનમાં એને જાણવા મળ્યું કે ફ્રાન્સની પ્રજાએ અમેરિકાની પ્રજા-સ્વાતંત્ર્યની લડત પર ખુશ થઈ તેને ભેટ આપવા માટે સ્વાતંત્ર્યદેવીનું પૂતળું તૈયાર કર્યું હતું અને તે અમેરિકા મોકલી આપવા ઉત્સુક હતી. પરંતુ એ પૂતળું ઊભું કરવા માટેના સ્થાનની જોગવાઈ કરવામાં અમેરિકન કૉંગ્રેસ વર્ષાનુવર્ષ નિષ્ફળ નીવડતી જતી હતી. જોસેફે આ અદ્ભુત ભેટ ન્યૂ યૉર્ક લાવવાનો નિર્ણય કર્યો અને 'વર્લ્ડ' મારફત તેણે એ માટે વાચકો તરફથી ફાળાની માગણી કરી. એક લાખ ડૉલરની રકમ ફાળામાં આવતી નાનીનાની રકમો દ્વારા પૂરી થતાં વખત તો લાગે જ. પરંતુ પુલિટ્ઝર પોતાના આ પ્રયાસમાં સફળ થયો ને ૧૮૮૬ના ઑક્ટોબરમાં બેડલો ટાપુ પર એ પૂતળું આવી પહોંચ્યું ત્યારે તેના સ્વાગત માટે રાષ્ટ્રના અગ્રગણ્ય પુરુષો સાથે તે પણ ત્યાં ઉપસ્થિત હતો.

જોસેફ પુલિટ્ઝર પૈસો અને ખ્યાતિ બંને મેળવી ચૂક્યો હતો પણ એનો અખબારી માર્ગ એને માટે સરળ નહોતો, કારણ તે માનવ સમાનતાનો હિમાયતી હતો. દેશ, જાતિ કે ધર્મને કારણે કોઈ પણ વ્યક્તિને સહન કરવું પડે તેની એ વિરુદ્ધ હતો. કોઈ પણ વ્યક્તિ કે સમૂહ પ્રત્યેની તમામ પ્રકારની ક્રૂરતાની એ વિરુદ્ધ હતો. આ કારણે અન્ય અખબારોમાં એની હાંસી ઉડાવવામાં આવતી, એનાં ઠઠ્ઠાચિત્રો પ્રસિદ્ધ કરવામાં આવતાં, પણ એના પરનાં આક્રમણોનું પ્રધાન કારણ એ હતું કે એ યહૂદી હતો. પુલિટ્ઝરના 'વર્લ્ડ'ને તેઓ કોઈ પણ રીતે અખબારી દુનિયામાંથી લોપ કરી દેવા માગતા હતા.

ઈ. ૧૮૮૭ના એક દિવસે કૉકરિલ પુલિટ્ઝરની ઑફિસમાં ગયો ત્યારે તે ટેબલ પર માથું ઢાળી બેઠો હતો. અવાજ સાંભળી એણે માથું ઊંચક્યું અને એના મોઢામાંથી અરધો ચીસ જેવો અવાજ સરી પડ્યો: 'હું એક લીટી પણ વાંચી શકતો નથી, કૉકરિલ; મને દેખાતું જ નથી!'

કૉકરિલ તેને ઘેર મૂકી આવ્યો. ડૉક્ટરે આવી તેને તપાસ્યો. એણે નજર પાછી આવવાની આશા બંધાવી, સાથેસાથે બધું કામકાજ બંધ કરી દઈ આરામ લેવા જણાવ્યું. થોડીઘણી નજર પાછી આવતાં તે યુરોપ ઊપડ્યો. ત્યાં લંડન અને પારી(સ)ના ડૉક્ટરોએ પણ તેને તેની અખબારી કામગીરી બંધ કરવાની સલાહ આપી. એણે અને કેટે લાંબી દરિયાઈ સફરની તૈયારી કરી—હિંદ, ચીન, જાપાનની. પરંતુ હિંદ આવતું જહાજ ગ્રીસના એક બંદરે થોભ્યું હતું ત્યાં જોસેફે એકાએક તેના સેક્રેટરીને કહ્યું: 'કેટલું જલદી અંધારું થઈ ગયું!'

'હજુ અંધારું નથી થયું, સાહેબ.' સેક્રેટરીએ જવાબ આપ્યો.

'હં, પણ મારે માટે તો અંધારું જ થઈ ગયું છે.'

સંપૂર્ણ અંધત્વ! મુસાફરી ત્યાં જ અટકાવી દઈ આંખો રસાલો ન્યૂ યૉર્ક પાછો ફર્યો. જોસેફે તેના શરીરને અસહ્ય સજા કરી હતી. માત્ર આંખો જ નહિ, એના જ્ઞાનતંતુઓ પણ એટલા નબળા પડી ગયા હતા કે સહેજ સરખો અવાજ એનાથી સહન થતો નહિ. એણે 'વર્લ્ડ' માટે ઊભું કરવા માગેલું નવું મકાન પૂરું થવા આવ્યું હતું. કેટને તેણે કહ્યું: 'તું બાળકો પાસે રહેજે. તેમને તારી જરૂર છે. મેં આંખો ગુમાવી છે, મગજ પણ તેની શક્તિ ગુમાવી બેઠું છે. મારે મારી નવી જિંદગી બનાવવાની છે.'

ઈ. ૧૮૯૦ના ઑક્ટોબરની ૧૬મીએ 'વર્લ્ડ'ના પહેલા પાને જાહેરાત પ્રસિદ્ધ થઈ: 'મિ. જોસેફ પુલિટ્ઝર એમના ડૉક્ટરોના આદેશને

પુલિટ્ઝર પારિતોષિક

પુલિટ્ઝર પારિતોષિકનું અમેરિકન સાહિત્ય-વર્તુળોમાં આગવું મહત્ત્વ છે. અમેરિકાના સાંસ્કૃતિક જીવનમાં તેની સારી એવી પ્રતિષ્ઠા છે. એ ઈનામના વિજેતા લેખક, કવિ કે સંગીતકારને વિશ્વવિદ્યાલયો વ્યાખ્યાનો માટે આમંત્રે છે; ને જો તે વિજેતા શિક્ષક કે પ્રાધ્યાપક હોય તો તેને કીર્તિ અને પૈસો બન્ને વધુ પ્રમાણમાં મળવા માંડે છે. વિવેચકો આવા વિજેતાઓને શિષ્ટ સાહિત્યના લેખકોની ગણનામાં લેવા માંડે છે; તેમની કૃતિઓ સાંસ્કૃતિક અને સાહિત્યિક પત્રોમાં ચર્ચાવા લાગે છે.

આ ઈનામની સ્થાપના પાછળ જોસેફ પુલિટ્ઝરની નેમ અખબારી ધંધાને પ્રતિષ્ઠા અર્પવાની હતી. પત્રકારિત્વ પણ ઉચ્ચ બૌદ્ધિક ધંધાઓમાંનો એક વ્યવસાય છે તેમ તેઓ માનતા.

આ ધ્યેયથી તેમણે ૧૯૦૩માં કોલમ્બિયા યુનિવર્સિટીને વીસ લાખ ડૉલર પત્રકારત્વની કૉલેજ સ્થાપવા માટે આપ્યા હતા અને તેમાંથી પાંચ લાખ ડૉલર 'સમાજ સેવા, સમાજનાં નૈતિક મૂલ્યો, અમેરિકન સાહિત્ય અને શિક્ષણ-પ્રગતિ' માટે ઈનામો આપવા જુદા રાખ્યા હતા. ઈ. ૧૯૧૭થી આ પારિતોષિકો આપવાનો આરંભ થયો. ઈ. ૧૯૪૩માં પુલિટ્ઝર પારિતોષિકના ટ્રસ્ટીઓએ સંગીત માટેનું પણ એક ઈનામ વધાર્યું. આમ, દર વર્ષે પત્રકારત્વ, નવલકથા, નાટક, ઇતિહાસ, આત્મકથા, કવિતા અને સંગીત, એમ કુલ સાત જુદાજુદા વિષયોમાં તે અપાય છે.

તે કોને આપવું તે નક્કી કરવાની યોજના ગૂંચવણભરી છે, પણ તેમાં નિર્ણયાત્મક અવાજ કોલમ્બિયા યુનિવર્સિટીની પત્રકારત્વની કૉલેજની સલાહકાર સમિતિનો રહે છે. આથી જ્યારે ઈનામો જાહેર થાય છે ત્યારે ઘણી વાર સંતોષ-અસંતોષના મિશ્ર પ્રત્યાઘાતો પણ પ્રકટે છે.

છેલ્લાં સાઠ વર્ષથી આ પારિતોષિકો અપાતાં હોવાથી લગભગ દરેક ખ્યાતનામ સાહિત્યકાર કે કલાકારને વહેલો યા મોડો ન્યાય મળી રહે છે. કેટલાકને તો આ ઈનામો બે, ત્રણ કે ચાર વખત પણ મળેલાં છે. અને છતાં થીઓડોર ડ્રેઈઝર, સ્કૉટ ફીટ્ઝિરાલ્ડ, જ્હૉન દોસ પૅસૉસ, એડમન્ડ વિલ્સન વગેરે જેવા નહિ મળેલા અપવાદો પણ છે.

વિજેતાઓની નામાવલી જોતાં જ જણાઈ આવે કે આ ઈનામોમાં પત્રકારત્વના ધંધાને વધુ મહત્ત્વ અપાય છે. પ્રેસ ફોટોગ્રાફર કે સારા કાર્ટૂનિસ્ટોને પણ આ ઈનામ મળેલું છે. ઈનામો નક્કી કરવા પાછળ સાહિત્યિક મૂલ્યો કરતાં જનસમુદાયની લોકપ્રિયતાનાં મૂલ્યો પર વિશેષ ધ્યાન અપાય છે. માર્ગારેટ મિચેલની નવલકથા 'ગૉન વિથ ધ વિન્ડ'ને આ ઈનામ અપાયું છે જ્યારે જ્યૉર્જ સાન્તાયનના 'ધ લાસ્ટ પ્યૂરિટન'ને નથી મળ્યું.

વળી, નૈતિક મૂલ્યો માટે સાહિત્યિક કક્ષાના ભોગે પણ વધુપડતો આગ્રહ, એ આ ઈનામોની એક બીજી મર્યાદા છે. પરિણામે સારાસારા લેખકો આ ઈનામથી વંચિત રહી જાય છે. રમૂજમાં એમ પણ કહેવાય છે કે 'આ ઈનામ બે જ જાતની વ્યક્તિઓને મળે છે: એક તો જે લોકો ઈનામને લાયક ન હોય તેમને અને બીજા જેમને આ ઈનામની જરૂરત ન હોય. દાખલા તરીકે સમર્થ નવલકથાકાર વિલિયમ ફૉકનેરને આ ઈનામ બે વખત મળેલું પણ બન્ને ઈનામો તેને ૧૯૪૯માં નૉબેલ પારિતોષિક મળ્યા બાદ અપાયાં હતાં,—અને બન્ને ઈનામો, અમુક વિવેચકોના મત મુજબ, તેની નબળી કૃતિઓને મળેલાં!

પરંતુ આવી ઉપરછલ્લી ત્રુટીઓ બાદ કરતાં એક હકીકત તો સ્પષ્ટ રીતે ઊપસી આવે છે કે આ પારિતોષિક મેળવવાની ઝંખના દરેક સાહિત્યકારને રહે છે જ. તેમજ પત્રકારિત્વ તથા સાહિત્ય-જગતમાં પુલિટ્ઝર પારિતોષિકની એક આગવી પ્રતિભા છે. —પી. પી. મહેતા

અનુસરી 'વર્લ્ડ'ના તંત્રીપદેથી મુક્ત થયા છે...' અને એ પછીના થોડા જ દિવસોમાં જોસેફ તેની બોટ 'રોમોલા'માં ન્યૂયૉર્કનું બારું છોડી ગયો. 'વર્લ્ડ'નો ફેલાવો ત્યારે રોજના અઢી લાખ પર પહોંચી ગયો હતો. તંત્રીપદની જવાબદારી કૉકરિલે સંભાળી લીધી હોઈ તેને નિરાંત હતી. પરંતુ પ્રકાશક તરીકે અંધ, બીમાર અને પોતાના કુટુંબ અને દેશથી દૂર પડેલા પુલિટ્ઝરની દોરવણી ચાલુ હોઈ ૧૮૯૬ સુધીમાં તો 'વર્લ્ડ'નો ફેલાવો અમેરિકાના ત્યારના સર્વ અખબારોને ટપી ગયો!

પરંતુ એ જ વર્ષમાં બીજું એક હરીફ પત્ર ઊભું થયું. તે ઊભું કરનાર હતો વિલિયમ રૅન્ડૉલ્ફ હર્સ્ટ, જે એકવાર 'વર્લ્ડ'માં કામગીરી બજાવી ચૂકેલો. 'વર્લ્ડ'ને એ અમેરિકાનું શ્રેષ્ઠ અખબાર ગણતો અને પોતાની માલિકીનું એવું પત્ર ઊભું કરવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતો. તેણે ન્યૂયૉર્કનું એ વખતનું તદ્દન મામૂલી પત્ર 'મૉર્નિંગ જર્નલ' ખરીદ્યું અને પોતાની તમામ શક્તિ અને નાણાં તેમાં યોજી એણે 'વર્લ્ડ' સાથે એવી હરીફાઈ શરૂ કરી કે જેવી અખબારી હરીફાઈ અમેરિકાએ કદી જોઈ ન હતી.

પણ આ હરીફાઈ ધીમે ધીમે 'પીળા પત્રકારત્વ' ભણી જવા માંડતાં પુલિટ્ઝરે એ હરીફાઈ બંધ કરાવી મહાન પ્રશ્નો માટે લડવાના 'વર્લ્ડ'ના જુસ્સાને પુનઃ જાગ્રત કર્યો, અને ૧૯૦૮માં એણે એની જિંદગીની મોટામાં મોટી લડત આપી, સાથે જિંદગીમાં મોટામાં મોટો દુશ્મન ઊભો કર્યો: અમેરિકાના પ્રમુખ થીઓડોર રૂઝવેલ્ટે પનામાની નહેર શરૂ કરવાના હક્કો ફ્રેન્ચો પાસેથી, તેમણે એ કામ પડતું મૂકતાં, ખરીદી લીધા હતા, અને એ બદલ ચાર કરોડની રકમ ચૂકવી હતી. પુલિટ્ઝર પનામાની નહેર માટે સર્વથા સંમત હતો, પરંતુ રૂઝવેલ્ટે ચાર કરોડની રકમ કોને ચૂકવી તેનો એણે ખુલાસો માગ્યો. પુલિટ્ઝરે મેળવેલી માહિતી પ્રમાણે એ પૈસા મેળવનારાઓમાં ક્રૉમવેલ, જે. પી. મૉર્ગન અને ખુદ રૂઝવેલ્ટનો એક કુટુંબી પણ હતા. આ આક્ષેપ સામે રૂઝવેલ્ટે ૧૯૦૯માં કૉંગ્રેસની દાદ માગી અને કૉંગ્રેસે પુલિટ્ઝર અને 'વર્લ્ડ' સામે કાયદો પસાર કર્યો. પરંતુ પુલિટ્ઝરની લડત કશા અંગત સ્વાર્થની ન હોઈ તેણે આ સામે અદાલતનું શરણું લીધું. અને અદાલતે જાહેર હિતના પ્રશ્નો ચર્ચવાના અખબારી સ્વાતંત્ર્યને માન્ય રાખ્યું. પુલિટ્ઝરનો વિજય એ સમગ્ર અખબારી જગતનો વિજય હતો.

ઈ. ૧૯૧૦ની સાલ. પુલિટ્ઝર હવે ૬૩ની ઉંમરે પહોંચ્યો હતો. નજર ગુમાવી ચૂકેલો એ સ્પર્શ અને શ્રવણથી પોતાનું કામ ચલાવવાને ટેવાઈ ગયો હતો. તેના સફેદરંગી જહાજમાં તેનો મિત્ર જાબિઝ ઈ. ડનિંગહામ તે દિવસનાં છાપાં મોટેથી વાંચી રહ્યો હતો અને પુલિટ્ઝર તે સાંભળી રહ્યો હતો. એકાએક ડનિંગહામને અટકાવતાં એણે કહ્યું: 'આજે હવે છાપાં નહિ; બીજું કામ મેં વિચારી રાખ્યું છે. બધાને અહીં બોલાવો.'

ડનિંગહામે તમામ સેક્રેટરીઓને બોલાવ્યા. બધા આવી જતાં પુલિટ્ઝર તેમને સંબોધીને બોલ્યો: 'સજ્જનો, હું આજે મારું વસિયતનામું તમારી આગળ રજૂ કરવા માગું છું.'

સૌના ચહેરા પર લીંપાએલા આશ્ચર્ય વચ્ચે પુલિટ્ઝરે વસિયતનામાની નકલ ડનિંગહામના હાથમાં સોંપી અને તેણે વાંચવાનું શરૂ કર્યું. વસિયતનામામાં તેણે દસ લાખ ડૉલર ન્યૂયૉર્કની ફિલહાર્મોનિક સોસાએટીને, દસ લાખ ડૉલર મેટ્રોપોલિટન મ્યૂઝિયમ ઑવ આર્ટને, અને પચીસ હજાર ડૉલર ટૉમસ જેફર્સનનું પૂતળું ઊભું કરવા માટે ફાળવેલા.

પોતાના પ્રાણપ્રિય પત્ર 'વર્લ્ડ' માટે તેણે જણાવ્યું હતું: 'તેના માટે હું પૂરતા પૈસા મૂકતો જાઉં છું. મારી જિંદગીનો અંત આવી રહ્યો છે. પણ 'વર્લ્ડ'ની જિંદગીનો અંત ન આવવો જોઈએ. પત્રકારત્વ જ મારો પ્રાણ છે, અને અમેરિકાને પોતાના હક અને જવાબદારીથી સભાન પત્રકારો મળી રહે એ માટે કોલંબિયા યુનિવર્સિટીને પત્રકારત્વની શાખા ચલાવવા વીસ લાખ ડૉલર આપતો જાઉં છું. તંત્રીલેખ, (અનુ. પૃ. ૬૨)

સહરામાં સાહસ

એ દુર્ગમ રણપ્રદેશના સાડા સત્તરસો માઈલ વીંધીને એક પરિવારે કરેલા ખતરનાક પ્રવાસની રોમાંચક સાહસકથા

વિલિયમ બાઈકના અંગ્રેજી પુસ્તક 'ડેરિંગ એન્ટરપ્રાઈઝ' ઉપરથી

લેખક

બી. જે. કાપડી

ઈ. ૧૯૫૩થી જ અમને લાંબા લાંબા પ્રવાસો ખેડવાનો શોખ લાગ્યો હતો. આ દરમિયાન અમે રણપ્રદેશોના પણ ઘણા પ્રવાસો કરી ચૂક્યાં હતાં. દક્ષિણ અમેરિકાની પેરુવિયન મરુભૂમિ, દમાસ્કસ ને બગદાદ વચ્ચેનો રણપટ્ટી અને લીબિયાનો રણપ્રદેશ અમે પસાર કરી ચૂક્યાં હતાં.

મરુપ્રદેશના આ નાનાનાના અનુભવો પછી હવે અમે કોઈ મોટો અનુભવ લેવા ઇચ્છતાં હતાં. અમારી નજર નકશામાં આવેલા સહરાના વિશાળ રણપ્રદેશ પર સ્થિર થઈ ગઈ. સહરાનો રણપ્રદેશ પોતાના ખતરાઓ માટે કુખ્યાત છે.

અમારી મહત્ત્વાકાંક્ષા સહરાના રણપ્રદેશને પસાર કરી લેવાની જ નહોતી, અમે તો રેતીમાં ચાલે તેવું એક વહાણ બનાવીને આ રેતીના સમુદ્ર પર તરવા માગતાં હતાં! અહીં હું તમારી આગળ આ 'રેતીનું વહાણ' કેવું હોય છે તેનું થોડું વર્ણન કરી દઉં. એક તરાપો બનાવીને તેને રબ્બરનાં ટાયરવાળાં ચાર પૈડાં જોડી દેવાનાં. અને તરાપા પર સઢ ચઢાવી દેવાનો. પછી રણપ્રદેશમાં ફૂંકાતો જોરદાર પવન આ સઢને ફુલાવી દઈને તેને રેતીમાં આગળ ધકેલે છે.


અમો કુલ પાંચ જણ હતાં. એક તો હું પોતે, બીજી મારી મહેનતુ પત્ની અને બાકીનાં ત્રણ મારાં બાળકો : બાર વર્ષની માર્જો, દસ વર્ષનો જેરી અને સાત વર્ષનો કૉડી. ફોટોગ્રાફીનો એક મોબાઈલ સ્ટૂડિયો અમે હમેશાં અમારી સાથે રાખીએ છીએ. અમે જ્યાં પણ જઈએ છીએ, ત્યાં ફિલ્મો ઉતારીએ છીએ અને ફોટો પણ લઈએ છીએ. એ ફિલ્મના ડેવલપિંગ અને પ્રિન્ટિંગની કળા મારી પત્નીએ સારી રીતે હસ્તગત કરી લીધી છે. ઍમૅઝૉનનાં જંગલોમાં, તોફાની સમુદ્રોની છાતી પર કે ઍન્ડીઝ પર્વતનાં બારેક હજાર ફૂટ ઊંચાં શિખરો પર, એમ દુનિયાની વિચિત્રમાં વિચિત્ર જગ્યા પર મારી પત્નીએ ફિલ્મ-રોલ ડેવલપ કર્યા છે.

પ્રવાસ નાનો હોય કે મોટો, ખતરનાક હોય કે સરળ, બાળકોને અમે હમેશાં અમારી સાથે જ રાખીએ છીએ. મિત્રો અને સંબંધીઓએ ઘણી વાર આ માટે અમને ટોક્યાં છે કે અમે બાળકોને બિનજરૂરી રીતે ખતરામાં નાખતા રહીએ છીએ. મારો જીવ તો હું હથેળી પર રાખીને ફર્યા કરું છું, સાથે તેમના જીવને પણ જોખમમાં મૂકી દઉં છું. પણ મને પૂરો વિશ્વાસ છે કે મોટાં શહેરોમાં છાશવારે જે દુર્ઘટનાઓ બન્યા કરે છે તેની સરખામણીમાં રણપ્રદેશો, જંગલો કે સમુદ્રો વગેરેના ખતરા કંઈ વિસાતમાં નથી. નિઃશંક, આમાં અપવાદોની પૂરી શક્યતા છે, જેનો હું ઈન્કાર કરતો નથી.

કેટલાક પ્રવાસોમાં મારે ખૂબ જ હેરાન પણ થવું પડ્યું છે, અને એવા પ્રસંગે મારા મનમાં એવી ભાવના પેદા થયા વિના રહી નથી કે બાળકોને સાથે ન લીધાં હોત તો સારું થાત! પણ આ ભાવના તુરત જ મારા મનમાંથી લુપ્ત થઈ જાય છે અને હું એવા આત્મસંતોષથી પુલકિત બની ઊઠું છું કે હું મારાં બાળકોને સાહસના એવા સંસ્કાર આપી રહ્યો છું, જે તેમને ફક્ત મારી પાસેથી જ મળી શકે.

રજાઓ ગાળવા માટે લોકો ઘણી વાર એવી રીતે નીકળી પડે છે, જાણે કે તેઓ યુદ્ધમાં હારીને કોઈ શાંત સ્થળ શોધીને સંતાઈ જવા માગતા હોય. પણ અમે તો શેફર્ડ છીએ ને અમારી એ પ્રણાલિકા રહી છે કે જ્યારે પણ રજાઓ મળે ત્યારે કોઈ રોમાંચક ને જ્ઞાનવર્ધક પ્રવાસે ઊપડી જવું. મેં જણાવ્યું તેમ આ રજાઓમાં અમે સહરાના રણપ્રદેશનો પ્રવાસ યોજ્યો હતો અને તે પણ અમારા 'રેતીના વહાણ'માં!

મધ્ય અને દક્ષિણ અમેરિકાના રેતાળ પ્રદેશો હું આવા સઢવાળા



પશ્ચિમ સહરાની મરુભૂમિમાં શેફર્ડ પરિવારનો પ્રવાસમાર્ગ

વહાણમાં બેસીને કેટલીયે વાર પસાર કરી ચૂક્યો હતો. પેરુ, સીરિયા અને લીબિયાના રણપ્રદેશો પર પણ મારા વહાણનાં પૈડાં ફરી ચૂક્યાં હતાં.

રેતી પર દોડતાં વહાણની રમતો ઇંગ્લૅન્ડ, બેલ્જિયમ અને કૅલિફૉર્નિયામાં કેટલાંયે વરસોથી બહુ લોકપ્રિય છે. યુ.એસ.એ.ના પશ્ચિમ ભાગમાં કેટલાં યે સરોવરો સુકાઈ ગયાં છે. તેના રેતાળ તળ પર સઢ-પૈડાંવાળાં વહાણોની દોડ-સ્પર્ધાઓ અવારનવાર યોજાતી રહી છે. આવું વહાણ કલાકના નેવું માઈલની ઝડપે દોડયાના વિક્રમો નોંધાયા છે, પણ જ્યાં સુધી સહરાના રણપ્રદેશને લાગેવળગે છે, ત્યાંસુધી વહાણ દ્વારા તેને ઓળંગવાનો અમારો પ્રયાસ દુનિયાનો પ્રથમ પ્રયાસ હતો.

યોજનાઓ ઘડવી જેટલી સહેલી છે તેટલું જ મુશ્કેલ તેનો અમલ કરવાનું છે. આજે તો સહરામાં આ પ્રકારનો પ્રવાસ શક્ય રહ્યો નથી, કારણ કે સમગ્ર ઉત્તર આફ્રિકામાં અરબ રાષ્ટ્રીયતાનું મોજું ફરી વળ્યું છે ને જ્યાં એક કાળે ફ્રેંચોનો કબજો હતો ને જ્યાં અમને સમય સમય પર રોકાવાની સગવડ મળી હતી એ બધાં જ સ્થળો હવે એવું રૂપ ધારણ કરી ચૂક્યાં છે કે ત્યાં ફક્ત વિમાન દ્વારા જ પ્રવાસ કરી શકાય.

સહરાનો રણપ્રદેશ પસાર કરવા માટે જ્યારે અમે આવી પહોંચ્યાં ત્યારે શિયાળો હતો. ઉત્તર મોરોક્કોના અધિકારીઓ તથા મરુ-સ્થળોમાં ચોકીપહેરો રાખતી 'વાદળી ટુકડીઓ' અને આ મહાયાત્રાની અનુમતિ મળે તેવું બિલકુલ ઇચ્છતી નહોતી. પણ અમે જિદ પકડી અને લાગતાવળગતા બધા અધિકારીઓ આગળ દલીલો કરીકરીને તેમના ગળે અમારી વાત ઉતારી દીધી. આખરે અમને અનુમતિ તો મળી ગઈ, પણ ડિપૉઝિટ તરીકે અમારે ઘણી મોટી રકમ જમા કરાવવી પડી.

અધિકારીઓએ અમારી આગળ શરત મૂકી કે વહાણ ઉપરાંત અમારી બે મોટરકાર પણ સાથે રાખવી જ, જેથી મુસીબત આવી પડતાં અમને એ કામ લાગે. અધિકારીઓના મત મુજબ રેતી પર સરતું અમારું વહાણ એક 'વિચિત્ર વાહન' હતું, જેના પર વિશ્વાસ મૂકી ન શકાય. અમે અધિકારીઓના આ મતનો વિરોધ કર્યો નહિ. અમે તેમને અમારા વહાણનો સઢ પણ બતાવ્યો નહિ. અઠ્ઠાવીસ ફૂટ લંબાઈનો એ સઢ અમે વહાણના એક ખૂણામાં સંતાડી દીધો હતો. અંતિમ

સમ સંવેદનાની એક સત્યકથા

ભિખારી

લેખક • મુકુન્દરાય પારાશર્ય

અમે શિહોર રહેતાં તે વખતમાં, ઈ. સ. ૧૯૩૫માં રાતે જમી રહ્યા પછી નિત્યક્રમ મુજબ કોઈ એક ગ્રંથમાંથી વાચન થયા પછી આનુષંગિક વાતો થતી. તેવી વાતોમાં એક રાતે, માણસે પોતાની પાસે જે કાંઈ હોય તે વડે બીજાને સહાય કરવી જ જોઇએ, કોઈ ભૂખ્યાને ખાવા દીધા વગર ઘરઆંગણેથી પાછું ન વાળવું જોઈએ, કોણ કેવી સ્થિતિમાં આવી પડવાથી માગવા નીકળ્યું હશે, આપણે એ સ્થિતિમાં મુકાઇએ તો શું થાય એ વિચારવું જોઇએ, એ સમજાવતાં પૌરાણિક દૃષ્ટાંતો દેવા ઉપરાંત મારાં મોટીબાએ નીચેની વાત કહી:

જામ રણમલના વખતમાં (ઈ. સ. ૧૮૨૦ થી ૧૮૫૨) જામનગરમાં કરશનદાસ નામે વૈષ્ણવ વાણિયા હતા. પૈસેટકે સુખી હતા. ધરમબુદ્ધિ નહિ એવું નહિ, પણ ધાર્મિક ન ગણાતા. જીવ ધંધામાં, ધર્મમાં નહિ. એને ત્રણ દીકરી પણ દીકરો એકે નહિ. દીકરીઓને પરણાવી સાસરે વળાવી દીધેલી. એ વખતમાં હાલારમાં ભારે દુકાળ પડેલો. ઢોર ને માણસો ભૂખે મરી જતાં. ઉનાળો હતો. એક બપોરે ઘેર આવી કરશનદાસ જમવા બેઠા. અરધું જમ્યા હશે ત્યાં ફળીમાં એક ભિખારી આવ્યો. સાથે સાત આઠ વરસનો છોકરો હતો. શેઠ કે શેઠાણીએ જવાબ ન દીધો; જમતાં'તાં તેમ જમ્યા કર્યું. પણ એમની નજર રસોડામાંથી સાવ નીચું જાળિયું હતું ત્યાંથી ફળીમાં હતી. ફળીમાં વડી પાડીને ખાટલા પર સૂકવવા મૂકી'તી. તેની પાસે જ ભિખારી ઊભો'તો. એ થોડીથોડી વારે ધીમે અવાજે માગતો હતો. પેલો છોકરો વડી તરફ હાથ કરી કંઈક કહેતો'તો, ને તેને એ કંઈક સમજાવતો'તો. દાદ ન મળવાથી થોડી વારે ભિખારી ઢસરડાતે પગે પાછો વળ્યો ને ડેલી બહાર ગયો. જમી ઊઠી, ફળીમાં ચણુ દેતાં પહેલાં ઓટે કળશો મૂકી શેઠ ડેલી વાસવા ગયા ને બહાર જોયું તો ડેલી આગળ જ ભિખારી ઢગલો થઈ પડેલો, ને છોકરો તેને ઢંઢોળી ઉઠાડતો'તો. શેઠે કહ્યું કે ઊઠ, ઊઠ! અહીંથી જા! આહીં શું છે? બે-ત્રણ વાર કહ્યું હશે. ત્યાં એ જ વખતે કોઈ શેરીમાંથી નીકળેલું. તેણે જોઇને કહ્યું કે એને કાંઈક થયું લાગે છે. આંખ ફાટી રહી છે. શેઠે જોયું તો ભિખારી મરી ગયો'તો!

છોકરા પાસેથી શેઠે જાણ્યું કે ગુજરનાર એનો બાપ હતો, ને એની મા ને બે નાનાં ભાંડરડાં ગામને તળાવે ઝાડ નીચે છે. ભિખારીના મડદાને પોતાની ઓસરીને ઓટે સુવડાવી, તળાવકાંઠે જઈ એનાં સ્રીબાળકોને શેઠ ઘેર તેડી લાવ્યા. બ્રાહ્મણ છે એમ જાણ્યું એટલે ઓળખીતા બ્રાહ્મણોને બોલાવી વિધિપૂર્વક અંત્યેષ્ટિ ક્રિયા કરાવી. શેઠને જાણવા મળ્યું કે કાલાવાડ પાસેના એક નાના ગામનો રહીશ એ બ્રાહ્મણ હતો અને દુકાળનો માર્યો સકુટુંબ ભીખવા નીકળેલો. પૂછવાથી શેઠને છોકરા પાસેથી જાણવા મળ્યું કે એમને ત્યાં માગવા આવેલ ત્યારે છોકરાએ બાપને પૂછેલું કે આટલી બધી વડી છે તો તેમાંથી થોડીક લઉં? ત્યારે બાપે જવાબ દીધેલો કે બેટા, કોઈની ચીજ થોડીકે એમ ને એમ જાતે ન લેવાય; આપે તો જ લેવાય. શેઠે પોતે રસોડાની જાળીમાંથી એ જોએલું પણ ખરું કે છોકારાએ વડીને હાથ પણ નહિ અડાડેલો.

શેઠે સાથે જઈ એ કુટુંબને એના ગામ ભેગું કર્યું. એકાદ માસનો દાણો ને બે રૂપિયા રોકડા આપ્યા. પણ એ ગામ છોડતાં પહેલાં શેઠને વધુ માહિતી મળી કે મરનાર બ્રાહ્મણ ખરો બ્રાહ્મણ કહેવાય તેવો પવિત્ર, ધાર્મિક, પરગજુ હતો. એને આંગણેથી અતિથિ પાછો ન જતો. ઘર બ્રાહ્મણનું હતું, સંપત્તિ ન હતી. તેમાં દુકાળ આવવાથી લોકો ક્રિયાકાંડ ન કરાવતા હોવાથી તેમાંથી મળતી દક્ષિણા બંધ થઈ. છતાં પોતાની પાસે ઘરમાં ખાવાનું કાંઈ જ ન રહ્યુ ત્યાં સુધી એ આંગણે આવેલાને આપ્યા પછી પોતે જમતો. 'દુકાળનો વખત છે એ ખયાલ તો રાખો', એમ સ્રી કહેતી ત્યારે એ જવાબ દેતો કે 'દુકાળમાં માણસને શું થાતું હશે એ ખયાલ રાખીને વર્તું છું. ભગવાન બધું સારું જ કરશે.' છેવટ કાંઈ ન રહ્યું, ઠામવાસણ વેચી માર્યા પછી યે કોઈ ઉપાય ન રહ્યો ત્યારે 'જામનગર તો છોટી કાશી છે, ત્યાંના લોકો દયાળુ હશે' એ ભરોસે માગી ખાવા છ-આઠ દિવસથી એ જામનગર આવેલો. થોડું મળ્યું તેમાંથી છોકરાંને ખવડાવેલું. આગલે દિવસે કોઇએ સ્રીને પણ જમાડેલી. પણ પુરુષ થોડા દિવસથી સાવ ભૂખ્યો હતો. નબળાઈ પણ ઘણી હતી.

આ સાંભળી શેઠના મનમાં શું થયું હશે એ શેઠ જ જાણે. તેણે એ કુટુંબને છએક માસ ચાલે તેટલું ઘરમાં વધુ અનાજ નંખાવી દીધું ને કાલાવાડમાં પોતાના કોઈ ઓળખીતાને ભલામણ કરી, એ કુટુંબની સંભાળ રાખવા અમુક રકમ સોંપી, અને પોતે ત્રણ-ચાર દિવસમાં જ પોતાનું ઘર છોડી ગયા. એનાં વહુએ અરજ કરી ત્યારે તેણે કહ્યું કે કર્મનો દંડ ભોગવ્યા વગર છૂટકો નથી. ઘરનો બટકું રોટલો ખાઈ શકું એવી આ જીવમાં હવે ત્રેવડ નથી. એ સાધુવેષે શ્રીનાથજી તરફ નીકળી ગયા. સગાં અને ઓળખીતાંમાંથી બે જણ સાથે ગયા, સમજાવીને થોડે દા'ડે પાછા લાવ્યા. એ લોકો કહે તે સાંભળી લે, પણ દાદ ન દેતા; તેમ તેઓ કંઈ ખરીદી લાવે કે લઈ આવે તે ન જ ખાતા, જાતે ભીખીને ખાતા, અને આમ જતાં એક રાતે એમને ઊંઘતા મૂકી શેઠ નીકળી ગયા તે નીકળી ગયા, એનો ક્યાંય કદી પત્તો લાગ્યો નહિ. □

ચકાસણી વખતે ફ્રેંચ લશ્કરના એક અધિકારીએ સઢના પાટડા તરફ શંકાભરી નજરે જોતાં કહેલું પણ ખરું, 'વાયરલેસનો સંદેશો મોકલવા માટે આ એરીઅલ વધુપડતું લાંબું નથી લાગતું?' અમે હસીને રહી ગયાં.

પ્રવાસે નીકળતાં પહેલાં અમે તાંજિયરમાંથી એક જીપની વ્યવસ્થા કરી લીધી. અમે એક જૂની-પુરાણી ફૉક્સવૅગન-સેવન કાર પણ ખરીદી લીધી, જેથી અમારું ખાનગી 'સુરક્ષા દળ' અધૂરું ન રહે.

સહરાનો રણપ્રદેશ ઓળંગવા માટે અમે જે રસ્તો પસંદ કર્યો તે તિશિતથી શરૂ થઈને, સ્પૅનિશ સહરાની સમાનાંતર, મોરિન્તાનિયામાંથી પસાર થઈને સેનેગલ પહોંચતો હતો. આ લાંબો રસ્તો 'ટ્રાન્સ-સહરા રૂટ' તરીકે ઓળખાતો. અન્ય રસ્તાઓની સરખામણીમાં તેને ઓછો જોખમકારક માનવામાં આવતો હતો, કારણ કે તે રેતાળ માર્ગમાં વચ્ચે વચ્ચે કેટલાં યે મરુદ્યાનો—ઓએસીઝ—અને ઠીકઠીક કહી શકાય તેવી વસતિવાળાં કેટલાંક ગામડાંઓ પણ આવતાં હતાં.

આ માર્ગે જતાં ઘણા પ્રવાસીઓ કમોતે માર્યા ગયા હતા, એ વાત કોઈથી અજાણી નહોતી. થોડા જ દિવસો પહેલાં એક અંગ્રેજ દંપતીએ ત્યાં મૃત્યુનું આલિંગન લીધું હતું. તેઓ એક નાનકડી કાર લઈને પ્રવાસે નીકળ્યાં હતાં. કમનસીબે રસ્તો ચાતરી ગયાં દરમિયાન તેમને એટલી બધી તરસ લાગી કે કારના રેડીએટરનું પાણી પણ તેમણે પી લીધું અને તરસ ન છીપી તો બૅટરીનો ઍસિડ પણ ગટગટાવી ગયાં હતાં! આથી સહેજે અનુમાન થઈ શકશે કે મરુસ્થળની તરસ કેટલી ભયંકર હોય છે!

આ રસ્તાની પસંદગી અમે એટલા માટે કરી હતી કે અમારી આ મહાયાત્રા પૂરી થતાં અમે ડાકર પહોંચી જઈએ. ત્યાં મારે કેટલુંક કામ પતાવવાનું હતું.

તાંજિયરથી નીકળીને અમે ઉત્તર આફ્રિકાનો આંતરરાષ્ટ્રીય ઝોન પસાર કર્યો અને મૉરોક્કો થઈને અદાગીર આવી પહોંચ્યાં. અહીં અમે ડિપૉઝિટની એ રકમ પાછી મેળવી, જે અમે કોઈ મુસીબતમાં મુકાઈ

જઈએ તો તેમાંથી છુટકારો કરાવવાની ફી તરીકે ફ્રેંચ સરકારે અમારા પાસેથી આગોતરી વસૂલ કરી હતી. ડિપૉઝિટ પરત લેવા ઉપરાંત અમારે નોકરશાહીની બીજી અનેક યાતનામય ઔપચારિકતાઓમાંથી પસાર થવું પડયું. એમ લાગતું હતું કે કોઈ અમને આ પ્રવાસ કરવાની અનુમતિ આપવા માટે ખુશી જ નહોતું, પણ અમે અનુમતિ મેળવીને જ જંપ્યાં.

અદ્રાગીરથી તિશિંત સુધીનો રસ્તો પાકો છે. આગળ, મહિનાઓ સુધી અમને આવો પાકો રસ્તો ક્યાંય મળવાનો નહોતો. તિશિંતથી મરુભૂમિમાં પ્રવેશીને ડાકર પહોંચવા માટે અમારે ૧,૭૫૦ માઈલનું અંતર કાપવાનું હતું, જે કોઈ પણ ક્ષણે અમારા પ્રાણ લઈ શકે તેમ હતું.

તિશિંતથી સહરાના કિનારા સુધી પહોંચવા માટે જે કાચો રસ્તો છે, તે ઍટલાસ પહાડોની ખીણો વચ્ચેથી પસાર થાય છે. મરુભૂમિમાં આવેલી આવી સાંકડી કેડીઓ 'ચીલા' તરીકે ઓળખાય છે. 'ચીલા'ની ભૂગોળ ક્યારે ય એકસરખી જોવા મળતી નથી. ક્યાંક રેતી હોય છે, તો ક્યાંક નક્કર શિલાઓ. ક્યાંક ચીકણી માટી તો ક્યાંક લોટ જેવી ધૂળના ગોટેગોટા ઊડતા જોવા મળે છે. અમારા કાફલાનું નેતૃત્વ ફૉક્સવૅગન કાર કરી રહી હતી. તેની પાછળ પાછળ જીપ ચાલી રહી હતી ને જીપની પાછળ વહાણ જોડયું હતું.

પ્રવાસમાં ફૉક્સવૅગનને અમે હમેશાં જીપની આગળ જ રાખતાં હતાં. જો અમે જીપને આગળ રાખીએ ને ક્યાંક રેતીમાં જીપ જ બધાંથી પહેલાં ફસાઈ જાય, તો એને ફૉક્સવૅગન ખેંચીને બહાર કાઢી શકે નહિ.

જીપમાં અમે પાંચપાંચ ગૅલન પેટ્રોલનાં અગિયાર કૅન ગોઠવી દીધાં હતાં. તેલ અને ભોજનનાં કૅન જુદાં રાખ્યાં હતાં. પાણીનાં બે કૅન ફૉક્સ-વૅગનની અંદર ગોઠવી દીધાં હતાં અને એ ગાડીના છાપરા ઉપર તંબૂ, વધારાનું ભોજન તથા અન્ય સામાન રાખ્યો હતો. જીપમાં રાખેલાં પા-ણીનાં દસ ગૅલન ઉપરાંત ફૉક્સવૅગનમાં પણ કેટલીયે બાટલીઓ અને ટમ્બલરોમાં વધારાનું પાણી ભરીને રાખ્યું હતું.

એ ગાડી મારી પત્ની મેરી ચલાવતી હતી અને બાળકો પણ તેની સાથે હતાં. પેદ્રો નામનો એક સ્પૅનિશ યુવાન જીપ હંકારતો હતો અને હું પૈડાંવાળું વહાણ સંભાળતો હતો. પવન ફૂંકાય ત્યારે સઢ ચઢાવી દેતાં. તેના જોરથી વહાણ રેતીમાં આગળ વધતું હતું. અને જ્યારે પવન પડી જાય, યા કોઈ એવા વિસ્તારમાંથી અમારે પસાર થવાનું થાય કે જ્યાં વ-હાણ ચાલી શકે તેમ ન હોય, ત્યારે સઢ ઉતારી તેને જીપ કે ફૉક્સવૅગન-ની સાથે બાંધી દઇને અને હું મેરી કે પેદ્રોનું સ્થાન લેતો.

સલામતી ખાતર અમે બે રિવૉલ્વર, બાર બોરની એક શૉટ-ગન ને બાવીસની એક રાઈફલ અમારી સાથે લઈ રાખી હતી.

ફ્રેંચ લશ્કરે મરુભૂમિમાં કેટલાયે કિલ્લાઓ બનાવ્યા હતા. તેમને દારૂગોળો પૂરો પાડવા માટે સેંકડો ટ્રકોનો કાફલો દોડાદોડી કર્યા કરતો. અમે એક મહિના અગાઉથી એ ટ્રકો દ્વારા જુદા જુદા કિલ્લાઓમાં અ-મારા માટે પેટ્રોલ પહોંચાડી રાખવાની વ્યવસ્થા કરી લીધી હતી. આ બધા જ કિલ્લાઓ અમારા પ્રવાસ-માર્ગમાં આવે તેમ હતા. અમને જાણ કરવામાં આવી હતી કે થોડા દિવસો પહેલાં જ લશ્કરી ટ્રકના એક કાફલાએ અમારા માટે એકએક ગૅલનનાં પંચાવન કેન જુદાજુદા કિલ્લા-ઓમાં રાખી દીધાં હતાં.

ઍટલાસ પહાડોની ખીણમાંથી પસાર થઈ ગયા, ત્યાં સુધી અમને તો સઢ ચઢાવીને અમારા વહાણને રેતીમાં દોડાવવાની તક ન મળી. પણ તે પછી ખૂબ જ સમથળ ભૂમિ આવી. તુરત અમે અમારા વહાણનો ખૂવો ઊભો કરીને સંઢ ચઢાવી દીધો. જે દિશામાં અમારે જવું હતું. એ જ દિશામાં પવન ફૂંકાઈ રહ્યો હતો. લગભગ દોઢસો માઈલનું અંતર તો વહાણે ખૂબ જ આસાનીથી એકધારી ગતિએ કાપી નાખ્યું. સહરાએ આવું પૈડાંવાળું વહાણ પહેલી વાર જોયું. ઊંટને ભલે રેતીનું વહાણ કહે પણ એના પર સઢ ક્યાં હોય છે? જ્યારે આ વહાણ તો ખરા અર્થમાં રેતી પર ચાલતું વહાણ હતું.

આમ, અમે આગળ વધી રહ્યાં હતાં એવામાં અચાનક મેં દૂરથી ઊંટોનો કાફલો જોયો. ઓછામાં ઓછાં સાઠેક જેટલાં ઊંટ હશે, જેમાંથી ત્રીસેક ઉપર માલ લાદેલો હતો. બાકીના ઊંટો વેચવા માટે લઈ જવાતાં હશે. મારું વહાણ ત્યારે બંને મોટર ગાડીઓથી લગભગ અરધો-પોણો માઈલ આગળ નીકળી ગએલું હતું. કાફલાની નજીક પહોંચવા માટે મેં વહાણની દિશા થોડી બદલી. રેતી પર પૈડાંના ફરવાનો અવાજ બહુ ધીમે-થી આવી રહ્યો હતો અને કાફલાની દિશામાં હું પાછળથી આગળ વધી રહ્યો હતો, એટલે હું તેમની બહુ નજીક પહોંચી ગયો ત્યાં સુધી કોઈ ઊંટ સવારે મને જોએલો નહિ. અચાનક એક સવારની નજર મારા પર પડી. મને જોતાં જ તે મોટેથી ચીસ પાડીને જોરજોરથી હાથ હલાવવા લાગ્યો અને બીજી જ ક્ષણે તેણે પોતાની રાઈફલમાંથી હવામાં ગોળીબાર કર્યો. એકાએક થએલા એ ગોળીબારે ફક્ત તેના ઊંટને જ નહિ, બલ્કે આખા કાફલાને ચોંકાવી મૂક્યો. બધાં જ ઊંટ ભડકીને ભાગવા લાગ્યાં.

એકાદ બે ક્ષણ તો હું સમજી ન શક્યો કે તેઓ કેમ નાઠા? પણ પછી ધીમેધીમે મને સમજાવા લાગ્યું કે મેં જરૂર તેમને ડરાવી દીધા હતા. હું તેમની પાછળ પાછળ ચૂપચાપ અને અચાનક જઈ ચડયો હતો. મરુ-ભૂમિમાં તેમણે લશ્કરી ટ્રકોના કાફલા જોયા હતા, પાયદળ સૈનિકોની ટુકડીઓ જોઈ હતી, આકાશમાં ખૂબ જ નીચે ઊડતાં વિમાનો જોયાં હતાં, પણ સઢ ચડાવેલું વહાણ રેતી ઉપર દોડતું તેમણે ક્યારેય જોયું નહોતું. પોતાની પાછળ મોટરગાડીની ઝડપે ધસી સઢવાળા નવતર વાહનના દશ્યે તેમને ચોંકાવી મૂક્યા હતા અને એનાથી ડરીને જ તેઓ નાઠા હતા.

મેં તુરત જ મારા વહાણની દિશા બદલી નાખી, પણ ભયભીત ઊંટ-સવારોની ગાળો હજુ પણ મને સંભળાઈ રહી હતી. એક ઊંટસવાર તો એટલો બધો ગભરાઈ ગયો હતો કે હાંફળા ફાંફળા થઇને તેણે મારા પર ગોળી પણ છોડી દીધી હતી. તેની આ ગોળી મારા વહાણથી થોડાંક જ ફૂટ દૂર રેતીમાં ધૂસી ગઈ હતી. તુરત મેં નિશ્ચય કરી લીધો કે ઊંટોની આવી કોઈ પણ કારવાં પાછળ આવી રીતે મારું વહાણ લઈ જવું નહિ.

ટિંડોફ કિલ્લાના કમાંડિંગ અફસરે અમને કહ્યું કે અદ્રાગીરના અધિ-કારીઓ જરૂર પાગલ થઈ ગયા લાગે છે, નહિતર તે સહરાના આવા વિ-ચિત્ર પ્રવાસની અનુમતિ આપે નહિ. વહાણ તરફ આંગળી ચીંધીને તેણે મને કહ્યું: 'શું તમે માનો છો કે આવા ઢંગધડા વગરના વાહનની મદદથી તમે સહરાનું રણ પાર કરી લેશો? તમારો ખરો પ્રવાસ તો હજુ શરૂ જ થયો નથી! આગળ ઉપર કેવીકેવી આપત્તિઓ આવશે તે તમે નથી જાણતા. અરે, અહીં સુધી પહોંચી શક્યા એ પણ નવાઈ છે. મહેર-બાની કરીને અહીંથી જ પાછા ફરી જાઓ. હું તમને અહીંથી આગળ જવા દઈ ન શકું. હે ભગવાન! તમારી સાથે બાળકો પણ છે! શું તમે લોકો સામુહિક આત્મહત્યા કરવા માટે નીકળ્યાં છો? તમને તમારાં બાળકોનો જીવ પણ વહાલો નથી?'

કલાકો સુધી તેણે અમારી સાથે દલીલો કર્યા કરી, પણ અમે જાણતા હતા કે અમારી પાસે જે લેખિત અનુમતિપત્રો છે, તેના આધારે તેણે અમને આગળ પ્રવાસ કરવાની પરવાનગી આપવી જ પડશે. આખરે તેને નમતું જોખવું જ પડયું. નેં નજીકના એક ગામમાં તેણે અમારા માટે આરામ કરવાની વ્યવસ્થા કરી આપી.

આગળ અમારે ભયંકર પ્રદેશમાં થઇને મુસાફરી કરવાની હોવાથી એક બે દિવસ આરામ કર્યા પછી જ કૂચ કરવાનું નક્કી કર્યું. એ ક્રિસ્ટ-મસની સાંજ હતી. કાર અને જીપમાં પ્રવાસના સામાન ઉપરાંત અમે અમારાં બાળકો માટે ક્રિસ્ટમસની ભેટ પણ ખરીદી રાખી હતી.

નિરભ્ર સ્વચ્છ આકાશમાં ટમટમતા તારાની વચ્ચે અરધો કપાએલો

ચંદ્ર શોભી રહ્યો હતો. અમે બધાં ટિડોફના કિલ્લામાં ક્રિસ્ટમસની ઉજવણી કરવામાં મશગૂલ હતાં. સાથે આણેલા એક નાનકડા ટ્રાન્ઝિસ્ટર પર ઇંગ્લૅન્ડ અને અમેરિકાથી પ્રસારિત થતા ક્રિસ્ટમસના કાર્યક્રમો સાંભળી રહ્યાં હતાં. રોસ્ટ ચિકન અને પુડિંગનાં ટિન ખોલીને અમે તેને ગરમ કર્યાં. આ ક્રિસ્ટમસને અમે ક્યારેય ભૂલી શકીશું નહિ. બાળકોને પણ ખૂબ મઝા પડી. રણમાં પણ સાન્ટાક્લૉઝે એમને ભેટ પહોંચાડી હતી!

સવાર થતાં જ સુસવાટા મારતો ભયંકર પવન ફૂંકાવા લાગ્યો. આખી દુનિયાને અમે રેતીથી છવાઈ જતી જોઈ. અમારી આંખોમાં, કાનમાં ને મોંમાં પણ એ ઘૂસી ગઈ. ચારેબાજુ રેતીના ગોટેગોટા ઊડી રહ્યા હતા. રણ-પ્રદેશના લોકો આને 'રેતીનું તોફાન' કહે છે. અમને કહેવામાં આવ્યું હતું કે આવું તોફાન ત્રણ, પાંચ કે નવ દિવસ સુધી સતત ચાલુ રહે છે. અમારા સદ્‌ભાગ્યે આ તોફાન ત્રણ જ દિવસ ચાલ્યું, પણ તેની ભયંકરતા ઓછી ન હતી. તોફાન શમતાં કમાંડિંગ અફસરના ઑર્ડરલીએ આવીને અમને એક ચિઠ્ઠી આપી, જેમાં લખ્યું હતું; 'તમે લોકો જ્યારે આ મૂર્ખતા-પૂર્ણ સાહસ પડતું મૂકવા તૈયાર જ નથી, ત્યારે મારા મત મુજબ તમારે હવે તુરત જ કૂચ શરૂ કરી દેવી જોઈએ. સામાન્ય રીતે એક તોફાન પછી બીજું તોફાન તુરત આવતું નથી, એટલે આશા છે કે તમે લોકો આગળનું અંતર પસાર કરતી વખતે ઓછામાં ઓછા એક ખતરામાંથી તો બચી જશો. રવાના થવાની તૈયારી પૂરી થઈ જાય એટલે મને જાણ કરજો.'

એકાદ કલાકમાં જ તૈયાર થઈ જઇને કમાંડિંગ અફસરને તેની જાણ કરી દીધી. ટ્રિંકવેટનો કિલ્લો અમારી આગલી મંઝિલ હતી. પાસપોર્ટ પર સિક્કા લાગી ગયા પછી અમને પૂછવામાં આવ્યું કે ટ્રિંકવેટ પહોંચતાં અમને સામાન્યરીતે કેટલો સમય લાગશે? અને પછી કમાંડિંગ અફસરે અમને કહ્યું કે 'આ અંદાજી સમયની સૂચના અમારે વાયરલેસ દ્વારા ટ્રિંકવેટ મોકલવી પડશે. ત્યાં પહોંચવામાં જો તમને ચોવીસ કલાક કરતાં વધુ વિલંબ થશે, તો તમને રણમાં ભૂલાં પડી ગએલાં માનીને તમારી શોધ માટે અહીંથી અને ટ્રિંકવેટથી ઊંટસવારોની ટુકડીઓને રવાના કરવામાં આવશે. બંને ટુકડીઓનો પૂરેપૂરો ખર્ચ, અહીં અનામતમાં તમે જે રકમ જમા કરાવી છે, તેમાંથી કાપી લેવામાં આવશે.'

ટ્રિંકવેટ પહોંચવાના અમારા અંદાજી સમયમાં મેં બે દિવસ વધુ ઉમેર્યા, કારણ કે કોઈ પણ સંજોગોમાં અમે અમારી ડિપૉઝિટની રકમમાં કાપ આવે તેમ ઇચ્છતાં નહોતાં. જેટલું ભોજન અને પાણી લઇને અમે રવાના થઈ રહ્યાં હતાં, તેને ધ્યાનમાં લઇને મેં ગણતરી કરી કે જો અમે રસ્તામાં ભૂલાં પડી જઇએ તોપણ બે-ત્રણ દિવસ સુધી અમને ખોરાક-પાણીની કશી મુશ્કેલી પડે તેમ નહોતી. આ સિવાય અમે ટ્રિંકવેટ પહોંચવાનો અંદાજી સમય પણ કેવી રીતે કહી શકીએ? અમારે મોટા ભાગનું અંતર વહાણ પર બેસીને કાપવાનું હતું ને વહાણની ગતિ પવન પર આધારિત હતી. પવનની ગતિનું અનુમાન અગાઉથી કેવી રીતે બાંધી શકાય?

ટિડોફ અને ટ્રિંકવેટના કિલ્લાઓ વચ્ચે લગભગ છસ્સો કિલોમીટરનું અંતર છે. અમને ચેતવણી આપવામાં આવી કે આ રસ્તે ચીલાના વારંવાર ગાયબ થઈ જવાનો ખતરો છે અને ઝાડી-ઝાંખરાં તથા ખાડા-ટેકરા પણ પસાર કરવા પડશે.

અમારા પર આ ચેતવણીની કોઈ અસર નહિ થએલી જોઇને કમાંડિંગ અફસરે કહ્યું: 'બધાથી મોટો ખતરો ભૂલા પડી જવાનો છે. હમણાં ત્રણ દિવસનું જે તોફાન ગયું, તેણે રસ્તાના ચીલાઓને ભૂંસી નાખ્યા હશે. દર કિલોમીટરે પથ્થરની જે નિશાનીઓ ઊભી કરવામાં આવી છે, તેમાંથી કેટલીયે ઉપર રેતી છવાઈ ગઈ હશે. વળી, અરબ છાપામારો પણ આવી નિશાનીઓ ગાયબ કરી દે છે. જો તમને જરા પણ શંકા જાય કે તમે ચીલો ચાતરી ગયા છો, તો તુરત જ ત્યાં થોભી જશો. આગળ ચાલશો નહિ. જ્યાં હો ત્યાં જ રોકાઇને અમારા ઊંટસવાર તમને શોધી કાઢે તેની રાહ જોજો. આવી સ્થિતિમાં તમે થોભી ન જતાં આગળ ચાલવાનું ચાલુ રાખશો, તો માની લેજો કે તમારું મૃત્યુ નિશ્ચિત છે. આ દરમિયાન બીજું તોફાન ન આવે તોપણ અહીં જે પવન ફૂંકાય છે, તેથી તમારાં વાહનોનાં ટાયરોનાં નિશાન પણ ભૂંસાઈ ગયાં હશે અને અમારા ઊંટસવાર તમને શોધી કાઢશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે. ચાલો, હવે રવાના થાવ. ઈશ્વર તમારું રક્ષણ કરે!'

ટિંડોફથી આગળ કેટલાયે માઇલો સુધી હું મારા વહાણને પૂરપાટ દોડાવતો રહ્યો. પણ પવનની ગતિ અને દિશા પર જ મારો આધાર હોવાના કારણે મારે અવારનવાર ચીલો છોડી દિશા બદલવી પડતી હતી. જ્યારે મારી પાછળ આવતી બંને મોટરગાડીઓ ચીલા પર જ ચાલી રહી હતી. એટલે ચીલો ચાતરતી વેળા હું બંને ગાડીની દૃષ્ટિમર્યાદામાં રહેવા પ્રયત્નો કરતો, જેથી કદાચ કોઈ કારણવશ મારે તેમની જરૂર પડે તો તેઓ મારો સંકેત જોઇને તુરત જ મદદે આવી શકે.

કોઈ વાર એવું લાગતું કે જૂના અને નવા અનુભવોના આધારે મરુ-ભૂમિના પ્રવાસ બાબતમાં અમે ઘણું જાણી લીધું છે, તો કોઈ વાર એવું લાગતું કે અમારું જ્ઞાન નહિવત્ જ હતું. ક્યારેક રેતીમાં ફસાઈ ગએલી ફૉક્સવૅગનને ખેંચી કાઢવા માટે જીપ જોર કરતી, પણ અનેક વાર એવું બન્યું છે કે જીપ પોતે પણ રેતીમાં ફસાઈ જતી! એવે વખતે એમની આસપાસની રેતી ખોદીને તેમનાં પૈડાં નીચે અમે પોર્ટેબલ 'સૅન્ડ-ટ્રૅક' સરકાવી દેતાં, પછી જોરથી ઍંજિન ચાલુ કરતાં. 'સેન્ડ ટ્રૅક' પર પૈડાં ફેરવીને ગાડીઓ રેતીના ઢગલામાંથી બહાર નીકળતી.

ટિંડોફથી લગભગ ચાલીસેક માઇલના અંતર પર પહાડી પ્રદેશ આવ્યો. ચારેબાજુ મોટીમોટી ભેખડો વેરાએલી હતી. આગળ જતાં અમારે આ ભેખડોની બાજુમાંથી જ પસાર થવું પડ્યું. આ ભેખડો લગભગ સો-સો ફૂટ ઊંચી હતી અને બધી જ એકસરખી કાળી હતી.

અમે આ ભેખડોની છાયામાં પડાવ નાખી દીધો. એ રાતે વીજળીનું જોરદાર તોફાન આવ્યું. વરસાદ નહોતો, આંધી નહોતી, પણ વીજળી વારંવાર કડાકા બોલાવતી ભેખડો પર ત્રાટકી રહી હતી. જેની બાજુમાં જ અમે પડાવ નાખ્યો હતો એ ભેખડ પર રાતે ઓછામાં ઓછી દશ-બાર વાર વીજળી પડી. આ ભેખડોમાં લોખંડ જેવું કોઈ ખનિજ અવશ્ય હોવું જોઇએ, જે વીજળીને આકર્ષી રહ્યું હતું.

મોટરગાડીઓથી થોડે દૂર અમે અમારા વહાણને ઊભું રાખ્યું હતું. અમે એટલાં બધાં થાકી ગયાં હતાં કે તંબૂ ઊભો કરવાનું મન જ થયું નહિ. મોટરગાડીઓની અંદર જ કોકડું વાળીને અમે આખી રાત ટાઢમાં

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૫-ઊંદરી

માથાના વાળ જાણે ઊંદર કાતરી ગયા હોય કે માથામાંથી કોઈએ વાળનો ગુચ્છો જ ખેંચી કાઢ્યો હોય તે રીતે માથામાં વાળની વચ્ચેવચ્ચે વાળ વિનાના ચકતાં પડે એ ઊંદરી. આનાથી રોગી ખૂબ શરમાય છે. આ રોગ કરતાં ટાલ સારી, કારણ કે તે માથા ઉપર એકસરખી હોય છે, જ્યારે ઊંદરીમાં તો વચ્ચેથી વાળ નીકળી જતા હોઈ જોવામાં ખરાબ લાગે છે.

આ એક રોગ છે. એની કોઈ ચોક્કસ સારવાર નથી, પરંતુ નીચેના ઉપચાર લાંબો સમય કરવાથી જતે દિવસે લાભ થશે.

૧) ચૂનાના નીતર્યા પાણીમાં લીંબુ નિચોવી તેનાથી ઊંદરી ઉપર માલિશ કરવું. ૨) લીંબોળીના તેલનું માલિશ કરવું. ૩) અંકોલ નામની વનસ્પતિની છાલ ઘસીને તેનો લેપ ઊંદરી ઉપર કરવો અને તેનો ઘસારો પાણી સાથે પી જવો. આ પ્રયોગથી લાંબા સમયે ફરી વાળ આવે છે. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

થરથર ધ્રૂજતાં બેસી રહ્યાં. વીજળી મોટા ભાગે ઊંચા સ્થળો પર જ પડે છે અને ભેખડોની ઊંચાઈ અમારી ગાડીઓની સરખામણીમાં ઘણી વધુ હતી. એટલે વીજળી પડવાનો ડર અમને બહુ ઓછો હતો. છતાં પણ અમારા મનમાં એનો ફફડાટ તો રહેતો જ હતો.

સવાર પડતાં જ અમે ચાલી નીકળ્યાં. થોડે દૂર જતાં હુંગરાળ પ્રદેશ પૂરો થઈ ફરી રેતાળ પ્રદેશ આવી ગયો. પવન પણ અનુકૂળ દિશામાં ફૂંકાતો હતો એટલે અમે તુરત જ વહાણ પર સઢ ચઢાવી દીધો.

જ્યારે જ્યારે નિશાનીવાળો પથ્થર જોવા મળતો ત્યારે અમે ત્યાં અટકીને હોકાયંત્રમાં જોઇને અમારી દિશા ચકાસી લેતાં. વળી, વારંવાર દૂરબીન માંડીને દૂરદૂર સુધીની આગલી નિશાનીઓ પણ જોઈ લેતા કે જેથી વચ્ચેથી માર્ગ ચાતરી ન જવાય.

બપોરે અમે આવી નિશાનીવાળો એક પથ્થર પસાર કર્યો, પણ તે પછી આગલા નિશાન સુધી પહોંચી શક્યાં નહિ. ત્યાં જ અટકી જઇને દૂરબીનથી દૂર દૂરનું નિરીક્ષણ કરી જોયું પણ તેવું કોઈ ચિહ્ન દેખાયું નહિ. જીપ અને ફૉક્સવૅગન બંને ગાડીઓને લઇને અમે એની શોધમાં નીકળી શકીએ તેમ નહોતાં, કારણ કે એથી સારા એવા પ્રમાણમાં પેટ્રોલ વપરાઈ જાય. હું મારું વહાણ લઇને નિશાનીની શોધમાં નીકળી પડ્યો. પણ મારી મહેનત વ્યર્થ ગઈ. નિશાની અર્થાત્ રસ્તાનો આગલો પથ્થર શોધ્યા વિના જ મારે પાછા ફરવું પડ્યું. વળી હોકાયંત્રની મદદથી પણ અમે અમારી દિશા નક્કી કરી શકીએ તેમ નહોતાં, કારણ કે હું જાણતો હતો કે રાતે જે તોફાન આવ્યું. તેણે હોકાયંત્રને ચોક્કસ બગાડી નાખ્યું હશે. અને અમારાં નસીબ બે ડગલાં આગળ હશે. એટલે સૂર્ય પણ આ મહાભૂમિની ધૂંધ પાછળ છુપાઈ ગયો હતો!

અંતે ફરી વાર મેં સઢ ચઢાવ્યો. પેદ્રોને સૂચના આપી કે તારે દર દશ મિનિટે જીપનું હૉર્ન વગાડયા કરવું. મેરીને પણ મેં કહ્યું કે તારે દર પંદર મિનિટે રાઈફલથી હવામાં એક એક ગોળીબાર કરતા રહેવું. મરુભૂમિમાં રસ્તામાં કોઈ અવરોધ ન હોવાના કારણે અવાજ ઘણે દૂર સુધી પહોંચે છે. વહાણને પોતાનો કોઈ અવાજ નહોતો, એટલે હૉર્ન કે ગોળીબારનો અવાજ હું લાંબા અંતરેથી પણ સ્પષ્ટ સાંભળી શકું તેમ હતો અને તેના આધારે પાછો ફરી શકું તેમ હતો. પરિણામે આ વખતે મેં વધુ દૂર સુધી વહાણને દોડાવ્યું. માર્જાની આંખો બહુ તેજ હતી; એટલે મેં તેને મારી સાથે લઈ લીધી હતી.

સામે રેતીના કેટલાક ઢગલા આવેલા હતા. અમારે આ ઢગલાઓની પાછળ જવું પડ્યું. તેની પાછળ જતાં જ મોટરગાડીઓ દેખાતી બંધ થઈ ગઈ. અચાનક માર્જા ખુશીથી બૂમ પાડી ઊઠી: 'પપ્પા! આમ જુઓ, જમણી બાજુએ રહી નિશાની!' મેં આંખો ઝીણી કરીને માર્જાએ ચીંધેલી દિશામાં જોયું. માર્જાની વાત સાચી હતી. રેતીના ઢગલા વચ્ચે દબાએલો નિશાનીવાળો પથ્થર દેખાઈ રહ્યો હતો.

વહાણનાં ટાયરોથી રેતી પર જે ચીલા પડ્યા હતા તેના આધારે અમે પાછાં ફરવા લાગ્યાં. પણ કોઈ કોઈ ઠેકાણે ટાયરની છાપ ભૂંસાઈ ગઈ હોવાથી યા તો છાપ દેખાતી હોવા છતાં પવન વિરુદ્ધ દિશામાં ફૂંકાતો હોવાના કારણે અમે અમારા વહાણને એ બાજુ હંકારી શકીએ તેમ નહોતાં. પરંતુ હૉર્ન અને ગોળીબારના અવાજે અમે સાંભળી શકતાં હતાં. તેને આધારે અમે ત્યાં પહોંચી ગયાં. એક કે બે નહિ પણ ચાર-ચાર કિલોમીટરની નિશાનીઓ એકદમ ગાયબ થઈ ચૂકી હતી. માર્જાની તેજ આંખોએ જે નિશાની જોઈ હતી, તે પાંચમા કિલોમીટરની હતી. અમે તુરત જ ત્યાં સુધી પહોંચી ગયાં. તે પછી આગળની બધી જ નિશાનીઓ અમને કશીયે તકલીફ વિના યથાસ્થાને મળતી રહી.

રસ્તામાં કેટલીયે જગ્યાએ અમને શાહમૃગોનાં ટોળાં પણ જોવા મળ્યાં. એક વાર હું મારા વહાણને એક માદા શાહમૃગની ખૂબ જ નજીક લઈ ગયો. રેતીમાં ખાડો ખોદીને તેણે જે ઈંડું મૂક્યું હતું. તેને સેવવામાં તે મગ્ન હતી. પવનની ગતિ બહુ તેજ નહોતી, એટલે હું ધીમેધીમે તેની તરફ આગળ વધી રહ્યો હતો જેવી માદાની દૃષ્ટિ મારા પર પડી તેવી જ તે પોતાના લાંબા પગ પર ઊભી થઈ ગઈ. પણ ડરીને ભાગવાને બદલે તે મારા તરફ ધસી આવી. હું તરત જ સાવધાન બની ગયો, કારણ કે શાહમૃગના પગની એક જ ઝાપટ માણસનું હાડકું તોડી નાખવા માટે બસ થઈ પડે છે. મારા સદ્ભાગ્યે માદા વધુ આગળ વધતી અટકી ગઈ. દરમિયાન મેં મારા વહાણને બીજી દિશામાં વાળી લીધું હતું. માદાને કાં તો એવું લાગ્યું કે દુશ્મન ભાગી ગયો છે અથવા તો તેણે એવું તારણ કાઢ્યું હતું કે આ 'ચીજ' દુશ્મન હતી જ નહિ. તે કેટલીયે વાર સુધી મારી સામે તાકી ધૂરકતી રહી અને હું તેનાથી દૂર સરકતો ગયો. આખરે તે પોતાના ઈંડા તરફ પાછી ફરી ગઈ.

કોઈ વાર જ્યારે અમે આખો દિવસ હંકારવા છતાં સાંજના માંડ ૩૦-૪૦ માઈલ તો કોઈ વાર તો તેનાથી ઓછા અંતરની માઈલની સફર કરી શકતાં. ત્યારે અમને ઘણો ખેદ થતો. અમારે વારંવાર રેતીમાં ફસાઈ જતી જીપ કે ફૉક્સવૅગનને યા તો બંનેને રેતીમાંથી ખોદી કાઢવી પડતી. આ પરિશ્રમ અમારી કમ્મર તોડી નાખતો. ક્યારેક તો હું બપોર થતાં જ એટલો થાકી જતો કે અમારા કાફલાને રોકી દઇને, સ્ટીઅરિંગ પર જ માથું ટેકવીને ઊંઘવા લાગતો. મને ઊંઘતો જોઇને બીજાઓ પણ ઊંઘ ખેંચી લેતાં.

ટિંડોફથી રવાના થયાના ત્રીજા દિવસથી જ ફૉક્સવૅગન ચાલવામાં ધાંધિયાં કરવા લાગી હતી. જેમજેમ તડકો ચડતો, તેમતેમ નખરાં કરવા લાગતી. દસ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી તે બિલકુલ બંધ પડી જતી ને તેને જીપ દ્વારા ખેંચી જવી પડતી. એટલું સારું હતું કે દસ વાગ્યા પહેલાં ને ચાર વાગ્યા પછી તે આપોઆપ ચાલવા લાગતી. તે તડકો સહન કરવાની બાબતમાં ખૂબ નાજુક તબિયતની સાબિત થઈ હતી.

રાત્રિના મુસાફરી ચાલુ રાખવાનો તો પ્રશ્ન જ નહોતો. જો દિવસે પણ ક્રૉસ-પથરો શોધવા પડતા હતા, તો રાત્રે તેને કેવી રીતે શોધવા? આ ક્રૉસ-પથ્થરોની શોધે અમારો ઘણો સમય બગાડ્યો.

અમને કહાચ કહેવા ખાતર જ કહેવામાં આવ્યું હતું કે રસ્તામાં કેટલાંક મરુદ્યાનો આવશે, પણ રસ્તે કશું જ જોવા મળ્યું નહિ. એક-બે સારાં મરુદ્યાનો પ્રવાસની શરૂમાં આવ્યાં હતાં, એક-બે પ્રવાસના અંતે જોવા મળેલાં એ જ. બાકી અમને તેની ખરી જરૂર તો વચ્ચે હતી.

મધ્ય સહરાના રણમાં વ્યાપેલી રુક્ષતાની સરખામણી કોઈની પણ સાથે થઈ ન શકે. અમે સતત તરસ અનુભવ્યા કરતાં. તરસથી ફક્ત હોઠ જ નહિ અમારો આખો ચહેરો સુકાઈ જતો. જો અમે દિવસમાં બે વાર ચહેરા પર કૉલ્ડ-ક્રીમ લગાડ્યા કર્યું ન હોત તો બહુ મોટી ઉંમરના વૃદ્ધ ચહેરા પર જેવી કરચલીઓ જોવા મળે છે તેવી કરચલીઓ અમારા ચહેરા પર પણ પડી ગઈ હોત. અમને એ પણ ચેતવણી આપવામાં આવી હતી કે સહરાના રણમાં ગોરા લોકો પાણી વિના વધુમાં વધુ ત્રીસેક કલાક જીવતા રહી શકે છે.

ટ્રિકલેટનો કિલ્લો આવવાને હજુ બે દિવસની વાર હતી. અમારી પાસે પાંચપાંચ ગૅલનનાં પાણીનાં જે બે કૅન હતાં, તેમાંથી એક ખાલી થઈ ગયું. સાંજના તંબૂ ઊભો કરતી વખતે મેં પેદ્રોને બીજા કૅનમાંથી પાણી કાઢવાનું કહ્યું. પેદ્રો જીપ પાસે ગયો. તે જેટલી સરળતાથી કૅન ઉપાડી લાવ્યો, તે જોઇને હું સમજી ગયો કે તે ખાલી હતું. એ કૅનને તો અમે ખોલ્યું પણ નહોતું છતાં એ ખાલી કેમ લાગતું હતું?

ખાડા-ટેકરાવાળા રસ્તા પર જીપ એટલી ઊછળી હતી કે કૅનની કેટલીક સાંધ ખૂલી ગઈ હતી ને ત્યાંથી પાણી બહાર ટપક્યા કર્યું હતું, એ બહાર ટપકતાંની સાથે જ વરાળ થઇને ઊડી જતું હતું. એટલે અમને તેની ખબર રહી નહોતી. હવે? (આવતા અંકે પૂરી)

સ્કંદ

द्विभुजे कुक्कुटं वामे शक्तिर्दक्षिण हस्तके।
अत्रानुक्तंतुतसर्वमुमास्कन्दोक्तवत्कुरु ॥[१]

સ્કંદ. એનું બીજું નામ કાર્તિકેય છે. દક્ષિણ ભારતમાં તેને સુબ્રહ્મણ્ય તરીકે પૂજવામાં આવે છે. દક્ષિણ ભારતનું એક પણ ગામ કે શહેર એવું નથી જ્યાં સુબ્રહ્મણ્યનું મંદિર ના હોય.[૨] સુબ્રહ્મણ્યનો એક અર્થ 'બ્રાહ્મણોના ઘણા પૂજનીય' કે 'બ્રાહ્મણોને ખૂબ માનનીય' એવો થાય છે.[૩] દક્ષિણમાં મેલી વિદ્યાથી છુટકારો મેળવવા ઇચ્છતા લોકો કે સુંદર પુત્રની ઇચ્છા ધરાવતી સ્ત્રીઓ તેની પૂજા કરે છે. ઉત્તર ભારતમાં તેવું નથી. બંગાળમાં તો સમાજથી તિરસ્કૃત સ્ત્રીઓ (વેશ્યાઓ) અમુક ખાસ પ્રસંગોએ કાર્તિકેયની પૂજા કરતી. અમુક ઉલ્લેખાનુસાર સૌભાગ્યવતી સ્ત્રીએ સ્કંદનાં દર્શન કરવાની મનાઈ છે.[૪] પરંતુ બીજી કથાઓમાં તેમનું પૂજન કરવાનાં ઘણાં પ્રમાણો ઉપલબ્ધ છે.

સાહિત્યિક પ્રમાણો જોતાં કુમાર (કાર્તિકેય)નું નામ ઋગ્વેદમાં ચર્ચાએલું જોવામાં આવે છે અને બ્રાહ્મણ ગ્રંથોમાં પણ. પરંતુ તે અગ્નિ હોવાનો વધુ સંભવ છે. તે પછી સ્કંદનો પ્રાચીનમાં પ્રાચીન ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદમાં મળે છે, જ્યાં તે સનત્કુમાર સાથે આલેખાયા છે. અથર્વશીર્ષ ઉપનિષદ પણ સ્કંદનો ઉલ્લેખ કરે છે. પરંતુ આ બધામાં તેમનો શિવ સાથે કોઈ સંબંધ નથી મળતો.[૫] તેમનાં અનેક નામો પૈકી વૈદિક વાઙ્મયમાં માત્ર કુમાર, કાર્તિકેય અને સ્કંદ એટલાં જ નામો મળે છે.[૬] પુરાણોમાં સ્કંદ, કુમાર, કાર્તિકેય, ષણ્મુખ, ગુહ, અગ્નિભૂ, સુબ્રહ્મણ્ય, ગાંગેય શરજન્મા, દેવસેનાપતિ, તારકારિ, મહાસેન, ક્રૌંચહારણ એવાં વિવિધ નામોના ઉલ્લેખ છે.[૭]

સ્કંદના જન્મ અંગેની પણ વિવિધ કથાઓ મળી આવે છે. શંકર-પાર્વતી, અગ્નિ-સ્વાહા, ગંગા, છ કૃત્તિકાઓ વગેરેનાં નામો તેમના જન્મ સાથે સંકળાએલાં છે. પરંતુ એક વસ્તુ દરેક કથામાં સામાન્ય છે, તે એ કે તારકાસુરના સંહાર માટે દેવોએ શંકરને પ્રાર્થના કરી અને તે પ્રાર્થનાના ફલસ્વરૂપે કાર્તિકેયનો જન્મ થયો, તથા કાર્તિકેય દેવોના સેનાપતિ બન્યા.[૮]

કાર્તિકેયના પ્રતિમાવિધાન માટે અગ્નિપુરાણ, અભિલષિતાર્થ ચિંતામણિ, અંશુમદ્‌ભેદાગમ, કુમારતંત્ર, બૃહત્‌સંહિતા, મત્સ્યપુરાણ, રૂપાવતાર, રૂપમંડન, વિષ્ણુધર્મોત્તર, શિલ્પરત્ન, શ્રી તત્ત્વનિધિ અને સમરાંગણ સૂત્રધાર વગેરે ગ્રંથો છે. આ ગ્રંથો કાર્તિકેયને બે, ચાર કે બાર હાથ ધરાવતા બનાવવાનું કહે છે. સ્કંદની મૂર્તિની સ્થાપના માટે 'શિલ્પરત્ન'માં એક ઉલ્લેખ છે, જેમ નગરમાં બાર હાથની, પર્વત નજીકના ગામમાં ચાર હાથની ને નાના ગામ કે વનમાં યા વન પાસેના ગામમાં બે હાથની પ્રતિમા સ્થાપન કરવાનું નોંધ્યું છે.[૯] તેમનાં આયુધોમાં શક્તિ, ખડ્ગ, બાણ, શૂલ, વરદમુદ્રા, ધનુષ, પતાકા, મુષ્ટિ, તર્જનીમુદ્રા, ઢાલ, તામ્રચૂડ, કૂકડો વગેરે વર્ણવવામાં આવે છે. મયૂર એ સ્કંદનું વાહન છે.



શામળાજીની એક વિરલ સ્કંદ-પ્રતિમા

લેખક
એમ. ડી. વર્મા

આગળ જણાવેલી માન્યતાઓને પુષ્ટિરૂપ ભારતવર્ષના બીજા પ્રદેશો કરતાં ગુજરાતમાં સ્કંદનાં મંદિરો ઘણાં ઓછાં છે. પાટણના સહસ્રલિંગ કાંઠે કાર્તિકેયનું મંદિર હોવાનો ઉલ્લેખ છે.[૧૦] વિસાવાડાનું ભીડભંજન મહાદેવ એ ત્રણ ગર્ભગૃહવાળું મંદિર છે, તેની ઉત્તર તરફનું મંદિર એ કાર્તિકેય સ્વામીનું છે.[૧૧] એ ઉપરાંત નીચે પ્રમાણેનાં સ્થળોએથી પણ સ્કંદની વિવિધ શિલ્પ-વિધાનવાળી પ્રતિમાઓ મળી આવેલી છે: વડનગર, મોઢેરા, શામળાજી, અડાલજ વગેરે. આ પૈકી વડનગરમાં કાર્તિકેયની પ્રતિમાઓનું પ્રમાણ વધારે છે—ચારથી છ પ્રતિમાઓ. અમદાવાદ પાસેના અડાલજની સ્કંદ-પ્રતિમાનુ સ્થાપત્ય ઘણા ઉચ્ચ પ્રકારનું હોઈ તે ઈસુની ૬ઠ્ઠી સદીનું હોવાનું મનાય છે. મંદિરનાં શૃંગાર-શિલ્પોમાં પણ ઘણી વખત કાર્તિકેય રજૂ થયા હોવાનું મનાય છે. વાછોડા (જિ. જૂનાગઢ)ના શિવમંદિરના પાટડા પર ગણપતિ સાથે કાર્તિકેયને રજૂ કરવામાં આવ્યા છે.[૧૨]

આ રીતે ઘણી જ ઓછી સંખ્યામાં ઉપલબ્ધ એવી સ્કંદપ્રતિમાઓમાં આ લેખની સ્કંદપ્રતિમાથી એકનો ઉમેરો થાય છે. જોકે આ અગાઉ સ્કંદના એક અતિ પ્રતિભાશાળી શિલ્પનો પરિચય ડૉ. ઉમાકાન્ત શાહે આપણને કરાવ્યો છે.[૧૩] તેઓના પુસ્તકમાં પ્રકાશિત કુમાર દ્વિભુજ છે, તથા જમણા હાથમાં લાંબી શક્તિ ને ડાબા હાથ કમર પર રાખી તેમાં કૂકડા સાથે બતાવવામાં આવ્યા છે.

આ લેખમાં જેનું વર્ણન છે તે કાર્તિકેય પણ દ્વિભુજ છે. (અનુ. પૃ. ૭૦)

---

૧ अंशुमद्भेदागमे एकोनपञ्चाशपटले।
૨ T. A. Gopinathrao, 'Elements of Hindu Iconography' Vol. II, Part II, P. 415.
૩ Martin E. O. 'The Gods of India' Ch. XIII, P. 196
૪ દવે કનૈયાલાલ ભા. 'ગુજરાતનું મૂર્તિવિધાન' પાનું ૩૭૫-૭૭
૫ Patil Devendrakumar Rajaram, 'Cultural History from the Vayu Puran' Ch. IV, P. 186.
૬ सोमपुरा प्र. ओ. 'भारतीय शिल्प संहिता' पे. १६६
૭ દવે કનૈયાલાલ ભા. 'ગુજરાતનું મૂર્તિવિધાન' પાનું ૩૭૬
૮ 'સ્કંદપુરાણાર્થ પ્રકાશ' અંક બીજો, અ. ૬૯-૭૦, પૃ. ૩૧૦-૩૨૩.
૯ શિલ્પરત્ન-૩, અ. ૨૫, શ્લોક ૧૨૯-૩૦.
૧૦ Dr. Kantilal F. Sompura, 'The Structural Temples of Gujarat', P. 138.
૧૧ Ibid P. 533
૧૨ Dr. Kantilal F. Sompura, 'The Structural Temples of Gujarat', P. 151.
૧૩ Shah Umakant P. 'Sculptures from Shamalaji and Roda-3', P. 66.

માનવસેવામાં
કૃત્રિમ ઉપગ્રહ-૨


નિમ્બસ

લેખક - ડૉ. પરંતપ પાઠક

ટાઈરૉસ પછીની બીજી પ્રાયોગિક શ્રેણીના 'નિમ્બસ' ઉપગ્રહમાં ઘણા સુધારાવધારા કરવામાં આવ્યા. જેથી તેની ઉપયોગિતામાં નોંધપાત્ર વધારો થયો. આ શ્રેણીના બધા જ ઉપગ્રહ લગભગ ૧૦૦૦ કિ. મી. ઊંચાઈ ઉપર વર્તુળાકાર ધ્રુવીય ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા હતા. વળી, આ ઉપગ્રહને ચાક ન આપતાં તેની ત્રણેય ધરી સ્થિર રાખવામાં આવી હતી કે જેથી તેમાં મૂકેલા કૅમેરા હંમેશાં પૃથ્વી તરફ જ રહે. આ રચનાને પરિણામે પૃથ્વીના સમગ્ર હવામાન વિષે ચિત્રો મળી શકતાં હતાં. આ ઉપરાંત, આ ઉપગ્રહના સૌર-કોશ બે પાંખમાં મૂકવામાં આવ્યા હતા અને આ બંને પાંખ સ્વયં-સંચાલિત રીતે હમેશાં સૂર્યની દિશામાં જ રહે તેવી રચના કરવામાં આવી હતી. આથી ટાઈરૉસ ઉપગ્રહની સરખામણીમાં લગભગ ૨૦ ગણી વિદ્યુત-શક્તિ (૪૦૦ વૉટ) મળતી હતી.

નિમ્બસ શ્રેણીનો પહેલો ઉપગ્રહ ૨૮ ઑગસ્ટ ૧૯૬૪ના રોજ ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો હતો, અને પહેલે દિવસે જ પ્રશાંત મહાસાગર ઉપરનાં ઘણાં હરીકેન (વાવાઝોડાં) વિષે ઉપલબ્ધ થએલી અગત્યની માહિતી દ્વારા આ નવા ઉપગ્રહની ઉપયોગિતા સિદ્ધ થઈ શકી હતી. આ ઉપગ્રહમાં મૂકેલા કૅમેરા અને APT તંત્ર વડે એક દિવસમાં ૧૦૦૦ થી પણ વધારે હવામાન-ચિત્રો મેળવી શકાતાં હતાં. આ ઉપરાંત, આ ઉપગ્રહનાં અધો-રક્ત સંવેદન-યંત્રો દ્વારા રાત્રિ દરમિયાન પણ પૃથ્વી ઉપરનાં વાદળ-અચ્છાદનનાં ચિત્રો મળતાં હતાં, તથા વાતાવરણમાં જુદીજુદી ઊંચાઈ ઉપરનાં ઉષ્ણતામાન વિષે પણ માહિતી મળતી હતી, જે હવામાનના અભ્યાસ અને વરતારા માટે ખાસ ઉપયોગી હતી. તા. ૨૩ સપ્ટે. ૧૯૬૪ સુધીના લગભગ એક મહિનાના કાર્ય દરમિયાન આ ઉપગ્રહ દ્વારા રાત અને દિવસનાં ૨૭,૦૦૦ થી પણ વધારે હવામાન-ચિત્રો મેળવી શકાયાં હતાં. આ જ રીતે તે પછીના નિમ્બસ-૨ ઉપગ્રહ દ્વારા તેના ૩ વર્ષના કાર્ય દરમિયાન એક લાખથી પણ વધારે સંખ્યામાં હવામાન-ચિત્રો મેળવી શકાયાં હતાં. આ પછીના નિમ્બસ-૩ ઉપગ્રહમાં હવામાનનાં સર્વગ્રાહી અવલોકન માટે નીચે જણાવેલાં વિવિધ ઉપકરણો મૂકવામાં આવ્યાં હતાં:

૧) અધો-રક્ત (ઈન્ફ્રા-રેડ) વિકિરણ-માપક તંત્ર, જેની મદદથી વાતાવરણના જુદાજુદા સ્તરનું ઉષ્ણતામાન તથા તેમાંના ભેજ તથા ઓઝોન વાયુનું પ્રમાણ મેળવી શકાતાં હતાં; ૨) સૂર્યના પાર-જાંબલી (અલ્ટ્રા-વાયોલેટ) પ્રકારનું પ્રમાણ માપવા માટેનું ઉપકરણ; વાતાવરણના ઉચ્ચ સ્તરમાં થતી ભૌતિક પ્રક્રિયાઓ સમજવા માટે સૂર્યના પાર-જાંબલી પ્રકારનું પ્રમાણ જાણવું ખાસ જરૂરી છે; ૩) બલૂન—સમુદ્રમાં તરતાં અથવા સ્થિર રાખેલાં બોયાં અને ભૂમિ ઉપરનાં સ્વયં-સંચાલિત હવામાન મથક દ્વારા પ્રસારિત થતી હવામાનની માહિતી ગ્રહણ કરીને તેને પૃથ્વી ઉપરના મુખ્ય ભૂમિ-મથકને મોકલવા માટેનું તંત્ર : આ અગાઉ આપણે જોયું હતું કે પૃથ્વી ઉપરના સમુદ્ર અને અન્ય દુર્ગમ વિસ્તારો ઉપરનાં હવામાન વિષે આપણને પૂરતી માહિતી મળતી નથી. આ પરિસ્થિતિમાં ઉપર્યુક્ત તંત્ર હવામાનની પૂરક માહિતી મેળવવા માટે ઘણું ઉપયોગી થાય છે; ૪) દિવસ અને રાત્રિ દરમિયાન પૃથ્વીનાં વાદળ-આચ્છાદનનાં ચિત્રો મેળવવા માટેનું તંત્ર; અને ૫) અધો-રક્ત કિરણો દ્વારા પૃથ્વીનું ઉષ્ણતા-ભંડોળ (Heat Budget) માપવાનું તંત્ર; પૃથ્વી ઉપર પડતી સૂર્યની બધી ગરમીનું શોષણ થતું નથી; પૃથ્વીની



'નિમ્બસ' ઉપગ્રહ. લૅટિન ભાષામાં વાદળાં માટે વપરાતા નિમ્બસ શબ્દ ઉપરથી તેનું આ નામ રાખવામાં આવ્યું છે. 'ટાઈરૉસ' પછીના આ 'નિમ્બસ' શ્રેણીના ઉપગ્રહોને ચાક ન આપતાં એની ત્રણે ય ધરીઓ સ્થિર રખાઈ હતી, જેથી એમાં મૂકેલા કૅમેરા પૃથ્વી તરફ જ તકાએલા રહેતા હતા. વળી, એના સૌરકોશો બે પાંખિયાંમાં મૂકેલા હતા અને આ બંને પાંખ સ્વયં-સંચાલિત રીતે સતત સૂર્યની દિશામાં જ રહે તેવી રચના હોઈ ટાઈરૉસ કરતાં લગભગ ૨૦ ગણી વિદ્યુતશક્તિ તેને માટે લભ્ય હતી.

ભૂમિ સમુદ્ર અને વાદળાં દ્વારા આમાંની અમુક ગરમી અવકાશમાં પાછી ફેંકાય છે, જે માપવાથી પૃથ્વીનું ઉષ્ણતા-ભંડોળ જાણી શકાય છે; ફક્ત કૃત્રિમ ઉપગ્રહના ઉપયોગથી જ આ જાતનું અવલોકન લઈ શકાય છે અને આ માહિતી હવામાનના અભ્યાસ માટે અગત્યની છે.

આ પછી આ પ્રકારના બીજા નિમ્બસ-ઉપગ્રહ પ્રક્ષેપિત કરવામાં આવ્યા હતા.* ટાઈરૉસ અને નિમ્બસ ઉપગ્રહની પ્રાયોગિક શ્રેણી પછી અમેરિકાની Environmental Science Service Administration—ESSA-દ્વારા સક્રિયાત્મક હવામાન ઉપગ્રહની શ્રેણી શરૂ કરવામાં આવી. ESSA નામથી ઓળખાતી આ શ્રેણીમાં ફેબ્રુઆરી ૧૯૬૬ થી ફેબ્રુઆરી ૧૯૬૯ સુધી ૯ ઉપગ્રહ પ્રક્ષેપિત કરવામાં આવ્યા હતા. આ બધા ઉપગ્રહમાં બે ટી. વી. કૅમેરા અથવા APT કૅમેરા રાખવામાં આવ્યા હતા. આ બધા જ ઉપગ્રહ હવામાનના વરતારા બનાવવા માટે નિયમિત રૂપે કામમાં લેવાયા હતા.

ઘણી વાર હવામાન અત્યંત અનિયમિત પ્રકારની ગતિશીલતા બતાવે છે અને પરિણામે એમાં ખૂબ ત્વરિત અને નાટકીય પરિવર્તન જોવા મળે છે. હવામાનની આ પ્રકારની લાક્ષણિકતાનો ઝીણવટથી અભ્યાસ કરવા માટે ઉપર્યુક્ત ભ્રમણકક્ષાના ઉપગ્રહો બહુ જ મર્યાદિતરીતે ઉપયોગી થાય છે, પરંતુ ભૂ-સમકાલિક ભ્રમણકક્ષામાં 'સ્થિર' રાખેલા ઉપ-

* નિમ્બસ શ્રેણીના વર્તમાન ઉપગ્રહમાં 'માઇક્રોવેઈવ રેડિયોમીટર' નામનું સાધન રાખવામાં આવ્યું છે જેના ઉપયોગથી સમુદ્રની સપાટીનું ઉષ્ણતામાન તથા વાતાવરણમાં ભેજનું પ્રમાણ માપી શકાય છે. આ ઉપરાંત વાતાવરણમાં પ્રદૂષણ રૂપે ભળેલા વાયુ વિષેની માહિતી મેળવવા માટે પણ ઉપકરણ મૂકવામાં આવ્યું છે.



'નિમ્બસ' ઉપગ્રહો લગભગ ૧૦૦૦ કિ. મી.ની ઊંચાઇએ વર્તુલાકાર ધ્રુવીય ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા હતા. એના કૅમેરા પૃથ્વી તરફ જ તકાયેલા રહેતા એથી હવામાનનાં ક્રમબદ્ધ ચિત્રોની પ્રાપ્તિ શક્ય બની. આકૃતિમાં એના બે પરિભ્રમણ દરમિયાન પૃથ્વીના સંદર્ભમાં તેના સ્થાન-ફેર ૧ અને ૨ દ્વારા દર્શાવવા સાથે તેના દ્વારા જે રીતે ક્રમબદ્ધ ચિત્રો મેળવી શકાતાં હતાં તે દર્શાવ્યું છે.


ગ્રહની મદદથી આ કાર્ય ખૂબ અસરકારક રીતે કરી શકાય છે. ડિસેમ્બર ૧૯૬૬માં મુખ્યત્વે સંદેશા વ્યવહાર અને અવકાશ-વિજ્ઞાનના પ્રાયોગિક અભ્યાસ માટેની 'ઍપ્લીકેશન ટેક્નૉલૉજી સૅટેલાઈટ' (એ. ટી. એસ.)શ્રેણીનો પહેલો ઉપગ્રહ ૧૪૦° પશ્ચિમ રેખાંશ ઉપર વિષુવવૃત્તીય ભૂ-સમક્રમિક કક્ષામાં મૂકવામાં આવ્યો હતો. આ ઉપગ્રહમાં હવામાનના પ્રાયોગિક અભ્યાસ માટે રાખવામાં આવેલા કૅમેરા વડે દર વીસ મિનિટે પ્રશાંત મહાસાગરના વિશાળ ભાગ ઉપરના હવામાનનું ચિત્ર મળી શકતું હતું. આ રીતે આ વિશાળ પ્રદેશ પરના હવામાનની લાક્ષણિક ગતિશીલતા ને તેના ત્વરિત પરિવર્તનો વિષે તત્કાલીન માહિતી મળી શકી. આ શ્રેણીના બીજા એ. ટી એસ.-૨, ૩, ૪, ૫ આ પછી પ્રક્ષેપિત કરવામાં આવ્યા.—જો કે એ. ટી. એસ-૩ સિવાયના બીજા ઉપગ્રહ વિષુવવૃત્તીય ભૂ-સમક્રમિક કક્ષામાં સફળતાપૂર્વક પ્રક્ષેપિત નહોતા થઈ શક્યા એ.ટી એસ.-૩ ઉપગ્રહમાં ત્રણ મૂળભૂત રંગ માટે જુદા જુદા કૅમેરા મૂકેલા હતા, જેની મદદથી વાદળાંની રંગીન છબિ મેળવી શકાતી હતી.


આ વાવાઝોડાં સાધારણ રીતે અત્યંત અનિયમિત ગતિશીલતા ધરાવતાં હોય છે અને એટલે એના વિષે સંપૂર્ણ વિગતથી માહિતી મેળવવા માટે તથા એના માર્ગ વિષે ચોકસાઈથી આગાહી કરવા માટે ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં 'સ્થિર' રાખેલો ઉપગ્રહ ખૂબ જ ઉપયોગી બને છે. આપણી પાસે હજુ આ જાતનો કોઈ ઉપગ્રહ નથી એટલે આપણે પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહ ઉપર જ આધાર રાખવો પડે છે. છતાં, એ આધારે પણ આપણે ઉપયોગી આગાહી કરી શકીએ છીએ. તાજેતરના આંધ્ર પ્રદેશ ઉપરના મહાવિનાશક વાવાઝોડા વિષે પણ હવામાન ખાતા તરફથી લગભગ ૪૮ કલાક અગાઉ ચેતવણી તો આપવામાં આવી જ હતી, તેમ છતાં આ આપત્તિ સામે સમયસર પગલાં ન લઈ શકાયાં તે એક કમનસીબી ગણી શકાય. આનાં કારણોમાં ઊંડા ઊતરવાનું અહીં અસ્થાને છે, પરંતુ એટલું કહેવું જોઈએ કે અવકાશ-યંત્રવિજ્ઞાનના ઉપયોગ દ્વારા ઝડપથી મળતી માહિતીનો આપણે પૂરતો લાભ નથી લઈ શકતા એટલે આપણે અન્ય દિશાઓમાં પણ હજુ ઘણું કરવાનું બાકી છે.


આજે અમેરિકા, રશિયા, જાપાન અને યુરોપના પોતાના હવામાન ઉપગ્રહો અનુકૂળ રેખાંશ ઉપર વિષુવવૃત્તીય ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં રાખવામાં આવ્યા છે. આ બધા ઉપગ્રહ પૃથ્વીના વિશાળ પ્રદેશો ઉપરના હવામાન ઉપર રાતદિવસ નિરંતર નજર રાખે છે અને તેનાં ચિત્રો અને બીજી અગત્યની માહિતી પૃથ્વી પરનાં ભૂમિ-મથકો ઉપર મોકલે છે. આપણા દેશનો સંદેશ-વ્યવહાર-ઉપગ્રહ Indian National Satellite–INSAT લગભગ ૧૯૮૦માં, ૭૯° પૂર્વ રેખાંશ ઉપર ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. આ ઉપગ્રહમાં સંદેશ વ્યવહાર અને ટૅલિવિઝન પ્રસારણની સાથે હવામાન વિષે સર્વગ્રાહી અવલોકન લેવા માટે પણ અમુક ઉપકરણો મૂકવામાં આવશે. આ ઉપગ્રહ વડે આપણા દેશના તથા આજુબાજુના સમુદ્ર ઉપરના હવામાન વિષે સતત માહિતી મેળવી શકાશે, જેથી હવામાનના વરતારા વધારે ચોકસાઈથી કરી શકાશે.

ટાઈરૉસ અને નિમ્બસ શ્રેણીના ઉપગ્રહનો ઉપયોગ કરીને આપણે છેક ૧૯૬૪થી APT પ્રકારનાં ભૂમિ-મથકો દ્વારા હવામાન ચિત્રો મેળવીએ છીએ. ભારતમાં આવાં ઘણાં APT ભૂમિ-મથક સ્થાપવામાં આવ્યાં છે. આ રીતે મેળવાતાં હવામાન-ચિત્રો દ્વારા વાવાઝોડાં વિષે ઘણી ઉપયોગી માહિતી મળી શકી છે. અને એ રીતે આ મહા-વિના-

▽ ડાબી બાજુ. નિમ્બસ ઉપગ્રહ (૧) દ્વારા ભૂમિ, સમુદ્ર અને વાતાવરણના ઉચ્ચ સ્તરના હવામાન વિષેની માહિતી મેળવવા માટેની તંત્રરચના. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ભૂમિ પરનાં સ્વયંસંચાલિત હવામાન મથક (૨), ઉચ્ચ સ્તરમાં લટકતાં બલૂન (૩), સમુદ્રમાં તરતાં કે સ્થિર મૂકેલાં બોયાં (૪) અને સમુદ્રમાં ફરતાં ખાસ જહાજ (૫) દ્વારા ગ્રહણ કરાએલી હવામાન અંગેની માહિતી ઉપગ્રહને મોકલવામાં આવે છે, અને આ બધી માહિતી નિમ્બસ દ્વારા મુખ્ય ભૂમિ-મથક (૬) ઉપર મોકલવામાં આવે એવી તંત્રવ્યવસ્થા એમાં છે. જમણી બાજુ: ભૂ-સમક્રમિક હવામાન ઉપગ્રહનાં સ્થાન. નકશામાં દર્શાવ્યા પ્રમાણે જાપાન, અમેરિકા, યુરોપ અને સોવિયેત દેશના હવામાન ઉપગ્રહ અનુક્રમે ૧, ૨, ૩, ૪ અને ૫ની સંખ્યા વડે દર્શાવેલા જુદાજુદા રેખાંશ ઉપર ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા છે. આ દરેક બિંદુની આજુબાજુ દોરેલા વર્તુલાકાર વડે જે તે ઉપગ્રહની હવામાન-અવલોકન (ચિત્ર) માટેની દષ્ટિમર્યાદા બતાવી છે. ભારતનો ભૂ-સમક્રમિક ઉપગ્રહ ઈ. ૧૯૮૦માં ૭૯° પૂર્વ રેખાંશ (એટલે કે ૫થી ૧૦ અંશ દૂર જમણી બાજુ) ઉપર મૂકવામાં આવશે.







ઈ. ૧૯૭૫ના ઑક્ટોબરમાં પોરબંદર પર ત્રાટકેલા વાવાઝોડાનું ચિત્ર. ટપકાંવાળી તૂટક રેખાઓ દ્વારા એનું સ્થાન દર્શાવ્યું છે. ઈ. ૧૯૭૫ની ૨૨મી ઑક્ટોબરે સવારે ૯-૩૫ના સમયે અરબી સમુદ્ર ઉપરના ઉપગ્રહ દ્વારા આ ચિત્ર લેવાયું હતું.

શક કુદરતી આફત સામે સમયસર ચેતવણી આપી શકાય છે. અલબત્ત, દરિયા-કાંઠે મૂકેલાં રડારની મદદથી પણ વાવાઝોડાં વિષે માહિતી મેળવી શકાય છે. રડારની મર્યાદાને લીધે ફક્ત ૩૦૦–૪૦૦ કિ. મી. સુધી જ 'જોઈ' શકાય છે જ્યારે ઉપગ્રહ વડે આ મર્યાદા નથી નડતી.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી સમજાશે કે ચીલાચાલુ હવામાનશાસ્ત્રમાં ઉપગ્રહ-હવામાનશાસ્ત્ર એક પૂરક પરિબળરૂપે ફાળો આપે છે. સંક્ષિપ્તમાં કહીએ તો ઘણા વિશાળ પ્રદેશ ઉપરની—ખાસ કરીને સમુદ્ર ઉપર હવામાનની વર્તમાન સ્થિતિ જાણવા માટે ઉપગ્રહ એક અજોડ સાધન છે. આ સાધનના ઉપયોગથી હવામાનના વરતારામાં નોંધપાત્ર સુધારો થયો છે તે નિર્વિવાદ હકીકત છે. આમ છતાં આપણે હજુ સંપૂર્ણ વાસ્તવિક વરતારા કરી નથી શકતા. આ પરિસ્થિતિનું મુખ્ય કારણ એ છે કે આપણે વાતાવરણમાં ઉત્પન્ન થતી બધી જ ભૌતિક પ્રક્રિયા સંપૂર્ણ રીતે સમજી શકતા નથી. હવામાનશાસ્ત્રીઓનું માનવું છે કે સમુદ્રનાં પરિવર્તનશીલ લક્ષણો તથા પૃથ્વીની સપાટી, વાદળાં ને વાતાવરણમાં રહેલાં સૂક્ષ્મ રજકણો દ્વારા ઉત્સર્જિત થતાં વિકિરણનું પરિવર્તન આ પરિસ્થિતિમાં ભાગ ભજવતું હોય. આ પરિવર્તનશીલ પરિબળોની અસર વિષે હજુ પૂરતી માહિતી મળી નથી.

હવામાનનો વધારે તલસ્પર્શી અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ અગત્યના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આમાં 'વર્લ્ડ મીટીરિયોલૉજિકલ ઑર્ગેનાઈઝેશન' (WMO) ને 'ઈન્ટરનૅશનલ કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક યૂનિયન' (ICSU)ના આશ્રય નીચે શરૂ કરવામાં આવેલો આંતરરાષ્ટ્રીય સંશોધન કાર્યક્રમ—'ગ્લોબલ ઍટમૉસ્ફેરિક રીસર્ચ પ્રોગ્રામ, (GARP) મુખ્ય છે. 'ગાર્પ'ના પેટા કાર્યક્રમ રૂપે એક બીજો પ્રયોગ 'મૉન્સૂન એક્સપેરિમેન્ટ' (MONEX) પણ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં ભારત સક્રિય રીતે ભાગ લઈ રહ્યું છે. ભારતના નૈર્ઋત્ય અને ઈશાન દિશાનાં ચોમાસાંના અભ્યાસ માટે MONEX પ્રયોગ ૧૯૭૯માં બે તબક્કામાં કરવામાં આવશે. ચોમાસાની ગૂંચવણ ભરેલી પ્રક્રિયા સમજવા માટે ભૂમિ અને સમુદ્ર ઉપરના હવામાનના અવલોકન ઉપરાંત વાતાવરણમાં જુદીજુદી ઊંચાઈ ઉપરનાં અવલોકનની પણ જરૂર પડે છે. આ માટે આ પ્રયોગમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરતા અને ભૂ-સમકમિક ભ્રમણકક્ષામાં 'સ્થિર' રાખેલા ઉપગ્રહ તથા વૈજ્ઞાનિક સાધનો ધરાવતાં બલૂન, વિમાન, દરિયાઈ જહાજ, દરિયામાં મૂકેલાં સ્થિર તથા તરતાં બોયાં, ભૂમિ ઉપરનાં હવામાન મથક અને રૉકેટ દ્વારા હવામાન વિષે માહિતી મેળવવામાં આવશે.

આપણે આશા રાખી શકીએ કે આ બધા આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પ્રયાસો દ્વારા વાતાવરણની ભૌતિક પ્રક્રિયાઓ વિષે આપણે વધારે સ્પષ્ટ ખયાલ મેળવી શકીશું અને પરિણામે આવતાં દસ વર્ષમાં હવામાનના ટૂંકા ગાળાના વરતારા વધારે વાસ્તવિક રીતે કરી શકીશું. □

લઘુકથા

પુનરાવર્તન

ત્રિલોચન

'પણ તમને વાંધો શો છે? જાગતે જોડી થશે.' ઘઉં વીણતાં મૃદુલાએ નીચી નજર રાખી પૂછ્યું.

પરેશભાઈએ પગથી હીંડોળાને ઠેલો માર્યો. માથા પરના જૂજ વાળમાં આંગળીઓ ગૂંચવી રહ્યા: 'અત્યારે તો બધું સારું જ લાગે છે. પણ આપણે માબાપે તો બધું જોવું જોઇએ ને?'

'તમને ઝીણું કાંતવાની આદત પડી ગઈ છે. લાડકોડથી ઊછરેલી દીકરી માટે મને હોંશ નહિ હોય?' મૃદુલાએ આંખ માંડી.

'તું ગેરસમજ ન કર. કાર્તિક જેવો સ્વભાવે ગણેલો, સારું કમાતો છોકરો મને પણ ગમે છે. પણ લાગે છે કે બે ય સુખી નહિ થાય.'

'તમે તો જાણે બધા જોષ જોઈ લીધા! આવી જોડ શેં કામ સુખી ન થાય?'

'સુખી થાય તો મન પણ ગમે જ. પરંતુ બંનેના સંસ્કાર વચ્ચે ઘણું મોટું અંતર છે'

'દૂધમાંથી પોરા ન કાઢો. આપણે કેતનાને કયા સંસ્કાર નથી આપ્યા? આપણી જ વાત કરું. આ બાવીશ વરસમાં આપણે કયું સુખ નથી ભોગવ્યું?' મૃદુલાના મોં પર સુરખી ફરી ગઈ.

'કાર્તિક સ્વભાવે વધુ સહનશીલ છે. એટલે કેતનાના તેજ સ્વભાવને સહન તો કરી લેશે, પણ એનું દબાએલું વ્યક્તિત્વ પ્રેમનો અનુભવ કરી શકશે?' અદબ વાળીને પરેશભાઈ લગ્ન પછી પડાવેલા પોતાના સંયુક્ત ફોટા પર બેઠેલાં ચકલા-ચકલીને જોઈ રહ્યા. હીંડોળો ઝલતો રહ્યો.


'સ્વભાવ તો નરમ ગરમ હોય તો ઊલટું વધુ સારું ચાલે. આમ કરીકરીને તમે સોનાનો મૂરતિયો ખોવાના. તમને તો કેતના કરતાં કાર્તિકનું વધારે લાગે છે!...ભગવાન માથા મૂકે એટલે મનમેળ થઈ જાય એમ કેમ નથી ધારતા?'

પરેશભાઇએ જોયું કે મૃદુલાએ કાંકરાને બદલે થાળીમાંથી ઘઉંનો દાણો વીણીને ફેંકી દીધો હતો. ચશ્માંમાંથી એકીટશે મૃદુલાની પાંપણ નીચેની કાળાશ સામે જોઈ રહેતાં તેમણે ધીરેથી કહ્યું: 'આપણા અનુભવે.'

અનુસંધાન] જોસેફ પુલિટ્ઝર [પૃ. ૫૩થી

કે જે કોઈ પણ પત્રનો હૃદયધબકાર છે તે, ઇતિહાસ અને સાહિત્ય તથા વિજ્ઞાન અને કલાના અભ્યાસ વિના કોઈ પણ વ્યક્તિ શી રીતે લખી શકે? તેની તાલીમ દરમિયાન ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની, અને પત્રકારત્વનું ધોરણ ઊંચું લાવવા શ્રેષ્ઠ વૃત્તાંત, શ્રેષ્ઠ તંત્રીલેખ વગેરે માટે વાર્ષિક પુરસ્કારની પણ જોગવાઈ એમાં કરેલી છે. ઉપરાંત શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે પણ વાર્ષિક પુરસ્કારની જોગવાઈ છે.'

અંધ છતાં દેખતાઓ કરતાં વધુ પારગામી દૃષ્ટિ ધરાવતા, શરીરથી કંતાઈ ગએલા છતાં મનથી વજ્ર કરતાં યે મક્કમ જોસેફ પુલિટ્ઝરના જીવનમાં ૧૯૧૧ના ઑક્ટોબરની ૨૯મીનો દિવસ ઉદ્ભવ્યો હતો. જીવનભર અશાંત રહેલા એના આત્માએ તે દિવસે પૂર્ણ શાંતિપૂર્વક ચાર્લ્સટનના બારામાં નાંગરેલા તેના જહાજ પરથી જ ચિરવિદાય લઈ લીધી. જે જનસામાન્યનો એ હામી બની રહેલો અને એના હક્કો માટે ઝૂઝેલો એની લડતનો વારસો તે ભાવિ પેઢીને સોંપતો ગયો છે: '...હજી ન્યાય મેળવવાનો બાકી છે. કોઈકોઈ વાર મારી શ્રદ્ધા ડગી જાય છે, કારણ કે હક્કોની વહેંચણીમાં વિષમતા સરજાઈ છે: શ્રીમંતો વધુ ને વધુ સત્તા મેળવતા જાય છે ને ગરીબોના વધુ ને વધુ હક્કો છીનવતા જાય છે. લોકશાહી બધાંયને માટે કામ કરતી થાય એવું કાંઈ આપણે ન કરી શકીએ?'



સાંચીનો સ્તૂપ


પચ્ચીસ વર્ષ પહેલાં


ફેબ્રુઆરી ૧૯૫૩ · અળંગઅંક ૩૫૦

આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના–ફેબ્રુઆરી ૧૯૫૩ના–અંકમાં ભારતના એક પ્રાચીનતમ અને રૂપસુંદર બૌદ્ધ સ્થાપત્યરત્ન 'સાંચી' વિષયક શ્રી ગોપાલદાસ શાહનો આઠ પાનાં ભરીને સચિત્ર લેખ આવેલો. તેમાંથી થોડીશી વાનગી-જેમાં આપણી શિલ્પ સ્થાપત્યકલાની આછી રૂપરેખા પણ આવી જાય છે.

સાંચીની ટકરીનો આ મુખ્ય સ્તૂપ (ઉપર) ઈ. સ. પૂર્વે ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે મૂળ ઇંટમાં બંધાવેલો. તેના પથ્થરનાં શિલ્પ, ચોમેરની બારાદરી ને તોરણ એક સૈકા મોડાં બંધાયાં છે. સ્તૂપ એટલે મથાળે સપાટ કરેલું અંડાકાર નક્કર બાંધકામ. ચોમેર પ્રદક્ષિણા માટેની નીચી અગાશીમાંથી જાણે ઊભો થતો હોય તેમ તે લાગે. તેની ચારે તરફ ઊભા થાંભલા (સ્તંભ)માં આડા ઘોડા (સુચિ) ભરી દઇને પથ્થરની વાડ કરી છે, જે પહેલાં લાકડાની હતી. તેની ટોચ પર છત્રના દંડની આસપાસ રક્ષણ માટે બારાદારી બાંધી ઊભો કરેલો 'હર્મિક' છે. પહેલાં એ છત્ર એક રાખવામાં આવતું. ધીમેધીમે તેની સંખ્યા વધતી જઇને આગળ જતાં નેપાળ તથા ચીનના સ્તૂપનો લંબગોળ ઘાટ થયો. ત્યાર પછી હિંદી સ્થાપત્યમાં તેણે શિખરનું રૂપ લીધું ને સ્તૂપે ઘુમ્મટનું.

સાંચીની ટેકરીનું મૂળનામ વેદિશાગિરિ. ત્યાં સ્તૂપો ને ચૈત્યો વધતા જવાથી પાછળથી તે ચૈત્યગિરિ પણ કહેવાતું. સાતમી સદીમાં તે 'શ્રીપર્વત'ના નામથી જાણીતું હતું. ભવભૂતિના 'માલતી-માધવ' નાટકમાં શ્રીપર્વતનો ઉલ્લેખ આવે છે તે આ જ એમ મનાય છે. ત્યાં આવેલું આજનું ભીલસા તે અગાઉ વિદિશા નામથી પૂર્વ અવંતી (પૂર્વ માળવા)ની રાજધાની હતું. ભગવાન બુદ્ધના ચરિત્રકાર બુદ્ધઘોષે તેનો વિસનગર તરીકે ઉલ્લેખ કર્યો છે. આજે ત્યાં બિસનગર ગામ પણ છે. હિંદુઓના પ્રયાગની માફક તે આજે પણ ત્યાંના ત્રિવેણી-સંગમ માટે પવિત્ર મનાય છે. તેની ઉત્તરે બિસ નદી છે અને દક્ષિણે બેતવા (પ્રાચીન વેત્રવતી) નદી છે. ત્રીજી ગંગાને અદૃશ્ય રીતે ભૂમિતલમાં વહેતી ગણવામાં આવે છે. બિસ અને બેતવા તેની ઉત્તર દક્ષિણે એકાદ માઈલ સુધી સમાંતર ચાલ્યા પછી બેટવા એકાએક વળાંક લઇને અરધા માઈલ સુધી ઉત્તરે વહી બિસને મળે છે. આમ ત્રણ બાજુએ નદીઓથી વીંટાએલા બિસનગરની ચોથી બાજુએ, જમીનથી ત્રીસેક ફૂટ ઊંચી ભૂમિ ઉપર એક મજબૂત કિલ્લો ઊભો છે, જેની તળેટીમાં ઊંડી ખાઈ છે. એ કિલ્લાની વાયવ્યે બિસનગર વસેલું છે. પુરાણોમાં જણાવ્યા પ્રમાણે તે રુકમાંગદ રાજાએ વસાવેલું. આજે તો એ નાનુંસરખું ગામ રહ્યું છે.






સાંચીના મુખ્ય સ્તૂપનું ઉત્તર દિશાનું તોરણ

સાચીનાં શિલ્પોમાં સૌથી અદ્‌ભુત અને આકર્ષક ત્યાંનાં તોરણો છે. સ્તૂપની ચોમેર દસેક ફૂટ દૂર, ઊભા સ્તંભમાં આડા સુચિ સરી ! જે બારાદરી (વાડ) કરી છે તેમાં ચાર દિશાએ ચાર દરવાજા તરીકે કમાનોના રૂપમાં એ ઊભા કરેલા છે, અને તેના સ્તંભો તથા સિરદલોની બધી બાજુઓનો ખૂણેખૂણો ને ઇંચેઇંચ જગ્યા કોતરણીથી ખીચોખીચ ભરેલી છે. એ ચારે પૈકી ઉત્તર દિશાનું તોરણ જે ઓછામાં ઓછું ખંડિત છે તેનું રેખાંકન સર જૉન માર્શલના બહુમૂલ્ય ગ્રંથમાંથી (મૂળ ચિત્ર કરતાં પોણા બે ગણું મોટું કરીને) અહીં બતાવ્યું છે. છતાં મૂળમાં શિલ્પની ગોળાઈને લીધે ઊમનો જે આવેગ અનુભવી શકાય છે તેનો ખયાલ આના ઉપરથી આવી શકે નહિ. આજથી બે હજાર કરતાં પણ વધુ વર્ષ પહેલાં કારીગરો માત્ર લાકડામાં અને હાથીદાંતમાં કોતરકામ કરતા. તેમણે સૌ પહેલું પથ્થરમાં શિલ્પ કરવા માંડયું તે કાળની આ કૃતિ હોવાનું તજ્જ્ઞો માને છે. ચારે તોરણોમાં બુદ્ધના પૂર્વ જન્મની જાતક કથાઓ અને બુદ્ધજીવનના પ્રસંગો ઉપરાંત સામાજિક જીવનનાં દૃશ્યો, યક્ષો, કિન્નરો, કિસમકિસમનાં પક્ષીઓ, વૃક્ષવેલીનાં સુશોભનો આદિ મબલખપણે કોતર્યાં છે.

આ તોરણના મથાળે વચમાં હાથીઓ પર ટેકવેલું ધર્મચક્ર, તેની બે બાજુએ બે યક્ષો, તે પછી એકએક 'ત્રિરત્ન'નું સુશોભન, અને બંને છેડે પાંખાળા સિંહ બેસાડેલા છે. મથાળાનાં બે સિરદલ (લિન્ટલ) ઉપર સાત 'માનુષી બુદ્ધ'નાં આલેખન છે ને નીચલા ત્રીજા સિરદલ ઉપર બુદ્ધના પૂર્વજન્મની 'ઋષ્યશૃંગ જાતક' નામની કથા કોતરેલી છે. એ સિરદલોની વચ્ચેના બે તરફના ચાર ચોખંડામાં એક તરફ ઉપરનીચે 'બુદ્ધજન્મ'નું આલેખન છે અને બીજી બાજુ પ્રથમ પ્રવચનનું આલેખન છે. બંને થાંભલાઓ ઉપર શ્રાવસ્તી ને કપિલવસ્તુમાં બનેલા બુદ્ધ-જીવન-પ્રસંગોનું પ્રતીકાત્મક ચિત્રણ છે. આ ચિત્રનો ઉદ્દેશ તો માત્ર મૂળની ભવ્યતા અને ચિત્રમયતાનો ખયાલ આપવાનો જ છે. એમાં વિગતો કશી આવવી શક્ય નથી. □



સાંચીની કલા

સાંચીના સ્તૂપો, ચૈત્યો તથા વિહારો એક જ કાળે બંધાએલા નથી, પરંતુ બૌદ્ધ ધર્મની ચડતી સાથે તેમાં ઉમેરો થતો ગયો છે. અશોક મૌર્યે હિંદભરમાં જે હજારો વિહારો, સ્તૂપો તેમ જ સ્તંભો ઊભા કરાવ્યા તે સમયે શિલ્પકલા પ્રાથમિક અવસ્થામાં હતી. તેમાં સાદાઈ ને પ્રકૃતિ-જન્યતા હતી. અશોક પછી શુંગ રાજાઓના વખતમાં સાંચીની કલાને ઘણો વેગ મળ્યો, ને ત્યાં જે કેટલીક અગત્યની ઇમારતો બંધાઈ તે શુંગ વંશના અમલ દરમ્યાન જ બંધાએલી છે. બીજો અને ત્રીજો સ્તૂપ તથા મુખ્ય સ્તૂપને ફરતી નીચેની પથ્થરની પરસાળ એ વખતે બંધાએલાં છે. તે ઉપરાંત મુખ્ય સ્તૂપનો ઘુમ્મટ જે અગાઉ ઈંટોનો બંધાએલો હતો તે એ વખતમાં જ પથ્થરનો બનાવવામાં આવેલો હોવાનું મનાય છે. તેમ કરવામાં તેનો ઘેરાવો પણ વધારાયો હતો. એ વખતની કોતરણી પણ ઘણી સારી છે અને તેમાં બારીક સુશોભનો વધ્યાં છે.


ત્યાર પછી આંધ્ર વંશના અમલ દરમ્યાન હિંદી કલા ખૂબ આગળ વધી. સ્તૂપની આજુબાજુનાં ચાર તોરણો અને ત્રીજા સ્તૂપનો એકનો એક દરવાજો આ સમયમાં ઊભાં કરાયાં. તોરણોની કલા તો ઘણા ઊંચા સ્વરૂપમાં શક્તિશાળી કલાકારોને હાથે થએલી જણાય છે. પ્રતિમાઓના અંગભંગ વધારે સુંદર જણાય છે અને હાવભાવ આકર્ષક તથા જીવંત દર્શાવાયા છે. આ વખતની કલામાં પશ્ચિમ એશિયાની કલાની કંઈક અસર જણાય છે. પરંતુ આ વખતના કલાકારો બહુ ચપળ અને સર્વગ્રાહી હતા. પરદેશી અસરને તે ખૂબીથી પચાવી લેતા હતા. વળી જે કલાને તેઓ સર્જતા હતા તે રાષ્ટ્રીય કલા હતી અને તેમાં આમ જનતાની ઊર્મિઓને તેઓ ઉતારતા હતા.

ગુપ્તોના આવવા સાથે, વિકાસ પામતી બૌદ્ધ કલા એક નવા જ તબક્કામાં પ્રવેશે છે. હિંદના સમગ્ર ઇતિહાસમાં ગુપ્ત વંશનો અમલ એ સુવર્ણયુગ ગણાય છે. એ સમયે કલા અને સંસ્કૃતિ શિખરે વિરાજતાં હતાં. પશ્ચિમના દેશો સાથે વધુમાં વધુ સંપર્ક આ વખતે જ સધાયો હતો. રાજકીય, ધાર્મિક, સાહિત્યિક અને કલાવિષયક વિવિધ ક્ષેત્રોમાં એકધારો અને ઝડપી વિકાસ આ સમયમાં થયો હતો. મહાન કવિ કાલિદાસ પણ આ જ યુગમાં થયા. પશ્ચિમમાં જેને renaissance કહે છે તેવી નવનિર્માણની સર્વોદયી પ્રગતિ આ યુગે સાધી. કલાવિદો તેને ૮૦૦ વર્ષ પહેલાંના ગ્રીક સુવર્ણ-સમય અને હજાર વર્ષ પછીના રોમન શ્રેષ્ઠ યુગ સાથે સરખાવે છે. આ વખતનાં કલાવિધાનમાં હેતુ તથા તર્કને વધુ વેગ મળ્યો. કલા વધુ ઘાટીલી પણ સાથે સંકુલ થવા લાગી. સાદાઈ અને સુંદરતાનું પ્રમાણ કંઈક ઘટ્યું ખરું, પણ તે સાથે વિચાર ને હૃદયની લાગણીઓને હૂબહૂ ઉતારવાની શક્તિ ખીલી. આ કાળની મૂર્તિઓમાં જે ચિરશાંતિ, સૌંદર્ય અને ભવ્યતા આલેખાયાં છે તે એટલાં અદ્‌ભુત છે કે દુનિયાની કલામાં તે અગત્યનું સ્થાન ધરાવે છે. આ પ્રગતિ ગુપ્ત વંશ પછી પણ ઠેઠ સાતમી સદી સુધી અવિરત ગતિએ વિકાસ પામતી રહી હતી.

તે પછી મધ્ય યુગમાં સ્થાપત્યોની ભવ્યતામાં વધારો થયો, પરંતુ ગુપ્ત કલામાં જે આધ્યાત્મિક સૌંદર્ય હતું તે મરી ગયું ને તેને બદલે અલંકારને મહત્ત્વ અપાયું. આથી દેખાવમાં સુંદર લાગતી હોવા છતાં એ કાળની મૂર્તિઓ જાણે જીવ વગરની ફી લાગે છે.

મધ્ય યુગમાં માળવાની ગાદીએ આવનાર રાજા મુંજ તથા તેના પ્રખ્યાત ભત્રીજા ભોજની કલાપ્રિયતા, વિદ્વત્તા, સાહિત્યપ્રિયતા ને સંસ્કારિતાને લીધે 'ભોજનું માળવા' હિંદને ખૂણે ખૂણે ખ્યાતિ પામ્યું. હાલનું ભોપાળ તે વખતે ભોજપુર તરીકે પ્રખ્યાત હતું, પણ ઈ. ૧૦૫૩માં ભોજનું મૃત્યુ થતાં પરમાર વંશની પડતી થઈ. માળવાની સ્વતંત્રતા નષ્ટ થયા બાદ સાંચી લગભગ પાંચેક સદીઓ સુધી એટલું તો અંધારામાં રહ્યું કે ઝનૂની મુસલમાનોના ધ્વંસમાંથી પણ તે બચી જવા પામ્યું. પશ્ચિમ માળવાની રાજધાની વિદિશા જે ભૈલસ્વામિન નામના એક સચિવના નામ ઉપરથી ભીલસા તરીકે ઓળખાયું તેને મુસ્લિમ આક્રમકોએ ત્રણ વખત લૂંટ્યું, ચોથી વખતે ઔરંગઝેબે પણ લૂંટવામાં અને મંદિરોનો નાશ કરવામાં કંઈ બાકી ન રાખ્યું. આમ છતાં ત્યાંથી ફક્ત છ જ માઈલ દૂર આવેલું સાંચી બચી જવા પામ્યું એ આશ્ચર્યજનક છે.


ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં જનરલ ટેઈલરે જ્યારે પહેલવહેલું સાંચી જોયું ત્યારે સ્તૂપની આજુબાજુનાં ચાર તોરણો પૈકી ત્રણ તો અખંડ ઊભાં હતાં. દક્ષિણ તરફનું ચોથું તોરણ પણ ત્યાં જ ઢગાન પડેલું હતું. સંસ્કારી અંગ્રેજ મુસાફરોથી આ સુંદર ને અપૂર્વ કલાસામગ્રી વણપીછી ન રહી ને સાંચીની અપૂર્વતા જગત સમક્ષ ફરી વાર બહાર આવી.



સાંચી પછી સ્તૂપની આકૃતિમાં ઉત્તરોત્તર ફેરફાર થતા ગયા તેની ચરમ સીમા જલાલાબાદ પાસેના આ 'અહિન પોશ' સ્તૂપમાં જોવા મળે છે. તેમાં ઘુમ્મટ લંબાયો છે, ચોમેરની પ્રદક્ષિણાની અગાશી એકને બદલે બે થઈ છે, અને તેમાં ચડવા માટે ચારે બાજુ પગથિયાંવાળી ચાર સીડીઓ મૂકેલી છે. આ રચના જાવાના બોરોબુદુરના મંદિરમાં અપનાવી છે. આ સ્તૂપની આકૃતિ બ્રહ્મદેશમાં વધારે સાંકડી થતી જઇને ત્યાંના પેગોડાનાં શિખર શંકુ આકારનાં અણિયાળાં બની ગયાં ને છત્ર અદૃશ્ય થઈ ગયાં.

'વિનોદ'ની નજરે
[૨૭]

આબિદ સૂરતી



—લેખક—
વિનોદ ભટ્ટ

મેઘધનુષ્યમાં કુલ નવ રંગ હોય છે. જા-ની-વા લી-પી-ના-રા, એ સાત રંગ છતી આંખે દેખાય છે, જ્યારે અલ્ટ્રા વાયોલેટ ને ઇન્ફ્રા રેડ નથી દેખાતા. કાલે ઊઠીને કોઈ વૈજ્ઞાનિક એવું શોધી કાઢે કે મેઘધનુષ્યમાં નવ નહિ, નવ સો રંગ છે, તો માનજો કે બધા જ રંગો આબિદ સૂરતીમાં યે મોજૂદ છે. જોકે એનો પોતાનો રંગ તો સફેદ છે, પણ ઘણા બધા રંગ તેમાં સમાએલા છે. ઘરાનાં ઘટ્ટ કાળાં રૂછાં જેવી મૂછો, લૅન્ડસ્કેપ જેવું કપાળ, રણના દેખાતા મૃગજળ જેવી ચકળવકળ આંખો, ચપટો ચહેરો, આખા ય ચહેરાને ઢાંકવા મથતાં ડાબલા જેવાં મોટાં ચશ્માં—આ બધા કાચના ટુકડા ભેગા કરીને સર્જેલ 'મિરર કૉલાજ'માંથી ઊપસી આવતી પ્રતિમાને આબિદ કહેવામાં આવે છે. ભગવાન એક અચ્છો કલાકાર છે એનો જીવતો-જાગતો પુરાવો આબિદ છે.

આ આબિદને હું યુગાન્તરથી ઓળખું છું. વર્ષો અગાઉ હું મુંબાઈ ગએલો. તે પહેલાં અમે પત્રથી નિયમિત મળતા. છેલ્લા પત્રમાં અમે નક્કી કરેલું કે ફલાણા દિવસે બપોરે સાડા ત્રણ વાગ્યે પાટકર હૉલ પર મળવું. ટેવ મુજબ હું જરા વહેલો પહોંચી ગયો. કોઈ નાટકનો શો હતો. હાઉસ ફુલ, ભીડ ઘણી. આ ભીડની વચ્ચે મારા ખભા પર હાથ મૂકીને કોઈકે પૂછ્યું: 'તું જ વિનોદ છે ને?'

'તું આબિદ હોય તો.' મેં ઉત્તર આપ્યો. આ અમારો પહેલો સંવાદ. એ સેકડથી તે મારો અંતરંગ મિત્ર છે.

આબિદ સૂરતીલાલા છે. એ જન્મેલા તો સોરાષ્ટ્રમાં, પણ દાદા રામજીભાઇનો કારોબાર સૂરતમાં ચાલતો. દાદા પાસે સાત તો વહાણો હતાં. ગાડાંઓમાં ભરીભરીને રોકડા ચાંદીના રૂપિયાની હેરફેર કરવી પડે એવી જાહોજલાલી હતી. આબિદને એ દિવસો યાદ છે. પછી ફક્ત બે જ વર્ષમાં સાતે ય વહાણો ડૂબી ગયાં. પણ અત્યારે આબિદ પાસે જે જાહોજલાલી છે એ ભરવા માટે સાત નહિ સિત્તેર વહાણો જોઇએ. અને એ વહાણો પૃથ્વી પાસેના કોઈ પણ સમંદર ડુબાડી શકે તેમ નથી; કેમ કે એમાં આબિદની કળા ભરેલી છે, કીર્તિ ભરેલી છે; ખાનદાની ભરેલી છે.

આબિદ સેલ્ફ મેઈડ છે. આજે તે જે કંઈ છે એમાં આબિદ સિવાય કોઈનો ય ફાળો નથી; કારણ કે તેના ખાનદાનમાં વાર્તાકાર, કાર્ટૂનિસ્ટ કે ચિત્રકાર થવાની ભૂલ કોઇએ નો'તી કરી.

ચિત્રકાર તો ખુદ તે પણ ના બનત. પણ મૅટ્રિકમાં થર્ડ ક્લાસમાં માંડ પાસ થયો. (એ તો હજુ ય એમ જ માને છે કે બોર્ડની ગફલતને કારણે તેને બદલે ભૂલમાં બીજો કોઈ ફેઈલ થઈ ગયો હશે.) તે સ્કૂલમાં ભણતો ત્યારે રિઝલ્ટને દિવસે ઘરવાળા પૂછતા: 'કેટલામાં નપાસ થયો?' ત્યારે તે કહેતો: 'એમ પૂછો કે કેટલામાં પાસ થયો, તો જલદી બોલી શકીશ. એક ડ્રૉઇંગમાં જ પાસ છું.' ડ્રૉઇંગ સિવાયના વિષયો નબળા હોવાને લીધે જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં દાખલ થવું પડ્યું.

પણ તે કાર્ટૂનિસ્ટ કેમ બન્યો એની એક જુદી કથા છે. તે નાનો હતો ત્યારે મિત્રો સાથે ચોપાટીના દરિયે નાહવા ગએલો. કિનારે કપડાં મૂકી, જન્મદિન પોશાક પહેરી મિત્રો સાથે તે પાણીમાં પડ્યો. બધા ખૂબ નાહ્યા. એક પછી એક દોસ્તો પાણીની બહાર સરકી ગયા. છેલ્લે દોડી જનાર મિત્ર આબિદનાં કપડાં લઇને છૂ થઈ ગયો! હવે? બે માઈલને અંતરે ઘર. શરમનો માર્યો તે રડી પડ્યો. ક્યાંકથી છાપાનો એક ટુકડો શોધી, કમર પર વીંટાળી તે ઘર તરફ દોડ્યો. હજી અરધું અંતરે ય નહિ કાપ્યું હોય ત્યાં એક કૂતરાએ આંતર્યો. કૂતરાને ય આબિદને નવસ્રો જોવામાં રસ હશે કદાચ. કૂતરાથી બચવા છાપું નાખીને તેણે નાસવા માંડ્યું. શેરીમાં પેલા નાનકડા દોસ્તો હસતા ઊભા હતા. આજીજી કરી આબિદે કપડાં પાછાં મેળવ્યાં. પણ આ નાનકડા પ્રસંગે તેના બાળમાનસ પર ઘેરી અસર કરી, અને મિત્રોએ—સમાજે તેને પજવેલો એનું જાણે વેર વાળવા જ તે કાર્ટૂનિસ્ટ બન્યો. લોકોને પોતાની કલમથી નગ્ન કરવા માંડ્યા. જે છાપાના ટુકડાના આશ્રયથી પોતાની જાત ઢાંકવા પ્રયત્ન કરેલો એ જ છાપાની મદદથી બીજાઓને નગ્ન કરવાનું શરૂ કર્યું.

આબિદ લેખક પણ એવી રીતે બનેલો. પહેલાં તે નવલકથા જીવતો'તો. પછી જીવવા માટે નવલકથાઓ લખવા માંડી. શરૂઆતમાં પૈસા ખરચીને અનુભવો ખરીદ્યા ને પછી ધીરે ધીરે જરૂર પડતી ગઈ તેમ તેમ અનુભવો વેચીને-લખીને એના પૈસા બનાવવા માંડ્યા.

પણ જીવવા માટે તેને ઘણો સંઘર્ષ વેઠવો પડ્યો છે. સંજોગોએ તેને 'ઢબ્બુજી' બનાવ્યો. વાર્તાકાર, નવલકથાકાર, ચિત્રકાર, ફિલ્મનો સ્ક્રિપ્ટ રાઈટર અને ઘણું બધું. ને તો ય આબિદ મુંબાઈ જેવી ખર્ચાળ નગરીમાં પોતાની રીતે, પોતાની ટમ્સંથી જીવે છે. ઘરમાં બે દિવસનું રૅશન હોવું જોઇએ. જો એ હોય તો આબિદ કોઈની ય સાડાબારી નથી રાખતો; કેમ કે તેને એટલી તો શ્રદ્ધા છે કે કળા કોઇને ય બે દિવસથી વધારે ભૂખે નથી મારતી એટલે બે દિવસ પછીની ચિંતા તેણે કરી નથી. પૈસાને તેણે એક ખર્ચ કરવા જેવી વસ્તુ જ માની છે. સિક્કા સંઘરવાની હૉબી તેણે કેળવી નથી.

ઈ. ૧૯૭૬ના વર્ષમાં નાથાણી લિટરરી ટ્રસ્ટ તરફથી 'ડાઘ' નામની નવલકથા માટે રૂપિયા એક હજારનું ઈનામ મળ્યું. ચર્ચગેટ પરના ઈંડિયન મર્ચન્ટસ્ હૉલમાં આ અંગે એક સમારંભ પણ યોજાએલો. એ સમારંભમાં જ પેલા હજાર રૂપિયા તેણે એ પુસ્તક પ્રગટ કરનાર પ્રકાશક જે ભર જુવાનીમાં થોડા સમય અગાઉ જ ગુજરી ગએલો તેની વૃદ્ધ માને આપી દીધા. આબિદે આ નાણાં પ્રકાશકની માને આપ્યાં એ દ્રશ્યથી ભીંજાઈને સમારંભમાં હાજર રહેલ એક પ્રેક્ષકે પાંચસે રૂપિયા પોતાના તરફથી આબિદને આપ્યા—કોઇને ય નહિ આપવાની શરતે, પત્નીને પણ નહિ.

આબિદ કોઈ ખેરાત કરી શકે એટલો પૈસાવાળો નથી. (બૅંક બૅલેન્સમાં તેની પાસે થોડીક જોક્સ સિવાય કશું નથી.) ભૂતકાળમાં રૅશન લાવવાના પૈસા તેની પાસે નો'તા ત્યારે કોઈ મિત્ર પાસે ઉછીના માગવા જતો, તો એ મિત્ર તેને આબિદની સારી 'જોક' માની હસી પડતો. (પૈસા નહિ આપવાનો આ એક ઉત્તમ કીમિયો છે).

ઇ. ૧૯૬૮માં વિષાદનો કાળો રંગ ઘટ્ટ થવા માંડયો. ટાઈમ્સમાં હડતાળ પડી એટલે 'દબ્બુજી' બેકાર થઈ ગયા. સુરતમાં પૂર આવ્યું ને આબિદનાં પુસ્તકો છપાતાં'તાં એ પ્રેસ પુસ્તકો સાથે પાણીમાં ખેંચાઈ ગયું. (ને લેખકની મહેનત પરસેવાને બદલે પાણીમાં ગઈ.) જે ફિલ્મની પટકથા તે લખતો'તો એ ફિલ્મ પૈસાના અભાવે અટકી પડી. નઝીર ઈસ્માઈલની ભાષામાં કહીએ તો આબિદ રાતોરાત દુખોનો કરોડપતિ બની ગયો–ઓનાસિસ થઈ ગયો. 'સુખ' નામનો શબ્દ તેના શબ્દકોશમાંથી સરકી ગયો. રૅશન કે કૅનવાસ બેમાંથી કશું જ ખરીદી શકાય એવી સ્થિતિ ના રહી. પણ એમ હારી ખાય તો આબિદ નહિ. હિંમત ટકાવી રાખવા પત્નીને પિયર મોકલી દીધી. પછી ઘરની દીવાલો, છત, ફરશ, ફર્નિચર, પંખો–તાળું બધું જ એક શ્યામે રંગી નાખ્યું! (પત્ની માસૂમા નસીબદાર તે પિયર જતી રહેલી. નહિ તો એ ય રંગાઈ ગઈ હોત!) પોતાનાં પેઇન્ટિંગ્સનું ઓઢવા-પાથરવાનું બનાવી તેમાં તે પડી રહ્યો.

ભગવાન તેની કસોટી કરતો'તો એ દિવસોમાં આબિદ કહેતો: 'એને એમાં મઝા આવતી હોય તો ભલેને ખુશ થતો! તેણે પોતાના પેઇન્ટિંગ્સનાં ત્રણ-ચાર એક્ઝિબિશન્સ પણ ભરેલાં. એક મિત્રે આવીને તેના ખભા પર હાથ મૂકીને પ્રશ્ન કર્યો; 'કંઈ વેચાયું?'

'હા, માસૂમાના થોડાક દાગીના વેચાયા છે, હમણાં તો...'

'થોડાક જ?' મિત્રે પૂછ્યું.

'હા, બાકીના આવતા એક્ઝિબિશન માટે રાખ્યા છે.'

પણ પછી તો ભગવાન પણ કંટાળ્યો. આમાં ખુદ પોતાની ધીરજની કસોટી થતી તેને લાગી. પછીના એક્ઝિબિશનમાં આબિદનાં તેરે તેર પેઇન્ટિંગ્સ વેચાઈ ગયાં.

'આ ચિત્રો વેચાયાં ત્યારે તેં શું "ફીલ" કરેલું?' એવા એક ક્રિટિકના સવાલના જવાબમાં આબિદે હસીને કહેલું: 'આ મારો છેલ્લો જુગાર હતો. આ વખતે મારાં ચિત્રો ના વેચાયાં હોત તો આ બધું છોડીને મારે ગામ જઈ ત્યાં પાન-પટ્ટીનો ગલ્લો ખોલવાનું મેં મનોમન નક્કી કરી નાખેલું...પણ એવું ના બન્યું. ભગવાનની આબરૂ રહી ગઈ. (ભગવાન એમ તો આબરૂદાર સજ્જન છે.)

આબિદ ઓછાબોલો છે. પોતાને વિષે તે ઓછામાં ઓછું બોલે છે. તેના વિષેની જાણવા જેવી બાબત પણ મિત્રોને કહેવાનું ચૂકી જાય છે. ક્યારેક તો તેની આ હરકત પર ગુસ્સો ય આવી જાય. તેના પર પ્રમોદપતિએ એક એક્સપેરિમેન્ટલ ફિલ્મ બનાવેલી–'આબિદ' નામની. અમદાવાદના કોઈ થીએટરના ડૉક્યુમેન્ટરીમાં મેં એ જોઈ બહુ ઓછા કલાકારો પર આવી ફિલ્મો બની છે. મેં તેને ઠપકાનો કાગળ લખ્યો: 'તારા પર આવી સરસ ફિલ્મ બની છે એની જાણ તો કરવી'તી!' જવાબમાં તેણે માત્ર એક જ શબ્દ લખેલો: 'સૉરી!'

રાજકપૂરે તેની એક નવલકથા પરથી ફિલ્મ ઉતારવાનું નક્કી કર્યું છે એવા સમાચાર કોઈ છાપામાં વાંચ્યા. એ પછીના અઠવાડિયે તે અહીં આવ્યો ત્યારે મેં કહ્યું: 'તારી વાર્તા પરથી ફિલ્મ ઊતરવાની છે એ સમાચાર મેં છાપામાં વાંચ્યા ત્યારે જ જાણ્યું.'

'મેં પણ...' કહી તે ખડખડાટ હસી પડયો. પછી બોલ્યો: 'આ તો ફિલ્મવાળાનું કામ. આપણે કોઇને વાત કરીએ ને ફિલ્મ ના બને તો આપણી ફિલમ ઊતરી જાય. અને આ ક્યાં મોટું સાહિત્ય છે?! યે સબ તો દાલ-રોટી કા ચક્કર હૈ, મેરે ભાઈ...'

પછી પિકાસોની વાત નીકળી એટલે મેં તેને કહ્યું: 'પિકાસોએ પોતાની આર્ટ માટે પાછળથી જેમ રમૂજ કરેલી એવી કોઈ રમૂજ તારી આર્ટ માટે તું કરને!' ત્યારે આબિદ બોલ્યો: 'પિકાસો જેવી રમૂજ હું કરું ત્યાર પહેલાં તો મારી આર્ટની રમૂજ લોકોએ જ કરી છે. જોને, ૧૯૬૮માં મેં મારું આખું ઘર ચીતરી નાખ્યું. ચાર દીવાલોનું કૅનવાસ ઓછું પડયું, એટલે ફરશ પરથી આગળ વધતું ચિત્ર ઉંબરાની બહાર નીકળ્યું. એના બીજે દિવસે મારા ઉપરના માળે રહેતા એક ભાઈએ આવીને મને પૂછ્યું: 'આ ચિત્ર આગળ વધીને કઈ દિશામાં જશે?'

'દાદર પરથી ઉતારી નીચે લઈ જવાનો વિચાર છે.' મેં કહ્યું.

'કબ્રસ્તાન સુધી લઈ જવાના હો તો કહેજો; રંગનો ખર્ચ હું દઈશ.'

એક વખત એક ઓળખીતાએ આબિદની મૉડર્ન આર્ટનાં પેટ ભરીને વખાણ કર્યાં. વખાણને અંતે પોતાની છત્રી આબિદ સામે ધરતાં વિનંતી કરી: 'આબિદજી! તમારા શુભ હસ્તે આ છત્રી પર મારું નામ લખી આપોને!' આના કરતાં મોટી ટ્રૅજડી કલાકાર માટે બીજી કઈ હોઈ શકે?

આમ ટ્રૅજડી કૉમેડી વચ્ચે જીવતા આબિદને ગુલાબી રંગ તરફ જરા વધારે પક્ષપાત છે. તે પહેલી વાર અમદાવાદ આવેલો. સવારે ચા પીતાં તેણે મને પૂછ્યું: 'તમારા ગામમાં નાઈટ લાઈફ જેવું ખરું કે નહિ?'

'અહીં તો નાઈટ ને લાઈફ બંને ક્યાં સરકી જાય છે એની જ કોઇને ખબર નથી પડતી. રાત્રે ધંધેથી છૂટીને ઘેર આવી કોળિયો મોંમાં મૂકતાં જ લોકો ઊંઘવા માંડે છે. એટલે આ શહેરમાં એવું કંઈ જોવા નહિ મળે.' મેં કહ્યું. ને બીજા કે ત્રીજા દિવસે બપોરે જમતી વખતે તેણે માહિતી આપી: 'ફલાણા વિસ્તારમાં ઢાંકણી જગ્યાએ આવું બધું છે.' (અમદાવાદની પ્રજાની નીતિમત્તા ટકી રહે એ માટે સરનામું અહીં નથી લખ્યું.)

ટાઈમ્સ ઑવ ઇંડિયા ગ્રુપના હિંદી સામયિક 'સારિકા' માટે વેશ્યાઓ પરના એક ખાસ અંક માટે 'સર્વે' કરવા લાગલાગટ બેથી ત્રણ મહિના સુધી તેને કમાટીપુરાની સ્ત્રીઓની આસપાસ ઘૂમવું પડેલું. આમાંની કેટલીક સ્ત્રીઓના ઈન્ટરવ્યૂ લીધા. ફોટા પાડયા. લેખ તૈયાર કરી નાખ્યો. આ સ્ત્રીઓની દાસ્તાનની સનસનાટીભરી વિગતોવાળો 'સારિકા'નો એ સ્પેશ્યલ અંક ઘણો જ લોકપ્રિય નીવડેલો.

ચાર-છ મહિને એ આખી યે વાત આબિદ વિસરી ગયો. ત્યાં કોઈ એક સવારે આબિદને બારણે ટકોરા પડયા. આબિદે દરવાજો ખોલ્યો તો બદનામ સ્ત્રીઓનો એક રખેવાળ ('પિમ્પ') હસતા ચહેરે તેની સામે ઊભેલો. આબિદ ચોંકી ગયો. પત્ની જાણે કે ધંધાદારી સ્ત્રીઓનો આ દલાલ છે તો આબિદનું આવી જ બને. (બાઈ ધ વે, આબિદ આદર્શ પતિ છે એટલે પત્નીથી ઠીકઠીક ડરે છે;—અથવા તો એવો દેખાવ કરે છે!) આબિદે પેલાને દબાતા અવાજે કહ્યું: 'તું નીચેની હોટલમાં બેસ. હું આવું છું.' આબિદ ચિંતામાં પડી ગયો. આ માણસ ઘેર કેમ આવ્યો હશે? જલદી તૈયાર થઈને તે હોટલમાં ગયો. પેલો તેની રાહ જોતો જ બેઠેલો. આબિદ સામે જોતાં તે બોલ્યો: 'આબિદભાઈ! અડ્ડા માટે અમે કમાટીપુરાની સાતમી ગલીમાં જગ્યા લીધી છે. રંગરોગાનનું કામ પતી ગયું છે. છોકરીઓ પણ આજકાલમાં આવી જશે. અમારી એવી ઇચ્છા છે કે તમે આવી અમારા આ અડ્ડાનું ઉદ્ઘાટન કરો, તમારા જેવા સજ્જનના હાથે જ અડ્ડાનું મુહૂર્ત કરાવવું છે.' આ સાંભળીને આબિદને ચક્કર આવી ગયાં.

પ્રખ્યાત ને કુખ્યાત બન્ને પ્રકારનો સમાજ આબિદને સજ્જન પુરુષ તરીકે ઓળખે છે. તે છે પણ ખરો. પોતાના રંગે બીજાને રંગવા છતાં કોઈનો રંગ પોતાના પર તે ચોંટવા દેતો નથી. આજે ય જહાંગીર આર્ટ ગૅલેરીમાં આવેલા રેસ્ટોરાંમાં પાંચ-સાત સુંદરીઓના ટોળાની વચ્ચે હસીમજાક કરી હાસ્યનાં મોજાં ફેલાવતો તમે તેને જોઈ શકશો.

તેણે હાલમાં એક વધુ અખતરો કર્યો છે. એક યુવતી (મૉડેલ) શરીર પર ચીતરામણ માટે તૈયાર થઈ ગઈ. તેના આખા નગ્ન શરીરને આબિદે સપ્તરંગી ડિઝાઈનોથી ભરી દીધું. એક મિત્ર ફોટોગ્રાફરે એના રંગીન ફોટા ઝડપ્યા છે, જે એક અંગ્રેજી મૅગેઝીનમાં પ્રકટ થવામાં છે.

તેને કશુંક નવું—અવનવું—કરવાનો અભરખો હમેશાં હોય છે; પણ ક્યાંય બંધાઈને નહિ. કોઈના ખીલે બંધાવાનું તેને પસંદ નથી. આ

ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચ-૧૧

પટેલ્સ ટેસ્ટ મૅચ

ભરત ના. ભટ્ટ

આ ભારત વિ. ઑસ્ટ્રેલિયા, બીજી ટેસ્ટ.
કાનપુરઃ ડિસે. ૧૯ થી ૨૪, ૧૯૫૯.

આ ટેસ્ટ સુધીમાં ભારત માત્ર પાંચ મૅચ જીત્યું હતું ને તે પણ માતબર ટીમો સામે નહિ. ઇંગ્લૅન્ડને ૪-૦થી હરાવીને બેનોની યશસ્વી ઑસ્ટ્રેલિયન ટીમ ભારત આવી હતી. દિલ્હીમાં પહેલી ટેસ્ટમાં તેઓ એક દાવ અને ૧૨૭ રને જીત્યા ત્યારે જ આખી સીરીઝનું પરિણામ સમજાઈ ગયું હતું. આવી ટીમને ભારત હરાવી શકે તેવું તો શેખચલ્લી જ કલ્પી શકે.

ગ્રીનપાર્ક પીચ પર ટૉસ જીતીદાવ લીધો ને ભારત (ધાર્યા પ્રમાણે) ૧૫૨ રનમાં જ ખખડી ગયું. બીજે દિવસે લંચ સમયે ઑસ્ટ્રેલિયાના એક વિકેટે ૧૨૮ રન હતા. લંચ પછી એકદમ પલટો લીધો રમતે સ્પિનરને અનુરૂપ પીચ પર ૩૬ વર્ષના લેગસ્પિનર જસુ પટેલની કરામત કામ કરવા લાગી. ૧૨૮ રને જ મૅકડૉનાલ્ડ (૫૩) ગયા. ૧૪૯ રને ડાબેરી હાર્વે (૫૧) ગયા. સ્પિનરોની લૅન્થ તોડવા આક્રમક બનેલા ઓનીલ (૧૬)ની દાંડી બોર્ડે કાઢી. આ પછી માત્ર ડેવિડસન જ બે આંકડે (૪૧) પહોંચી શક્યા ને દાવ ૨૧૯ રનમાં પૂરો થયો. પટેલે ૬૯ રનમાં નવ વિકેટો ખેરવી. તેમના 'ટૉપસ્પિન' અને 'અવેક્ટર' બૉલ સામે ઑસ્ટ્રેલિયાનો નિઃસહાય જેવા બની ગએલા. પટેલે લીધેલી નવ વિકેટોમાંથી એકમાં જ તેમને બીજાની–બેગની–મદદની જરૂર પડેલી. બાકીમાં પાંચ ક્લીન બૉલ્ડ, એલ.બી.ડબલ્યુ.ને એક પોતે જ કૅચ કરેલો.

પટેલની આ સફળતાથી ભારતીય ટીમમાં આત્મવિશ્વાસ જાગ્યો ને બીજો દાવ શરૂ થયો તેમાં તે દેખાયો. રૉય ૮ રન કરીને ગયા, પણ કૉન્ટ્રૅક્ટર ફૉર્મમાં હતા. ત્રણ વિકેટે ૧૨૧ રન હતા. ત્યારે એક અજાયબ ઘટના બની. ડૅવિડસનના બૉલને કૉન્ટ્રૅક્ટરે હૂક કર્યો ને ઈજાથી બચવા ફીલ્ડર હાર્વે મોં ફેરવીને નમી ગયા. બધાંની નજર બાઉન્ડ્રી પર હતી ત્યાં તો કૉન્ટ્રૅક્ટર (૭૪) પૅવેલિયન તરફ ચાલ્યા! બનેલું એવું કે નમેલ હાર્વેના બે સાથળ વચ્ચે બૉલ ભરાઈ ગએલો. હાર્વેએ તરત જ તે હાથમાં લઈને કૅચની અપીલ કરી ને કૉન્ટ્રૅક્ટર આઉટ થયા. જોકે તેમણે પ્રેરણાનાં બીજ વાવી દીધાં હતાં. તેમના પછી પણ બેગ (૩૬) બોર્ડે (૪૪), ડેની (૫૧) અને નાડકર્ણી (૪૬) વગેરેએ સારો ફાળો આપ્યો ને આંકડો ૨૯૧ રને પહોંચ્યો.

ઑસ્ટ્રેલિયનોએ જીતવા માટે ૨૨૫ રન કરવાના હતા. ચોથી સાંજે તેઓ દાવ લેવા ગયા ત્યારે તેઓને તો પૂરો વિશ્વાસ હતો. ભારતીય પ્રેક્ષકો અને ખેલાડીઓને જીતની હોંશ હતી. પણ એવું તે બને? મનમાં આવી શંકા પણ હતી. ૧૨ રને પટેલે સ્ટીવન્સની દાંડી કાઢીને મૅકડૉનાલ્ડ-હાર્વેની સધ્ધર જોડી આવી. પટેલની બોલિંગમાં પણ કોઈ મચક આપતું નહોતું. આ પળે સુકાની રામચંદે ભારે ચતુરાઈવાળું પગલું ભર્યું, પટેલની સામે તેમણે અનુભવી ઉમરીગરને બોલિંગ આપી. આક્રમક બનેલા હાર્વેને તેમણે સાંજે છેલ્લી મિનિટોમાં ઑફસ્પિન બોલિંગથી સ્લીપમાં નાડકર્ણીના હાથમાં ઝડપાવી દીધા. પાંચમી સવારે મૅકડૉનાલ્ડ અને ઓનીલ દાવ લેવા આવ્યા. હાર્વે-સ્ટીવન્સ તો ઉતારે ટૅબલ ટેનિસ રમતા હતા. ચાના સમય સુધીમાં ઑસ્ટ્રેલિયા જીતી જશે એની તેમને ખાત્રી હતી. શરૂમાં જ ઉમરીગરના એક બીજા ઑફબ્રેક બૉલને ફટકારવા જતાં ખરખમ ઓનીલ નાડકર્ણીના આતુર ચપળ હાથોમાં ઝીલાયા. સ્ટૅડિયમ નાચી ઊઠ્યું ને રેડિયો સાંભળતા શોખીનો કૂદવા લાગ્યા. ભારતીય વિજયના બે મોટાં વિઘ્નો-હાર્વે, ઓનીલ–ને ઝડપી લઈ ઉમરીગર નાડકર્ણીએ યશસ્વી કામ કર્યું હતું. આ પછી મકાય (૦) ગયા ને ૬૧ રનમાં ચાર વિકેટો લઈ મૅકડૉનાલ્ડ હજી સ્થિર હતા ને ડૅવિડસન આવ્યા બંનેએ આંકડો ૭૮ રને પહોંચાડ્યો ત્યાં પટેલે ડૅવિડસનની દાંડી કાઢી નાખી. જોકે વિજય હજી દૂર લાગતો હતો, કારણ બેનો બાકી હતા. પણ આ બાજુ પટેલ-ઉમરીગર આજે જુદા જ હતા. તેઓએ બેનો, જારમૅન અને ક્લાઈનને શૂન્યમાં કાઢ્યા ને ૮૪ રને આઠ વિકેટ ગઈ, છેલ્લા મેકિફ જોડાય. (રોર્ક બીમારીને કારણે દાવ લઈ શકે તેમ નહોતા) મૅકડૉનાલ્ડ અને મેકિફે ભારતીઓની ખરી કસોટી કરી. આંકડો ૧૦૫ રન પહોંચ્યો ત્યાં સ્થિર અડગ મૅકડૉનાલ્ડને કમનસીબે સ્ટમ્પ-આઉટ કર્યા ને ભારત ૧૧૯ રને જીત્યું. ઑસ્ટ્રેલિયા જેવી ટીમ પરના આ પ્રથમ વિજયને સૌએ ગાંડા થઈને વધાવ્યું. જોકે આમાં આખી ટીમનો ફાળો હતો છતાં બેશક તે જસુ પટેલની જ મૅચ હતી, જેમણે ૧૨૪ રનમાં ૧૪ વિકેટો ઝડપીને આ વિજય શક્ય બનાવ્યો હતો.

જીનને કોઈ અલાદ્દીન પોતાના ચિરાગમાં પૂરી શક્યો નથી. કોઈને શેઠ બનાવવાનું તેના લોહીમાં છે જ નહિ. એના મિત્ર સુરેશ સોમપુરાએ તેને પૂછેલું: 'આવી અસ્થિર જિંદગી કરતાં કોઈ સ્થિર આવકવાળી નોકરી શા માટે સ્વીકારી લેતો નથી?' ત્યારે હસીને તેણે આ શેર સંભળાવેલો:

'કિનારોંસે મુઝે અય નાખુદાઓ! દૂર રખના.
વહાં લેકર ચલો, જહાંસે તૂફાન ઊઠનેવાલા'

નોકરીને તે રિપીટિશન ગણે છે. તેને પોતાની જાત રિપીટ કરવામાં જરા ય રસ નથી. જોકે છ મહિને-વરસે મળે છે ત્યારે 'એક નવી જોક કહું' કહીને જૂની અગાઉ કહેલી જોક સંભળાવી દે છે. તમે કહો એ વિષય પર એકાદ જોક તો તે કહી શકશે જ. જોક કરવાનો ય તેને ભારે શોખ છે. પોતાના પરની જોક પણ તે માણી શકે છે.

ટાઉન હૉલની હૅવમૉરમાં હું, ગુણવંત શાહ ને આબિદ બેઠેલા. ગુણવંત આગળ મેં વધાઈ ખાધી: 'આબિદનું પુસ્તક 'કાલી કિતાબ' ગુજરાતી સિવાયની સાત ભાષાઓમાં એકીસાથે બહાર આવી રહ્યું છે.'

'ગુજરાતી સિવાયની કેમ?' ગુણવંતે પૂછ્યું.

'મારું ય પેલા સત્યજિત રાય જેવું જ થયું છે. ગુજરાતી લોકોએ જાકારો આપ્યો એટલે બીજી ભાષાઓ તરફ જ નજર દોડાવવી રહીને!'

રંગથી તેનું પાટલૂન ના બગડે એ માટે પોતાના સ્ટુડિયોમાં તે એક એક્સ્ટ્રા પૅન્ટ રાખી મૂકતો. એક વાર તેના એક મિત્રે ટકોર કરી: 'આબિદ, તારી સ્થિતિ સુધરી લાગે છે. તારી પાસે હવે એક્સ્ટ્રા પૅન્ટ પણ છે!' ત્યારે આબિદે હસીને કહેલું: 'પહેલાં મારી પાસે ખિસ્સામાં એક ફૂટી કોડી ય નો'તી. આજકાલ મારી પાસે એક ફૂટી કોડી છે ખરી.'

ફૂટી કોડી જ કેમ, એક ફ્લૅટ પણ તેની પાસે છે આજકાલ. અમદાવાદી મૅન્શનના સવા રૂમની ખોલીમાંથી ચાર રૂમના ફ્લૅટમાં રહેવા તે આવી ગયો છે. તે અગાઉ રહેતો એ મકાન મેં જોયું છે; એટલું નાનું મકાન કે માસૂમા ને આબિદ ઘરમાં સાથે ચાલવા પ્રયાસ કરે તો મિયાં બીબી એકબીજા સાથે અથડાઈ પડે. કદાચ એટલે જ પત્નીની ટક્કરથી બચવા વહેલી સવારે ઘર છોડી ચાલ્યો જતો, ને મોડી રાતે ઘેર પાછો ફરતો.

એક વાર મને કહે: 'આવ્યો છે તો આજની રાત રોકાઈ જા.' હું તેની સામે જોઈ રહ્યો. એ 'તેની' મૂંઝવણ હોવી જોઈએ એને બદલે 'મારી' બની ગઈ. ઘરને આંખથી માપતાં તે બોલ્યો: 'તને લાગશે કે ઘર ઘણું નાનું છે. મહેમાનો માટે ખરું, પણ દોસ્તો માટે ખાસ્સું મોટું છે.'

દોસ્તો આગળ આબિદ લીલોછમ થઈ જાય છે—લીલા કૂણા ઘાસ જેવો મુલાયમ. તેનું એક્ઝિબિશન હતું. એક મિત્ર જોવા ગયો. તેનું એક પેઇન્ટિંગ મિત્રને બેહદ ગમ્યું છે એની આબિદને જાણ થઈ એટલે ઘણી ઊંચી કિંમત મળવા છતાં તે ના વેચતાં એક્ઝિબિશન પૂરું થયે મિત્રને સપ્રેમ ભેટ આપી દીધું! મિત્રોમાં તેને ઈશ્વરનો અંશ દેખાતો હોય કે ગમે તેમ, પણ બધા મિત્રોને તે એકવચનમાં—'તું' કહીને—બોલાવે છે. તમે તેના મિત્ર હો છતાં તમને તે 'તું' ને બદલે 'તમે' કે 'આપ' કહીને સંબોધે તો માનજો કે ક્યાંક કશી ગરબડ છે. □


શતરંજના કોયડા . . . . સુરેશ મોદી

આ અંકના કોયડામાં વપરાતું બોર્ડ ચાર-ચાર ખાનાંવાળા ૧૬ નાનાનાના ચોરસમાં વહેંચાયું છે. આવા બોર્ડને Grid chess-board કહે છે. આમાં ખાસ શરત એ હોય છે કે કોઈ પણ મ્હોરું ચાલે ત્યારે પોતે ચાર ખાનાંવાળા જે નાના ચોરસમાં હોય તે ચોરસના કોઈ ખાના પર ચાલી ન શકે. તેણે ઓછામાં ઓછી એક સરહદ ઓળંગીને બીજા કોઈ નાના ચોરસમાં ચાલવું પડે.

આ આકૃતિમાં f3 પરનું સફેદ પ્યાદું f4 પર ન ચાલી શકે પણ g4 પરના કાળા પ્યાદાને મારી શકે. સફેદ રાજાની બાજુના ખાના પરના હાથી ને વજીર રાજાવાળા જ નાના ચોરસમાં હોવાથી તેની ચાલ હોય તો મારી ન શકે તેથી સફેદ રાજા શેહમાં નથી. રાજા સામા પક્ષના વજીરની બાજુના જ ખાનામાં હોય અને છતાં શેહમાં ન હોય તે વિચિત્ર લાગે છે, પણ ખાસ શરતવાળા બોર્ડને લીધે તે શક્ય છે. એક વખત આ વિચાર બરાબર સમજાઈ જાય પછી કોયડાના ઉકેલમાં મજા આવે છે. જુઓ:

ઉકેલ: Key move: 1 Rf6, ધમકી 2

E. Visserman



Grid-chess
white to play and mate
in two moves

Pd7 ≠ (રાજા સફેદ ઘોડાને મારી શકે નહિ)

વિકલ્પો 1..., bRc7+; 2 P×C7≠
1..., bRd7+; 2 Qc7≠
1..., bRE7+; 2 P×E7≠
1..., bRf7+; 2 SE7≠
1..., bRd7 (કે c7 કે f7 કે g7), 2 P×g4≠
1..., bRE7; 2 P×E7≠

આમાંથી એક બે વિકલ્પો આપણે સમજી લઇએ. હાથી b7 પરથી તે જ હરોળ પર ગમે ત્યાં ચાલે તો Grid ઓળંગે છે અને બીજી ચાલે રાજાને મારી શકે છે તેથી સફેદ રાજા શેહમાં આવે છે. તે હાથી d7 પરથી શેહ આપે તો સફેદ વજીર વચ્ચે c7 પર આવીને શેહ બચાવે છે અને સામી શેહ આપે છે. d7 પર તો કાળો હાથી તે જ નાના ચોરસમાં હોવાથી વજીરને મારી શકતો નથી. d7 પર હાથી ન હોત તો h7 પરનો હાથી વજીરને મારી શકત. આથી d7 પરનો હાથી h7 પરના હાથીના c7 પરના કાબૂની આડે આવે છે. આ જાતની સરખાં મ્હોરાંથી ઊભી થતી અડચણ (interference by like-moving pieces) સાધારણ કોયડામાં બતાવી શકાતી નથી. આવી અડચણ 1..., bRf7+ વાળા વિકલ્પમાં પણ જોવા મળે છે.

E. Vissermanના આ કોયડાને Fairy chessને લગતા જર્મન મૅગેઝિન Feenschachની સ્પર્ધામાં બીજું ઈનામ મળ્યું હતું.

અનુસંધાન] સ્કંદ [પૃષ્ઠ ૫૯થી

મણા હાથમાં શક્ત્યાયુધ છે, અને ડાબો હાથ કમર પર મૂકેલો છે; તથા તે જ હાથમાં કૂકડો પણ છે. ૫૮ સે. મી. ઊંચાઈ, ૩૪ સે. મી. પહોળાઈ અને ૨૬½ સે. મી. પહોળી પ્રભાવલી (સાદી) એવું માપ ધરાવતા આ શિલ્પને ત્રિભંગમાં દર્શાવવામાં આવેલું છે. પગથી સાથળ અને તેની સહેજ ઉપર સુધી શિલ્પ જમણી બાજુએ ઢળેલું છે; તે પછી ખભા સુધી તે ડાબી બાજુએ ઢળતું કોરવામાં આવ્યું છે; ગરદનથી મુખ ફરી પાછું જમણી બાજુએ ઢળેલું છે. આ રીતે દેવસેનાના સેનાપતિને ત્રિભંગમાં દર્શાવવા એ ખૂબ આશ્ચર્યકારક છે. પરંતુ એથી યે વધુ આશ્ચર્ય તો એ વાતનું છે કે આ શિલ્પ ને ત્રણ-ત્રણ અંગ-મરોડ આપ્યા હોવા છતાં તેના પ્રભાવમાં, સેનાપતિ તરીકેના તેના રૂઆબમાં લેશમાત્ર પણ ફેર નથી પડ્યો. આ જ વિશિષ્ટતા છે પ્રાચીન શિલ્પોની.

મુખમંડલની પાર્શ્વમાં સાદું પ્રભામંડલ છે. મસ્તક પર મુકુટને બદલે પાઘડી છે, જેના પાંચ આંટા સ્પષ્ટ નજરે પડે છે. પાઘડીની મધ્યમાં મણિની જગ્યાએ કળા કરતા મોર(?)ને અત્યંત મનોહરરીતે રજૂ કરવામાં આવેલ છે, જે આ શિલ્પની વિશિષ્ટતા કહી શકાય. કાનોમાં કર્ણફૂલ ખૂબ જ આકર્ષક રીતે કોરાએલાં છે, જે ખભાને અડે છે. ગળામાં ચુસ્ત એવો પાંચ સેરનો સાદો ગ્રૈવેલક છે. તેની બરાબર સહેજ નીચે ગળામાં હાંસડી છે, જે તદ્દન સાદી છે.

શરીરના ઉપરના ભાગમાં ઉત્તરીય સિવાય અન્ય કોઈ વસ્ત્ર જણાતું નથી. ઉત્તરીય ખભાની પાછળથી નાખેલું છે. તેના બેઉ છેડા બન્ને હાથ પર થઇને નીચે સુધી છૂટા નજરે પડે છે. નીચેના વસ્ત્ર તરીકે ધોતી ધારણ કરેલ છે, જે પારદર્શક હોવાથી શિલ્પનાં અંગ ઉપાંગો સ્પષ્ટ થાય છે. ધોતી ઘૂંટણથી સહેજ નીચે સુધીની જ છે, પગના સમગ્ર ભાગને આવરી લેતી નથી. તેની આમળાકારે ગાંઠ લઈ, ગાંઠના બે છેડા કમર પર નાભિથી સહેજ જમણી બાજુએ કલાત્મક રીતે છૂટા રાખવામાં આવ્યા છે. ડાબા પગના જરાક વળાંકને લીધે સાથળ પાસે ધોતીની પડતી કરચલીઓ બતાવવામાં તો શિલ્પીએ કમાલ કરી છે.

શિલ્પ પ્રભાવલી પાસેથી તેમ જ નીચે પગ પાસેથી ખંડિત છે, છતાં તેનો પ્રભાવ યથાવત્ છે. શિલ્પનો પહેરવેશ, તેનાં આભૂષણો વગેરે જોતાં તે કોઈ આદિવાસી સેનાનીને પ્રસ્તુત કરતું હોય તેમ લાગ્યા વગર ન રહે. આ શિલ્પ માટે કોઈ સ્થાનિક કલા-પ્રણાલી (Local-Arttradition) જવાબદાર હોય તેમ જણાય છે. આથી શામળાજીના પાર્વતી (ભીલડી વેશે)ના શિલ્પ[૧૪] સાથે તેને સરખાવવાની સ્વાભાવિક ઇચ્છા થાય.

પ્રસ્તુત સ્કંદ શિલ્પ સમગ્ર રીતે ભાવવાહી છે. આંખોમાં તેજસ્વિતા, મુખ પર પોતે સર્વસ્વ હોવાનો ભાવ અને પ્રસન્નતા દર્શનીય છે. ઉપરના હોઠ કરતાં નીચેનો હોઠ જરા મોટો અને ઢળતો બતાવેલો છે, અને મંદ સ્મિતને લીધે હોઠની બેઉ બાજુએ ખંજન પડેલાં નજરે પડે છે. શિલ્પનું વિશાળ વક્ષઃસ્થળ બહાદુર સેનાપતિને અનુરૂપ છે.

આ રીતે આ શિલ્પમાં આંતરિક ને બાહ્ય સૌંદર્ય દર્શાવવામાં શિલ્પીએ અદ્ભુત સિદ્ધિ મેળવી છે, કુમાર છતાં પૌરુષનું દર્શન કરાવ્યું છે.

ગુજરાતમાં મળી આવેલાં શિલ્પો પૈકી આ એક અનેરું શિલ્પ છે, જે આપણને ગુપ્તપ્રાશિષ્ટ કલાની સમીપ લઈ જાય છે. કેટલાક વિદ્વાનોના મતે આ શિલ્પ ૬ઠ્ઠી-૭મી સદીનું હોવા સંભવ છે, પરંતુ શિલ્પમાં છતું થતું આંતરદર્શન, સાદી કોતરણી છતાં શિલ્પમાં દેખા દેતી ભવ્યતા અને લાઘવથી સૌંદર્ય વ્યક્ત કરવાની હથોટી તેને ગુપ્ત સમયમાં મૂકવા પ્રેરે છે. જોકે તેને ગુપ્ત-પ્રણાલીની અસર કહી શકાય. બે હાથના કાર્તિકેય પ્રાચીન કલાપ્રણાલી સૂચવે છે, અને આ પ્રણાલી સમગ્ર પશ્ચિમ અને મધ્ય ભારતમાં ગુપ્ત-કાળે અને તે પછી પણ પ્રચલિત હતી તેમ ડૉ. ઉમાકાંત શાહનું માનવું છે.[૧૫] છતાં આ વિષે વિદ્વાનોનો મત આવકાર્ય છે. □

૧૪ Shah Umakant P. 'Sculptures from Shamalaji and Roda', Page 46.

૧૫ Shah Umakant P. 'Sculptures from Shamlaji and Roda-3', Page 66.

કલાવાર્તા

તુફાનીશા જમાલશા રફાઈ






બે એક દસકા પહેલાં કલાકાર પ્રદ્યુમ્ન તન્નાએ 'કુમાર'માં એક નવોદિત કલાકારનો પરિચય કરાવ્યો હતો. સમાજના એક સાધારણ સ્તરમાંથી કલાની લગનીથી પ્રેરાઈ એ યુવાને જે આત્મવિકાસ સાધ્યો એનું એ એક પ્રેરક દૃષ્ટાંત હતું. એ પછી તો એ જ પંથે આગળ વધી એણે સારી નામના અને સ્થાન પ્રાપ્ત કર્યાં છે. એ યુવાન તે તુફાનીશા જમાલશા રફાઈ.

સૌરાષ્ટ્રમાં અમરેલી મુકામે એમનો જન્મ. ફકીર પિતાની કોઈ નિશ્ચિત આવકના અભાવે અમરેલીની સરકારી શાળામાં કષ્ટકષ્ટક માંડ અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી એનું ભણતર થયું. કોઈ પ્રેરણા અને પ્રોત્સાહનના અભાવે દિશાસૂઝ વિનાની અથડામણના એ દિવસોમાં એક મેમણ શેઠના મહેણાએ એના સ્વમાનને જાગ્રત કરી દીધું. ફકીર પિતાની પેઠે સમાજની દયા પર નિર્ભર રહેવાને બદલે જાતકમાઈથી રોટલો રળવા એણે ગામની એક વખારમાં લાકડાં ઉપાડવા માંડ્યાં. એ મજૂરી ઉપરાંત શેઠનું સટરપટર કામ પણ કરવાનું ને એમાં ક્યારેક રાતે પણ કામે જોતરાવું પડતું, અને આના બદલામાં એને મહિને પૂરા પાંચ રૂપિયાનો પગાર મળતો. એટલા પગારમાં તો પેટનું પણ માંડ પૂરું થાય, એટલે એણે લગનસરામાં વાજાંવાળા જોડે વરઘોડામાં 'કિસન લાઈટ' ઉપાડવા પણ જવા માંડ્યું.

આમ ને આમ પાંચેક વર્ષ એ વખારમાં કાઢ્યાં. પગાર વધીને પાંચનો સાત થયો. મુશ્કેલીઓનો પાર નહોતો, પણ તુફાનીશાની સીંદરી બળે તો યે વળ છોડે તેમ નહોતી. વખારની મજૂરીમાં શરીર કસાયું અને થોડાક સારા ભેરુ પણ મળ્યા. સાથે જ કામ કરતા એક સાચુકલા ભાઈબંધ અસગરઅલી સાથે વધુ





મથાળે : સ્ત્રીપાત્રનાં બે ત્વરિત રેખાંકનો.


ઉપર : વિચારમગ્ન પાત્રનું 'ટેમ્પેરા'માં કરેલું એક ચિત્ર. સંયોજનમાં પરસ્પેક્ટિવથી સાધેલું ઊંડાણ ને ભારસામ્ય કલાકારની સૂઝ પ્રકટ કરે છે.

ડાબી બાજુ : દરગાહને માર્ગે. કોઈ પીર ઓલિયાના ઉર્સ નિમિત્તે એની દરગાહે જતાં પાત્રોનું આલેખન.



◁ પ્રેમગોઠડીની સનાતન કથાનું એક રેખાચિત્ર.

▷ જમણી બાજુ તથા નીચે 'ટૅપેસ્ટ્રી' માટે કરેલાં બે ડિઝાઈન. જમણી બાજુ મોટરની સફરનું કલ્પનોત્કથન આલેખ્યું છે નીચે માનવજીવનનાં પાસાં અને ખયાલોની સંજ્ઞાત્મક રજૂઆત કરી છે.



માયા બંધાઈ. એ અસગરઅલી અચ્છો કારીગર હતો. પગાર પણ સારો મળતો. મુંબાઈ જઈ એણે લાકડાં વહેરવાની એક 'સૉ મિલ'માં સારી નોકરી મેળવી ને પોતાના દોસ્ત તુફાનીશાને એણે મુંબાઈ બોલાવ્યો.

વખાર છોડી, માબાપને મનાવી, જેમતેમ કરી ગાડીભાડું ઊભું કરીને વીસ વર્ષની વયે તુફાનીશા મુંબાઈ ઊતર્યા ત્યારે એના ખિસ્સામાં રોકડા અઢી આના (આજના પંદર પૈસા) બચ્યા હતા. પણ ભાઈબંધની હૂંફ પર એ મુસ્તાક હતા. બીજા જ દિવસે અસગરઅલીએ એમને કામે



લગાડી દીધા. પોતે જ્યાં કામ કરતા હતા ત્યાં જ બાર આના રોજે ભૂસાના ટોપલા ઊંચકવાના હતા. એની મહેનત જોઇને શેઠે બીજે મહિને બાર આનાને બદલે રૂપિયો રોજ કરી આપ્યો, ને વરસ પછી 'મજૂર'માંથી 'મિસ્ત્રી' પદે પહોંચેલા તુફાનીશાને રોજના સાડા ચાર રૂપિયા મળતા થયા. નવરાશની વેળામાં એણે મશીન ચલાવતાં યે શીખી લીધું હતું. એવામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. સૉ મિલમાં કામ વધી પડ્યું. રાતપાળીઓ થવા લાગી ને તુફાનીશાને પૈસાની છૂટ થઈ.

પણ એક દિવસ લાકડું વહેરતાં મશીનમાં ડાબો હાથ આવી ગયો. અંગૂઠો ને એક આંગળી કપાઈ ગયાં. ઇસ્પિતાલમાં મહિનાદા'ડાનો ખાટલો થયો. આખો દિ કામ કરતા રહેલા તુફાનીશાને ખાટલે પડીરહેવું અસહ્ય થઈ પડ્યું. નવરા બેઠા એણે છાપામાં છપાએલી સાયગલની છબિની નકલ ચીતરવા માંડી. એમાં મઝા પડી ગઈ અને પછી તો એવી ઘણી છબિઓ ચીતરી કાઢી! સાજા થઇને ફરી સૉ મિલમાં હાજરી તો પુરાવી દીધી, પણ ચીતરવાનો ચટકો એવો લાગી ગયો કે પછી નવરાશની બધી પળો એમાં જ વીતવા લાગી. પછી જ્યારે મુંબાઈથી છસો-સાતસો રૂપિયા કમાઇને દીકરો વતનમાં ઘેર આવ્યો ત્યારે એનાં માબાપના હરખનો તો પાર ન રહ્યો. કમાતાધમતા દીકરાને એમણે પરણાવી દીધો.

એક દિવસ પેલાં મુંબાઈમાં કરેલાં ચિત્રો જોઈ એક મિત્રે એમને અમરેલીના એક ચિત્રકાર લેખક અને સામાજિક કાર્યકર નવલભાઈ જોષી સાથે ભેટો કરાવી દીધો. નવલભાઈનાં ચિત્રો જોઇને તુફાનીશાને ઓર પ્રેરણા મળી. અને એમની સલાહથી મુંબાઈ જઇને ત્યાંની સર જે. જે. કલાશાળામાં જોડાવાનો નિર્ધાર કરી એણે ફરી વતન છોડયું.

મુંબાઈમાં એણે અસગરઅલીને પોતાની મનેચ્છા જણાવી. થોડા વખત પછી અસગરઅલીએ એક સૉ મિલ ચલાવવાનો ઠેકો રાખ્યો, એમાં તુફાનીશાને પણ ખેંચી લીધા. ત્યાં દિવસ આખો લાકડાં વહેરવાં અને સાંજે કલાશાળાના વર્ગો ભરવા એવી ગોઠવણ કરી. પણ સાંજના વર્ગોથી ધરવ ન થતાં બંને મિત્રોએ મળી નવો તોડ કાઢયો. એ પ્રમાણે સવાર-સાંજ અને રજા હોય ત્યારે આખો દિવસ તુફાનીશાએ લાકડાં વહેરવા અને કલાશાળામાં આખા દિવસના વર્ગો ભરવા માંડયા. બંને બાજુનું સંભાળવામાં દોડાદોડ તો રહેતી જ, પણ નવું શીખવાનાઉમંગમાં એનો બોજ વરતાતો નહિ.

કલાશાળામાં તો એક નવી જ દુનિયા મળી ગઈ. કંઈ કેટલું યે નવું જોવા-શીખવા મળ્યું. નવા મિત્રો મળ્યા, નવા નાતા બંધાયા. અને એમ તુફાનીશાએ ચોથે વર્ષે 'ઍડવાન્સ'ની પરીક્ષા બીજા નંબરે પાસ કરી રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ પણ મેળવી. બીજે વર્ષે 'ડિપ્લોમા' મેળવ્યો ને પછીના વર્ષે 'મ્યૂરલ'નો અભ્યાસ કર્યો. વચ્ચે કલાશિક્ષકની નીગરાનીમાં ખડકવાસલાની સંરક્ષણ અકાદમીમાં ભીંતચિત્રોનું કામ પણ કર્યું.

પછી તો એમણે ચિત્રપ્રદર્શનોમાં પણ ભાગ લેવા માંડયો. ૧૯૫૮માં એમના એક ચિત્ર 'પતગ'ને મુંબાઈની આર્ટ સોસાએટીનું ઈનામ મળ્યું. અમરેલી, ઈંદોર, નવી દિલ્હી, વારાણસી, ભોપાલ, લખનૌ, વિજયવાડા એમ પછી તો અનેક સ્થળે એમનાં ચિત્રો પ્રદર્શિત થતાં રહ્યાં.

ઈ. ૧૯૫૯માં ઑલ ઇંડિયા હૅન્ડલૂમ બોર્ડના વીવર્સ સર્વિસ સેન્ટરમાં તે જોડાયા. આ કામ અંગે એમને જુદાંજુદાં શહેરોમાં રહેવાનું થતાં ત્યાંત્યાંની કલાપ્રવૃત્તિઓ અને કલાવર્તુળોમાં એમણે સક્રિય રસ લેવા માંડયો. એ રીતે ઈંદોરની 'કલાપરિષદ'માં સહમંત્રી, વારાણસીના કલાવૃંદ 'નવોદ્ભવ'માં મંત્રી અને ત્યાંના 'દસ કલાકાર' મંડળના પ્રમુખ, રાયપુર (મ. પ્ર.)ની 'મહાકોશલ કલાપરિષદ'ના માનાર્હ સભ્ય હોવા ઉપરાંત વારાણસીની 'વીમેન્સ આર્ટ કૉલેજ'ને બનારસ હિંદુ યુનિવર્સિટીના લલિત કલા વિભાગમાં બહારના પરીક્ષક તરીકે એમ વિવિધ જવાબદારીઓ પણ એમણે અદા કરી. વિજયવાડામાં 'આન્ધ્ર ઍકૅડેમી ઑવ આર્ટ્સ'ની કાર્યવાહક સમિતિમાં પણ એ સભ્ય બનેલા. આજે તેઓ ઑલ ઇન્ડિયા હૅન્ડલૂમ બોર્ડના વીવર્સ સર્વિસ સેન્ટરની અમદાવાદ શાખામાં ડિઝાઈન વિભાગના આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યા છે.

ઊંડી લગન અને સતત પરિશ્રમશીલ રહી આમ–પુરુષાર્થ વડે એક અદનો આદમી જે વિકાસ સાધી શકે એનું એ એક પ્રેરક દૃષ્ટાંત છે. આ સાથે, અને આ અંકના મુખચિત્ર તરીકે આપેલી એમની કેટલીક કૃતિઓ એની સાક્ષી પૂરશે. એમની ચિત્રલઢણ આગવી છે. પ્રયોગશીલતા અને જીવનના વિવિધ અનુભવોનું એમાં પ્રતિબિંબ પ્રકટ થાય છે. એમના રેખાંટનમાં ઘડાએલા હાથની અને સંયોજનોમાં એમની કલાસૂઝની પ્રતીતિ મળે છે.

ટિકિટ-સંગ્રહ

ભારતના સર્વોચ્ચ શિખર કાંચનજંઘાના અતિ કપરા આરોહણની સફળતાને બિરદાવતી બે ખાસ ટિકિટો ગઈ ૧૫મી જાન્યુ.એ બહાર પડી (જમણી બાજુ) તેના પર એ સાહસ દરમિયાન લેવાએલી બે સુંદર તસ્વીર છે. ત્રીજી એક ખાસ ટિકિટ નવી દિલ્હીમાં ગયા માસમાં યોજાએલા 'પ્રશાંત ક્ષેત્રયાત્રા સંસ્થા'ના ર૭મા સંમેલન નિમિત્તની છે. એના પર કાશ્મીરના દાલ સરોવરમાં ફરતા શિકારાનું સુંદર રંગીન ચિત્ર આપ્યું છે. આ ઉપરાંત, આ વર્ષમાં વિવિધ નિમિત્તે બહાર પડનારી ખાસ ટિકિટોમાં મૉડર્ન ઇંડિયન પેઇન્ટિંગ્સની શ્રેણીમાં કલાકાર યામિની રાય, શૈલોઝ મુખરજી, રવીન્દ્રનાથ ટાગોર અને અમૃતા શેરગિલની ચિત્રોવાળી ટિકિટો એક મુખ્ય આકર્ષણ બનશે. આવતા માર્ચમાં મહાકવિ નાનાલાલની યાદમાં પણ એક ખાસ ટિકિટ બહાર પડશે. ¶ નીચેની ચાર ટિકિટો બ્રિટનની છે. આ વર્ષની આ પહેલી ખાસ ટિકિટો પર એ રાષ્ટ્રના મુખ્ય શક્તિસ્રોતોની રજૂઆત કરતાં એમાં તેલ, કોલસો, કુદરતી ગૅસ અને વીજળિક શક્તિનાં સૂચક આલેખનો આપ્યાં છે. પીટર મર્ડોકે કરેલાં આ ચારેય આલેખનો સાદગીભર્યાં છતાં જે તે શક્તિસ્રોતની પ્રભાવકપણે રજૂઆત કરે છે. ઉત્તર સમુદ્રમાંથી પ્રાપ્ત કરેલા ખનિજ તેલનો પ્રથમ જથ્થો બ્રિટનની કંઠારે ઊતર્યો તે નિમિત્તે ગઈ ૨૫મી જાન્યુઆરીએ આ ટિકિટો બહાર પડી છે.









જણાવતાં ઊંડો ખેદ થાય છે કે ટિકિટ ને સિક્કા-સંગ્રહ તથા પત્રમૈત્રીના વ્યાસંગી તથા અનેકને એનો રસ લગાડનાર તથા 'કુમાર'ના આ વિભાગો માટે ઉમંગથી જોઈતી સામગ્રી લાવી આપનાર ભાઈ ડાહ્યાલાલ પરમારનું હૃદયરોગથી એકાએક અવસાન થયું છે. સ્વર્ગસ્થના આત્માને શાંતિ પ્રાર્થીએ છીએ. -સં.

સાહિત્યસંપર્ક

ગુજરાતવિષયક બે વિશેષ ગ્રંથો

ધીરુ પરીખ

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૪: આ અગાઉ આ વિભાગમાં પ્રસ્તુત ગ્રંથના ૩ ભાગોની નોંધ અપાઈ હતી ત્યારે તે શ્રેણીના વધુ ભાગો સુલભ થામ તેવી જે અપેક્ષા વ્યક્ત કરી હતી, તેને સંતોષતો આ ચોથો ગ્રંથ બહાર પડયો છે તે ગુજરાતના સોલંકી કાલને આવરી લે છે. કુલ ૧૮ પ્રકરણનો આ ગ્રંથ 'રાજકીય ઇતિહાસ', 'સાંસ્કૃતિક ઇતિહાસ' અને 'પુરાતત્ત્વ' એમ ત્રણ પેટા ખંડોમાં વહેંચાએલો છે. સોલંકી કાલ ગુજરાતના ઇતિહાસનો સુવર્ણકાળ ગણાયો છે. તેની પ્રતીતિ અહીં ૧૮ પ્રકરણમાં નિરૂપિત માહિતી પરથી થયા વગર રહેશે નહિ. આ ગ્રંથને પણ અગાઉના ત્રણ ગ્રંથોની જેમ સર્વશ્રી ભોગીલાલ સાંડેસરા, હરિપ્રસાદ શાસ્ત્રી, કે. કા. શાસ્ત્રી, છોટુભાઈ ર. નાયક, મંજુલાલ મજમુદાર, ઉમાકાંત પ્રેમાનંદ શાહ, કાન્તિલાલ સોમપુરા, પ્રિયબાળા શાહ આદિ તજ્જ્ઞોનો લાભ મળ્યો છે. પ્રથમ ખંડમાં પ્રથમ પ્રકરણમાં અણહિલવાડ પાટણનો ઇતિહાસ આપી બાકીનાં આઠ પ્રકરણોમાં સોલંકી વંશનો સંક્ષિપ્ત ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો છે. સાંસ્કૃતિક ઇતિહાસની ચર્ચા કરતા બીજા ખંડનાં પાંચ વિસ્તૃત પ્રકરણો તે કાળની સામાજિક-આર્થિક સ્થિતિના, તો વળી તે વખતનાં ભાષા-સાહિત્ય, લિપિ તેમ જ ધર્મસંપ્રદાયોની છણાવટ કરે છે, જ્યારે પુરાતત્ત્વનો ખંડ ચાર પ્રકરણમાં મળીને તે કાળનાં સ્થાપત્યકીય સ્મારકો, શિલ્પ કૃતિઓ, ચિત્રકલા આદિની ચર્ચા કરે છે. દરેક ખંડમાં આપવામાં આવેલાં પરિશિષ્ટો પણ ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડે છે, જેમાં વાઘેલા વંશના કર્ણદેવ અને એના કુટુંબને લગતી સમસ્યાઓ, ભરૂચના બંદર વિષેની વિગતસભર માહિતી, ગુજરાતના પાશુપત આચાર્યો અને ભારતમાં સૂર્યપૂજા અને એનો ગુજરાતમાં પ્રસાર ઉપરાંત પુરાણો અને જૈન સાહિત્યમાંથી મળતી આનુશ્રુતિક કથાઓ પણ આપવામાં આવી છે. ગ્રંથાંતે અનેક નકશાઓ અને ચિત્રો આપવામાં આવ્યા છે તે અગાઉના લેખોની ચર્ચામાં વિશદતા આણે છે અને સમગ્ર ગ્રંથની મૂલ્યાવત્તામાં ઉમેરો કરે છે. ગુજરાત સરકારની આર્થિક સહાયથી પ્રકટ થતી આ ગ્રંથશ્રેણીનો આ ચોથો ગ્રંથ ખૂબ જ મૂલ્યવાન ને દળદાર હોવા છતાં ય કિંમતમાં ઘણો સસ્તો હોવાથી શિક્ષણ-સંસ્થાઓ અને પુસ્તકાલયોને તેની ખરીદીમાં વાંધો ન જ આવવો જોઇએ, એટલું જ નહિ પણ વ્યક્તિગત રીતે જિજ્ઞાસુઓ ને અભ્યાસીઓને પણ ખરીદવો સુકર થઈ પડશે. (સંપા. સર્વશ્રી રસિકલાલ છોટાલાલ પરીખ ને હરિપ્રસાદ શાસ્ત્રી; પ્રકા. શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ર. છો. માર્ગ અમદાવાદ-૯; પાકું પૂઠું, પૃ. ૬૮૦, રૂ. ૯–૫૫)

ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાહો: ગુજરાત વિષેની ગુજરાતીઓમાં પ્રજાગ્રત અસ્મિતાના આ કાળમાં ગુજરાતના વિવિધ સાંસ્કૃતિક પ્રવાહો વિષે જાણવાની ઇચ્છા થાય તે અતિ સ્વાભાવિક છે. આ પુસ્તકના લેખક (હમણાં જ સ્વર્ગસ્થ થએલા) શ્રી હરકાન્ત શુક્લે પોતાના આ ગ્રંથમાં 'જનસત્તા-લોકસત્તા'-માં પોતે અગાઉ પ્રકટ કરેલા લેખો જ બહુધા સંગૃહીત કર્યા હોઈ એની ભાષાશૈલીમાં કોઇને પત્રકારત્વની ગંધ આવે તો નવાઈ નહિ. અન્યથા એમાં નિરૂપવામાં આવેલી માહિતી રસપ્રદ નીવડે તેવી છે. સમગ્ર ગ્રંથને અગિયાર નાના પેટા વિભાગોમાં વહેંચી દેવાયો છે. આ દરેક વિભાગ નીચે જે તે વિભાગના શીર્ષકને સાર્થ કરે અને વાચકને સંતોષ આપે એટલી વિગતપૂર્ણ લેખસામગ્રી આપવામાં આવી નથી, અને લેખકની એવી, આ ગ્રંથને સંપૂર્ણ સ્વરૂપ આપવાની નેમ પણ નથી. આથી અહીં સંગૃહીત લેખો છૂટક છૂટક લખાયા હોઈ તે તે વિષયની છૂટક છૂટક પણ જાણવાજોગી માહિતી આપે છે. પ્રથમ વિભાગમાં પ્રાચીન સંસ્કૃતિને લગતા સાત, બીજા વિભાગમાં ગુજરાતમાં વેદ-સાહિત્ય અને ધર્મને લગતા આઠ, ત્રીજા વિભાગમાં સાહિત્યને લગતા સાત, ચોથા વિભાગમાં સંગીતને લગતા ઓગણીસ, પાંચમા વિભાગમાં લોકસંગીતને લગતા પાંચ, છઠ્ઠા વિભાગમાં નૃત્યને લગતા પાંચ, સાતમા વિભાગમાં લોકનૃત્યને લગતા બે, આઠમા વિભાગમાં ચિત્રકલાને લગતા ત્રણ, નવમા વિભાગમાં નાટકને લગતા ત્રણ, દસમા વિભાગમાં શિલ્પ-સ્થાપત્યને લગતા ચાર અને અગિયારમા વિભાગમાં ગુજરાતની વેશભૂષા અને લોકકલાનાં ઝૂમણાં એમ બે લેખો આપવામાં આવ્યા છે. ક્યાંક તે તે વિષયની વ્યક્તિઓ વિષે તો ક્યાંક તે તે વિભાગના વિષયના પ્રવાહ વિષે ને વિવિધ અંગો વિષે સંક્ષેપમાં પણ જાણવા જેવી માહિતી આપવામાં આવી છે. વચ્ચે વચ્ચે આર્ટ પ્લેટ પર આપવામાં આવેલાં થોડાં ચિત્રો જે તે લેખનો ઉપયોગી ભાગ બની રહે છે. (પ્ર. શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ, ૨૧૬, રૂ. ૩૦.)

શબ્દકથા : વાડ · વાડી · વાડો · પાડો

'વાડ ચીભડાં ગળે' એ કહેવતને મળતી કહેવત નંદબત્રીશીની વાર્તાના એક સંસ્કૃત શ્લોકમાં वाटी भक्षति कर्कटी એમ અશુદ્ધ સંસ્કૃતમાં મળે છે. 'વાડ'ના અર્થમાં वाटी શબ્દ જૂના સંસ્કૃત સાહિત્યમાં નથી મળતો. પ્રાકૃત वाडी ઉપરથી સંસ્કૃત वाटी ઘડી કાઢયો છે.

સંસ્કૃત वृति–'વાડ'–ઉપરથી પ્રાકૃત वइ બન્યો છે. પણ वाडी શબ્દ તેમાંથી બની ન શકે. સંસ્કૃત वृ 'રક્ષણ કરવું', 'ઢાંકવું' પરથી બનેલા वात्र એવા નામનું પ્રાચીન પ્રાકૃત સ્વરૂપ वाट, તે પરથી वाड, સ્ત્રીલિંગ वाडी, જૂની ગુજરાતી वाडि અને અર્વાચીન वाड થયા. वहोरवाड, खलावाड જેવામાં તથા काठियावाड, झालावाड જેવાં સ્થળનામોમાં वाड 'વિશિષ્ટ સ્થળ, રહેઠાણનું સ્થાન કે પ્રદેશ' એવા અર્થમાં છે.

સંસ્કૃતમાં वाटिका પણ અગિયારમી સદી પહેલાં નથી મળતો. પ્રાકૃત वाडिआ જૂનો છે. તેના પરથી ગુજરાતીમાં वाडी 'બાગ'. फूलवाडी, आंबावाडी વગેરેમાં પણ તે મળે છે.

સંસ્કૃત वाटक, પ્રાકૃત वाडअ, ગુજરાતી वाडो. वाडो ઘરની પાછળનો હોય, શાકભાજીનો હોય, ઘેટાંબકરાં પૂરવાનો હોય, મહોલ્લો હોય (वेश्यावाडो, नागरवाडो) કે ગામનામમાં પાછલો અંશ હોય: देलवाडा, वांसवाडा.

'તડ' કે 'પક્ષ'ના લાક્ષણિક અર્થમાં તે वाडाबंधी, 'સૌ સૌનો અલગ વાડો' જેવા પ્રયોગોમાં મળે છે.

મુકાબલે પાછળના સમયમાં अणहिल्लपाटक 'અણહિલવાડા, देवकुलपाटक 'દેલવાડા' જેવાં ગામનામોમાં पाटक રૂપ મળે છે. પણ તે પ્રાકૃત वाडय ઉપરથી ઘડી કાઢેલું જણાય છે. ગુજરાતીમાં पाडो 'મહોલ્લો' આના ઉપરથી બનેલો છે.

હરિવલ્લભ ભાયાણી

આર. આર. શેઠની કંપનીની
પુનર્મુદ્રિત નવલ-નવલિકાઓ

ફેરો : ઘટનાઓનો ઘટાટોપ દૂર કરી માત્ર નાનીનાની બાહ્ય ઘટનાઓના નિરૂપણ દ્વારા આંતર-ઘટનાઓનું સૂચન કરતી શ્રી રાધેશ્યામ શર્માની આ લઘુનવલ માનવજીવનના ફેરાની વ્યર્થતા-આધુનિક સંદર્ભમાં-અનેક કલ્પનો અને પ્રતીકોની સહાયથી આહ્‌લાદકરીતે રજૂ કરે છે. નાયક, પત્ની અને બે-નામ વગર નાં ત્રણ પાત્રોની આગગાડીની મુસાફરીની એક ઘટના સમગ્ર માનવજીવનની સંવેદનાઓનો સુભગ પરિચય કરાવી દે છે. (પૃ. ૧૩૫, પાકું પૂઠું, રૂ. ૬-૭૫.)

ક્ષિતિજ ખંડ ૧, ૨ : ગુપ્તસમય પહેલાં ભારતમાં 'નાગ', 'ભારશૈવ' ઈત્યાદિ આર્ય કે અર્ધ આર્ય જાતિઓનાં સામ્રાજ્યો સ્થપાયાં હતાં. એમના આંતરરાષ્ટ્રીય સંબંધો લક્ષમાં રાખી એ યુગનાં આર્ય અને નાગ જાતિનાં ઘર્ષણો અને સમન્વય, એ સમયનાં ધર્મ, જાદુ, રાજકારણ, વિજ્ઞાન, વહેમ વગેરે તેમ જ એ સમયની પ્રજાના પરદેશગમનના પ્રયાસો પર પ્રકાશ પાડતી શ્રી ર. વ. દેસાઈની ઐતિહાસિક નવલકથાનું ચોથું પુનર્મુદ્રણ (પૃ. ૫૭૮, પાકું પૂઠું, રૂ. ૨૭-૨૫).

જનમટીપ : શ્રી ઇશ્વર પેટલીકરની ગ્રામજીવનની અને ખાસ કરીને પાટણવાડિયા કોમની ટેક, ખુમારી અને જીવનની ઝિંદાદિલી વ્યક્ત કરતી ચંદાના તેજસ્વી સ્ત્રીપાત્રથી ખૂબ જાણીતી થએલી અને ભારતની તમામ ભાષાઓમાં અનુવાદ માટે પસંદ થએલી લોકપ્રિય નવલકથાની ૧૧મી આવૃત્તિનું પુનર્મુદ્રણ (પૃ. ૨૪૬, પાકું પૂઠું, રૂ. ૧૨).

ઝંઝાવાત : યુગમૂર્તિ વાર્તાકાર શ્રી. ર. વ. દેસાઈની બીજા વિશ્વયુદ્ધ અને સ્વરાજપ્રાપ્તિ પછીનાભારતના ધન–સત્તા-કીર્તિભૂખ્યા વાતાવરણને આલેખતી નવલકથાની પાંચમી આવૃત્તિ (પૃ. ૬૪૮, પાકું પૂઠું, રૂ. ૩૦).

જયંત : એક ભાવનાશાળી યુવાનના, પોતાની ભાભીના સુખ માટે અપાતા બલિદાનની શ્રી ર. વ. દેસાઇને પ્રિય એવા પ્રણયત્રિકોણ સાથેની મધ્યમ કક્ષાની નવલકથા (સાતમી આવૃત્તિનું પુનર્મુદ્રણ, પૃ. ૨૫૬, પાકું પૂઠું, રૂ. ૧૦-૨૫).

ઝાકળ : શ્રી. ર. વ. દેસાઈની ખૂબ લોકપ્રિય બનલી 'પ્રભુનો દરવાન', 'ઝાકળ', 'સતીની દહેરી', 'કોનો વિજય?', 'ગામડિયો' ઈત્યાદિ ૧૫ વાર્તાઓના સંગ્રહની આ બીજી આવૃત્તિ, એ વાર્તાઓ હજી પણ વાચકોના એક વર્ગને આકર્ષી શકે છે એની પ્રતીતિ કરાવે છે. (પૃ. ૧૮૭, પાકું પૂઠું, રૂ. ૯.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રીમતી સરયુ દફતરી

જન્મ : મુંબઈમાં તા. ૮ નવેમ્બર ૧૯૩૩. અર્થશાસ્ત્રનાં સ્નાતક ઉપરાંત 'બિઝનેસ મૅનેજમેન્ટ'ના વિવિધ અભ્યાસક્રમોનાં અભ્યાસી. ૧૯ વર્ષ પહેલાં પોતે સ્થાપેલી 'ભારત રૅડીએટર્સ મા. લિમિ.ના મૅનેજિંગ ડિરેક્ટર. 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ'ની કારોબારી સમિતિમાં ચૂંટાએલાં પ્રથમ સ્ત્રી સભ્ય, 'મહારાષ્ટ્ર ચેમ્બર ઑવ કૉમર્સ'નાં ઉપપ્રમુખ, 'મહિલા આર્થિક વિકાસ મહામંડળ'નાં વાઈસ ચૅરમૅન અને અન્ય અનેક ઔદ્યોગિક તથા વ્યાપારી મહામંડળો સાથે સંકળાએલાં. અનેક જવાબદારીઓ સંભાળવા સાથે આદર્શ ગૃહિણી, અને વળી બેડમિંટનનાં રસિયા.

૧ ઔદ્યોગિક એકમનાં વહીવટકર્તા તરીકે કારીગરો સાથે તમે કઈ રીતે વર્તો છો?

ઉ. એ સૌ પ્રત્યે હું સહાનુભૂતિ રાખું છું. તેઓ મારા 'હાથ નીચે' કામ કરે છે એમ નહિ, પણ 'અમે સૌ સાથે મળીને ઉત્સાહપૂર્વક, ટીમ-સ્પિરિટથી અને શિસ્તબદ્ધ રીતે' કામ કરીએ છીએ.

૨ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં સફળતા પામવા કયા ગુણ હોવા જરૂરી છે?

ઉ. અભ્યાસવૃત્તિ, આવડત અને અનુભવભર્યાં સાહસ ને ચીવટ ઉપરાંત વિનમ્રતા અને સૌજન્ય જરૂરી છે. એનાથી કારીગરો આપણને પોતામાંના એક ગણે છે ને કચવાટને ક્યાંય સ્થાન રહેતું નથી. જે ધંધો હાથ ધર્યો હોય એના વિકાસ અને ભાવિની સ્પષ્ટ રૂપરેખા પણ આપણે બરાબર જાણી લેવી જોઇએ.

૩ આપની પોતાના વ્યવસાય ઉપરાંતની અન્ય અનેક જવાબદારીઓને આપ કઈ રીતે પહોંચી વળો છો?

ઉ. વ્યવસાય ઉપરાંતની બીજી અનેક જવાબદારીઓમાં વધુ સમય ફાળવવો તો મુશ્કેલ હોય છે, પણ જે તે સંસ્થા કે પ્રવૃત્તિમાં પૂરતો રસ લઇને ખંતપૂર્વક કામ કરવાથી ઘણી રીતે સહાયક બની શકાય છે.

૪ ઔદ્યોગિક ક્ષેત્રે સ્ત્રીઓ પુરુષ સમોવડી બની શકે ખરી?

ઉ. ક્ષેત્રનું જ્ઞાન, વલણ, સૂઝ, ઉત્સાહ અને આવડત સાથે પ્રયાસ કરે તો સ્ત્રી પણ ઉદ્યોગોમાં આગળ આવી શકે જ.

૫ ભારતના ઔદ્યોગિક ક્ષેત્ર અંગે આપ શું ધારો છો?

ઉ. ઔદ્યોગિક ક્ષેત્રે ભારતે હવે સારા પ્રમાણમાં વિકાસ કર્યો છે. જોકે ઔદ્યોગિક સાહસની સંપૂર્ણ છૂટ અને એને માટે યોગ્ય પ્રોત્સાહન અને કદર મળે તો રાષ્ટ્રનો આર્થિક વિકાસ હજી ઘણો વધારે થાય.

૬ જીવનને આપ સાર્થક કઈ રીતે ગણો છો?

ઉ. શક્તિ અનુસાર શક્ય એટલાં સુસંગઠિત કાર્યો કરવામાં હું મારા જીવનની સાર્થકતા સમજું છું.

૭ જીવનનો આનંદ આપ શામાંથી મેળવો છો?

ઉ. કુદરતમાંથી. પ્રકૃતિના સૌન્દર્યને માણવામાં મને અનેરો આનંદ આવે છે. એવો જ લહાવો હું શહેરની ગીચ વસ્તીમાં ને મારી રોજિંદી પ્રવૃત્તિઓમાંથી પણ લઈ શકું છું.

શરયૂ દફ્તરી

સતી અને સ્વર્ગ : શ્રી. ર. વ. દેસાઈની, પરંપરાગત શૈલીની ૨૧ ઘટનાપ્રધાનવાર્તાના સંગ્રહનું પુનર્મુદ્રણ (પૃ. ૨૫૬. પાકું, રૂ. ૧૨).

પંકજ : 'ખરી મા', 'મૂર્તિપૂજા', 'માનવતા', 'વૃદ્ધ સ્નેહ', 'પંકજ' આદિ ર. વ. દેસાઈની લાક્ષણિક શૈલીની ૧૬ નવલિકાઓના પહેલા સંગ્રહની ત્રીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ (પૃ. ૨૪૭, પાકું પૂઠું રૂ. ૧૨).

રસબિંદુ : શ્રી ર. વ. દેસાઈની ૧૪ ભાવનાપ્રધાન નવલિકાઓનો ત્રીજો વાર્તાસંગ્રહ (પૃ. ૨૦૦, પાકું પૂઠું, રૂ. ૯-૭૫).

હીરાની ચમક : શ્રી ર. વ. દેસાઈની ૧૫ ટૂંકી વાર્તાઓનો છેલ્લો સંગ્રહ (પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૧૦ ૨૫).

સર્વેના પ્રકાશક: આર. આર. શેઠની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨ ને ગાંધીરોડ અમદા.-૧.

દ્વાદશ જ્યોતિર્લિંગ-૨
શ્રી મલ્લિકાર્જુન

કૃષ્ણા નદીના તટમાં નિસર્ગશોભાથી આવૃત્ત રમણીય પ્રદેશમાં દક્ષિણના કૈલાસ ગણાતા શ્રીશૈલ પર્વત ઉપર દ્વાદશ જ્યોતિર્લિંગોમાંના એક શ્રી મલ્લિકાર્જુનનું માહાત્મ્ય અનેરું છે.

ગણેશ અને કાર્તિકેયની પૃથ્વી-પરિક્રમાની સ્પર્ધામાં ગણેશે કરેલી યુક્તિથી રિસાઈને ક્રૌંચ પર્વત ઉપર ચાલ્યા ગયેલા કાર્તિકેયને મનાવવા શિવ પાર્વતી ત્યાં જઈ રહેલાં. શિવજીનો એ વાસ તે આ મલ્લિકાર્જુન. બીજી એક કથા છે કે પિતાની કુદૃષ્ટિથી ગૃહત્યાગ કરી અહીં આવીને રહેલી ચંદ્રગુપ્તપુરમની રાજકન્યા ચંદ્રાવતીએ આ મંદિરની સ્થાપના કરી હતી. કહે છે કે પારધી સ્વરૂપે અહીં આવેલા શિવજીએ અહીંની ચેન્ચુ જાતિની એક સુંદર કન્યા સાથે લગ્ન કરેલું. આ પરથી મલ્લિકાર્જુન 'ચેન્ચુ મલ્લય્ય' નામે પણ ઓળખાય છે.

આ સ્થાનનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. ઘણા યોગીઓએ અહીં તપ કરેલું. ચોર્યાસી બૌદ્ધ સિદ્ધોમાંના એક નાગાર્જુન પણ વર્ષો સુધી અહીં રહેલા. લિંગાયત વીરશૈવ સંપ્રદાયના પાંચ મુખ્ય આચાર્યોમાંના એક પંડિતારાધ્યનો મઠ પણ અહીં છે. લિંગાયતો મલ્લિકાર્જુનના જ્યોતિર્લિંગને 'લિંગ ચક્રવર્તી' કહે છે.

શ્રીશૈલની ટોચે ઉત્તર-દક્ષિણ અને પૂર્વ બાજુએ પ્રવેશદ્વારવાળા એક વિશાળ ચોકની વચ્ચે મલ્લિકાર્જુનનું પ્રાચીન મંદિર છે. વિજયનગરના મહાન રાજવી કૃષ્ણદેવ રાયે એના પર સુવર્ણ શિખર ચડાવ્યાનું કહેવાય છે. એક કાળે મંદિરની દીવાલો પર સુવર્ણથી રસેલી પિત્તળની અનેક તક્તીઓ હતી જેમાંની કેટલીક આજે મદ્રાસના સંગ્રહસ્થાનમાં છે.

મલ્લિકાર્જુનની પશ્ચિમે દેવી બ્રહ્મરંભિકાનું એક પ્રાચીન મંદિર છે. માધવી, બ્રહ્મરંભા કે અમ્મન તરીકે ઓળખાતી આ દેવી દુર્ગા કે કાલી સ્વરૂપા છે. બ્રહ્મરંભિકા એ એક પ્રાચીન શક્તિપીઠ છે. ને આજે ય દર મહાશિવરાત્રીએ ઊજવાતા મલ્લિકાર્જુનના ઉત્સવ પછી આરંભાઇને દિવસો સુધી ચાલતો શક્તિ-ઉત્સવ વધુ દબદબાભર્યો હોય છે.

મલ્લિકાર્જુનના પૂર્વ દ્વારમંડપની ઉત્તરે એક નાનું પ્રાચીન શિવમંદિર છે. ત્રિમુખ નાગથી આવૃત્ત અને સુંદર યોનિમંડળમાં સ્થિત તે શિવલિંગ ઉપર એક હજાર લિંગ કોરેલાં હોઈ એ સહસ્રલિંગ કહેવાય છે. લોકો એને પુરાતન મલ્લિકાર્જુન પણ ગણે છે.

છત્રપતિ શિવાજીએ બંધાવેલી ધર્મશાળા પણ અહીં છે.

—ચંદ્રકાંત મોતીલાલ શુક્લ



મધુકરી

છે પહાડ ઊંચો, ખડકો કઠોર,
ટૂંકો ઝઝૂમી, પગથી ય ઝાંખી;
ને ખીણ ઊંડી : પણ વીર યાત્રી !
ડગે થતું છે દૃઢ ને ચકોર;
આંતર્દૃષ્ટિ કરી નીરખ; ત્યાં જો! હસે આત્મશ્રદ્ધા.

—દેશળજી પરમાર

કવિવર નાનાલાલના ગરવા ગુરુદેવ : પ્રો. કાશીરામ દવે

મહાકવિ નાનાલાલની જન્મશતાબ્દીનું પર્વ ગુજરાત ઉત્સાહભેર ઊજવી રહ્યું છે તે પ્રસંગે કવિવરના નવજન્મના વિધાતા ગુરુદેવને કેમ ભુલાય ? 'ગુરુદેવ નમોનમઃ'નું અર્પણકાવ્ય કવિ નાનાલાલે ઈ. સ. ૧૯૦૮માં રચ્યું. એમાં કવિના ઉરની ઉત્કટ ઊર્મિની છોળ ઊછળી રહી છે. કવિ ગુરુદેવની મનોહર મૂર્તિને કાવ્યમાં કંડારે છે :

'સાદાઈ અને સરળતાની સૌમ્યમૂર્તિ
પ્રફુલ્લ બૃહસ્પતિની જોડલી સમોવડી
નયન બેલડી તમારી પ્રોજ્જ્વળ પ્રકાશતી.'

પછી એ મૂર્તિને વિવિધ વિશેષણોના વાઘા સજાવે છે અને સ્તુતિસ્તોત્રો રટતાં રટતાં કવિના ઉરમાં ઉજમાળી સ્મૃતિઓ ઊમટી પડે છે. અંતે વિગલિત ભાવે કવિ પોતાના જીવનના પલટાનો પ્રસંગ સ્મરે છે :

સ્મરણમાંથી નહિ સરી જાય / એ આપદીધું જીવંત દાન
ખરાબે લાધતી મારી નૌકાને / વાળી વ્હેણમાં મૂકી
એ નાખુદો ભૂલશે કદી ? / ગગનના તારકલેખ ભુંસાશે ?
કે ભુંસાય એ હૈયાના લેખ ?

અને આમ ગુરુદેવના ગુણોનું સંકીર્તન કરતાં કરતાં ભાવવિભોર બની શબ્દનો એ સમર્થ સ્વામી મૌનમાં ડૂબી જાય છે :

નેતિ, નેતિ, નેતિ, ભગવન્ !

ગુજરાતનાં પ્રથમ સ્ત્રી ગ્રૅજ્યુએટ લેડી વિદ્યાબેન નીલકંઠે પણ નાનાલાલના આ ગુરુદેવ માટે એ જ અહોભાવ અભિવ્યક્ત કર્યો છે : 'બાળક સરખા નિર્દોષ એ ફિલસૂફને મારાં અનેક વંદન!'

આ બન્ને તો શિષ્યો હતાં, પરંતુ પંડિતયુગના પ્રખર વિદ્વાન આચાર્ય આનંદશંકર ધ્રુવે પણ આ ગુરુદેવ માટે એ જ પૂજ્યભાવ પ્રગટ કર્યો છે : 'આ ભગવજ્જનને ચરણે શિર નમાવવાની સ્વાભાવિક પ્રેરણા ઉત્પન્ન થાય છે.'



ત્યારે પ્રશ્ન થાય છે કે નાનાલાલ કવિના એ ગુરુદેવ કોણ? ઈ. સ. ૧૯૨૭માં નાનાલાલ-જન્મ-સુવર્ણ મહોત્સવ ઊજવાયો તે પ્રસંગે મુંબાઈ વિદ્યાપીઠના પ્રાંગણમાં એક અભિનંદન સમારંભમાં કવિએ શ્રોતાઓને આ જ પ્રશ્ન પૂછ્યો હતો અને પ્રત્યુત્તર પણ પાઠવ્યો હતો : 'પ્રો. કાશીરામ સેવકરામ દવે એટલે ગુર્જર ભોમના નવયુગના ગુરુશિરોમણી, નવયુગના આંગ્લસંસ્કારીઓમાંના અજોડ સંસારી સંત, ધર્મનીતિ, ઇતિહાસ, ફિલસૂફી, જ્ઞાનભક્તિની એ સાક્ષાત્ મૂર્તિ હતા.'

એવા એ પ્રો. કાશીરામ દવેનો જન્મ ઈ. સ. ૧૮૯૫માં થયો હતો. પછાત ગણાતા પંચમહાલ જિલ્લાનું લૂણાવાડા તેમનું વતન. પિતા સેવકરામ ગણેશજી પ્રતિષ્ઠિત શરાફ હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી કાશીરામને ગળથૂથીમાંથી જ એ ધર્મના સંસ્કાર મળ્યા હતા. પ્રાથમિક શિક્ષણ વતનમાં પૂરું કરી તેઓ અમદાવાદની મિડલ સ્કૂલમાં દાખલ થયા. લાંબેશ્વરની પોળમાં કવીશ્વર દલપતરામની પડોશમાં રહેતા. ધર્મનો ને પાડોશનો આમ ગાઢ સંબંધ બંધાયો. અભ્યાસમાં એવા તેજસ્વી કે ઈ. સ. ૧૮૮૪માં છઠ્ઠા ધોરણમાંથી જ મૅટ્રિકની પરીક્ષા પસાર કરી પછીનો કૉલેજનો ઉચ્ચ અભ્યાસ મુંબાઈની એલ્ફિન્સ્ટન ને પૂનાની ડેક્કન કૉલેજમાં કર્યો. ઈ. સ. ૧૮૮૮માં તે સમયે કપરા ગણાતા ઇતિહાસ અને ફિલસૂફીના વિષયો સાથે તેઓ ઉચ્ચ ક્રમે બી. એ. થયા અને દક્ષિણા ફેલોશિપ મેળવી એમ. એ. થયા.

કૉલેજકાળના તેમના મિત્રો હતા સ્વ. સાક્ષરશ્રી બળવંતરાય ઠાકોર કવિ કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ) અને સર રમણભાઈ નીલકંઠ. એ સંસ્મરણોને સ્વ. બ. ક. ઠા.એ શબ્દસ્થ કર્યાં છે. કાશીરામ દવેની સૂક્ષ્મ બુદ્ધિ અને મંડ્યા રહેવાનો ગુણ એમને ગમતાં. કવિ 'કાન્ત' પોતે રચેલી કૃતિઓ કાશીરામ દવેને પ્રથમ વંચાવતા અને તેમનાં અવલોકનો આવકારતા. કૉલેજકાળથી જ તેઓ તેમની વિદ્વત્તા ને પ્રતિભાશાળી વક્તૃત્વશક્તિ માટે પ્રસિદ્ધ થઈ ગયા હતા.

આમ ઝળહળતું વિદ્યાર્થીજીવન પૂરું કર્યું. ત્યાં જ વતનના રાજવી વખતસિંહજીએ એમને દીવાનપદે નિમંત્ર્યા. પરંતુ આ આજીવન કેળવણીકારે તો તેનો સાભાર અસ્વીકાર કર્યો. શિક્ષણ એ જ એમનો જીવનનો આદર્શ હતો એટલે સુરતની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો. થોડા સમય બાદ મોરબીના રાજા વાઘજીબાવાએ વકતુબા ચૅરિટેબલ હાઈસ્કૂલની મોરબીમાં સ્થાપના કરી તેના અધિષ્ઠાતા તરીકે કાશીરામને આમંત્રણ આપ્યું. તેથી તેઓ ઈ. સ. ૧૮૯૨માં મોરબી હેડમાસ્તર તરીકે ગયા, ને ત્યાં કવીશ્વર દલપતરામની વિનંતીથી નાનાલાલને અમદાવાદથી બોલાવ્યા. મચ્છુના કાંઠે એ સંસ્કારનિષ્ઠ શિક્ષકે આધ્યાત્મિકતાનાં અમી છાંટી તોફાની 'નાના'માંથી 'કવિ નાનાલાલ'નું સર્જન કર્યું.

એ પ્રસંગ આમ બન્યો હતો: નાનાલાલ મૅટ્રિકના વર્ગમાં આવ્યા તો હતા, પરંતુ એક વર્ષમાં ચાર શાળાઓ બદલી અને ત્રણ વખત ઘર છોડી નાસી ગયા! છેલ્લે તોતેર વર્ષની જૈફ ઉંમરે દલપતરામ જાતે તપાસ આદરી મહેસાણાના વગડામાંથી નાનાને ઘેર લઈ આવ્યા હતા. એની ચિંતા કવીશ્વરના હૃદયને કોરી ખાતી. 'એ તો હવે ભણી રહ્યો. એનું જીવન પાટે ચડે તો યે બસ છે' એવી આશાએ વ્યવહારકુશળ કવિએ પોતાના ધર્મબન્ધુ કાશીરામ આગળ વ્યથા ઠાલવી. પરિણામે, તેઓએ મોરબી પોતાને ત્યાં નાનાને બોલાવી લીધો અને એક જ વર્ષમાં એ આદર્શ કેળવણીકારે નાનાને નાનાલાલ કવિરૂપે ગુજરાતના ચરણે ધર્યો. આ પ્રસંગ કવિ કદી વીસર્યા નથી, કવિથી કદી વીસરાયો નથી: '૧૮૯૩માં એમ એક સંવત્સર અદ્ભુત ઊઘડ્યું. આ એક વર્ષમાં દવે સાહેબે જીવનપલટો કીધો. જિંદગીનું સુકાન વાળ્યું. આયુષ્યની દિશા બદલી દલપતપુત્રને શારદમાર્ગે મૂક્યો. મારા જીવનમાં એમ સરસ્વતી સ્થાપ્યાં.'

ઈ. સ. ૧૮૯૫માં કાશીરામભાઈ ગુજરાત કૉલેજમાં ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે અમદાવાદ આવ્યા. વિદ્યાર્થીઓના તેઓ પ્રિય પ્રોફેસર હતા. તેમની વાતોનો વિસામો હતા. સ્વ. વિદ્યાબહેન નીલકંઠ તેમનાં વિદ્યાર્થિની હતાં. તેઓએ લખ્યું છે કે કાશીરામભાઈ ઇતિહાસના પ્રોફેસર હોવા છતાં કૉલેજ સમય ઉપરાંત વધારે સમય આપી તેઓને લૉજિક શીખવતા. પરંતુ વધારે આદરપાત્ર લાગ્યું હતું તેમના અંતઃકરણનું કલેવર. અપવિત્ર વસ્તુથી મન, કર્મ અને વચનથી દૂર રહેતા. તેમની તેજસ્વી બુદ્ધિમત્તા અંગે લેડી વિદ્યાબેનનો અભિપ્રાય હતો કે: 'તેમની બુદ્ધિ અતિ તેજસ્વી હતી. તલવારની ધાર જેવી તીક્ષ્ણ મગજશક્તિને પરિણામે દલીલમાં તેમને કોઈ પહોંચી શકે એમ નહોતું.' તેથી તો મણિલાલ નભુભાઈ દ્વિવેદી સામે દલીલબાજીની પટાબાજી ખેલી હતી: તેમના 'નારીપ્રતિષ્ઠા'ના લેખ સામે પ્રો. કાશીરામ દવેએ 'સ્ત્રીપુરુષના સમાન હક' નામનો દલીલોથી સભર લેખ લખ્યો હતો.

વિદ્યાર્થીઓ પ્રત્યેના અત્યંત અનુરાગે તેમના જીવનમાં મુશ્કેલી ઊભી કરી હતી. તે વખતે રોમન ઇતિહાસના દસ ગ્રન્થોનો અભ્યાસ કરવો પડતો. એક જ પેપર માટે આટલો અભ્યાસક્રમ આર્થિક દૃષ્ટિએ પણ બોજારૂપ લાગતો. વિદ્યાર્થીઓએ પોતાની વ્યથા પોતાના આ પ્રિય પ્રાધ્યાપકને જણાવી. તેથી કાશીરામ દવેએ દસ ગ્રન્થો વાંચવા ન પડે તે રીતે એક પુસ્તક તૈયાર કર્યું: Epitome of Roman History. તેની પેલા દસ ગ્રન્થોના વેચાણ ઉપર માઠી અસર થઈ. એથી પ્રકાશક બ્રિટિશ કંપનીએ લંડનથી પ્રતિનિધિ ભારત મોકલી તપાસ કરાવી. તેનું કારણ આ પ્રાધ્યાપકનું પુસ્તક નીકળ્યું. પરિણામે ગુલામ દેશના એ પ્રોફેસરની કદર થવાને બદલે એમના ઉપર કૉપીરાઈટનો કેસ થયો.

ઈ. સ. ૧૮૯૫ થી ૯૯ સુધી કાશીરામભાઈ અમદાવાદ રહ્યા. ઈ. સ. ૧૯૦૦ના જાન્યુઆરીમાં સર મનુભાઈ મહેતા વડોદરા રાજ્યના દીવાનપદે જતાં તેમની જગ્યાએ તેઓ વડોદરા કૉલેજમાં ફિલસૂફીના પ્રાધ્યાપકના પદે ગયા. એમ. એ. થયા પછી ફિલસૂફીના આચાર્ય થવાની તેમની ઇચ્છા હતી, અને બીજો હેતુ હતો પ્લેટો અને સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાનનો સમન્વયગ્રન્થ રચવાનો. પરંતુ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં એક પ્રકાશમય પ્રદાન સાંપડવાની આશા વણપૂરી રહી. ઈ. સ. ૧૯૦૦ના ડિસેમ્બરની બીજી તારીખે માત્ર પાંત્રીસ વર્ષની વયે તેમનું અકાળ અવસાન થયું. એ પુણ્યકલાપ ઊઘડે ત્યાં તો કરમાઈ ગયો.

'સુદર્શન' માસિકના ઈ. સ. ૧૯૦૧ના જાન્યુઆરીના અંકમાં ગુજરાતના પ્રખર વિદ્વાન આચાર્ય આનંદશંકર ધ્રુવે એવા જ આ પ્રખર વિદ્વાનને શ્રદ્ધાંજલિ અર્પી પ્રો. કાશીરામ દવેના સમૃદ્ધ વ્યક્તિત્વને આચાર્યશ્રીએ જે ઉપસાવ્યું છે તેને ઉદ્ધૃત કર્યા વિના નાનાલાલના ગરવા ગુરુદેવને અર્પેલો આ અર્ઘ્ય અધૂરો રહે: 'પ્રો. કાશીરામ જેવો તત્ત્વ-


તમારી કલમે એક નવી માળા
મેં સાહસ કર્યું

વર્ષો પહેલાં 'કુમાર'માં વાચકોની કલમે આવતી આ માળા ફરી શરૂ કરીએ છીએ. તમે જીવનમાં વગર વિચાર્યે યા ગણત્રીપૂર્વક, સ્વાર્થે યા પરાર્થે કરેલા એકાદ સાહસની વાત 'કુમાર'માં આવતી લઘુકથા જેમ ટૂંકામાં લખી મોકલો. છપાતી દરેક વાતને પાંચ રૂપિયા પુરસ્કાર અપાશે અને વર્ષભરમાં શ્રેષ્ઠ નીવડનારને ગોંડલના એક સજ્જન તરફનું સાહસકથા માટેનું રૂ. ૨૫નું પારિતોષિક અપાશે.

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
અંક ૬૪૯ માટેનું 'જોસેફ પુલિટ્ઝર'ના
લેખક શ્રી અશોક હર્ષને મળે છે.

જ્ઞાનનો સાનુભવ ને પરિપક્વ અભ્યાસ ગુજરાતમાં ક્વચિત જ કોઈએ કર્યો હતો; અને એમ કહીએ તોપણ ચાલે કે તેમનું જીવન અને તત્વજ્ઞાન એકમેકની સાથે વણાઈ રહ્યાં હતાં. ...પરંતુ એ સર્વ કરતાં પણ અધિક સ્મરણમાં રાખવા જેવું એ મહાન પુરુષનું હૃદય છે. એના જેવું સરલ, નિર્દોષ અને સત્ય લાગે તે કહેવાની તથા આચરવાની હિંમતવાળું હૃદય બહુ વિરલ જોવામાં આવશે ... મનુષ્યે જન્મીને તત્ત્વજ્ઞાન સંપાદન કરવું, એ તત્ત્વજ્ઞાનને ધર્મ સાથે જોડી સફળ બનાવવું તથા ધર્મ સંબંધી ખંડનમંડન કરવામાં કૃતાર્થતા ન માનતાં જીવનને ધર્મમય કરવું–ધર્મ જીવવો, એમાં જો મનુષ્યની ખરી મહત્તા સમાઈ હોય તો આ માસમાં ગુજરાતે એક મહાન પુરુષ ખોયો છે. એને તો દેહ ત્યજવો એ વસ્ત્ર ફેંકી દેવા જેવું હતું, પણ ગુજરાતને એની મોટી ખોટ છે.' આમ પ્રો. કાશીરામ માત્ર આદર્શ કેળવણીકાર નહોતા, પ્રખર તત્ત્વજ્ઞાની કે વિદ્વાન માત્ર નહોતા. પરંતુ એક જીવનમુક્ત પુરુષ હતા. કવિવર નાનાલાલના એવા ગરવા ગુરુદેવને ચરણે કૃતાર્થભાવે વંદન હોજો! –'પ્રથિત'

કસ્તૂરીમૃગ



કેટલાંક પ્રાણીઓનાં શરીરમાં એવા રાસાયણિક પદાર્થો પેદા થાય છે જે પોતાના વિશિષ્ટ ગુણોના કારણે મહત્ત્વપૂર્ણ ઔષધ બની રહે છે. 'કસ્તૂરી' આ પ્રકારની એક અત્યંત મોંઘી ઔષધિ છે. આયુર્વેદિક અને યુનાની ચિકિત્સામાં કસ્તૂરીને શરીરમાં ગરમી પેદા કરનારી ગણી છે. સામાન્ય નબળાઈ, મંદ પ્રકારની નપુંસકતા, ઝીણો તાવ, ચાલુ ખાંસી, ફેફસાંની નબળાઈ, પક્ષાઘાત, હિસ્ટીરિયા અને ફેફરામાં કસ્તૂરી ઘણી ગુણકારક સાબિત થઈ છે. કામોત્તેજક પદાર્થ તરીકે તે ભારત ને ચીનમાં શ્રેષ્ઠ ગણાય છે. અત્યંત ટકાઉ એવી તીવ્ર મીઠી ગંધ એ એનું આગવું લક્ષણ છે ને એના કારણે અનેક કિંમતી સૌન્દર્ય-પ્રસાધનોમાં એનો ઉપયોગ થાય છે, આથી સ્વાભાવિક રીતે જ એની મોટી માગ રહે છે.

આ કસ્તૂરી એ નેપાલ-તિબેટ વગેરે હિમાલયના પ્રદેશો ને સાઈબીરિયા, મૉંગોલિયા, મંચુરિયા, કોરિયા ને ચીનમાં થતી હરણની એક જાત—'કસ્તૂરીમૃગ'ના પુખ્ત વયે પહોંચેલા નરના નાભિસ્થાનની એક ગ્રંથિમાંથી મળતો સ્રાવ છે. હિમાલયના કસ્તૂરી-મૃગની ગ્રંથિઓ બધામાં શ્રેષ્ઠ ગણાય છે. છેક પ્રાચીન કાળથી કસ્તૂરીની માગ રહેતી આવી છે અને આજે તો તેની કિંમત એક તોલાના લગભગ ૨૦૦૦ રૂપિયા જેટલી અંકાય છે. બરફીલા પહાડી પ્રદેશોમાં નજીવી એવી ખેતી પાછળ તૂટી મરવાને બદલે કસ્તૂરીમૃગની હત્યા કરીને મેળવેલી કસ્તૂરીમાંથી કમાઈ લેવા એ પ્રદેશના લોકો લલચાય એ સ્વાભાવિક છે, અને એથી ઈ. ૧૯૭૨માં ભારત સરકારે કસ્તૂરીમૃગને પકડવા કે કસ્તૂરીની નિકાસ કરવા સામે પ્રતિબંધ મૂકવા છતાં એની ખાસ અસર પડતી જણાતી નથી. આ કસ્તૂરીમૃગોને પકડવા માટે ગોઠવાતાં છટકાંમાં બીજાં કેટલાંક પ્રાણીઓ પણ સપડાઈ મરે છે. આમ, ઉત્તરોત્તર ઠંડા પહાડી પ્રદેશની આપણી પ્રાણીસમૃદ્ધિમાં પણ ઓટ આવતી જાય છે.

કસ્તૂરીમૃગ કદમાં નાનો હોય છે. એને માથે શિગડાં હોતાં નથી. સમુદ્રની સપાટીથી નવેક હજાર ફૂટ ઊંચા ઠંડા પહાડી પ્રદેશોમાં એ વસે છે. એના ઉપલા જડબામાં બે દાંત ટચૂકડાં દંતૂશળ જેમ બહાર નીકળેલા હોય છે. એની ચામડી જાડી ને બરછટ વાળવાળી હોય છે, જે કોઈ ખાસ ખપમાં આવતી નથી. ઠંડી અને બરફ સામે ટકી રહેવાની ક્ષમતા ધરાવતા છતાં શિયાળામાં બરફના વરસાદથી બચવા અને ઘાસચારો મેળવવા એ નીચા વિસ્તારોમાં ઊતરી આવે છે. ચપળતા અને હોશિયારી સિવાય આત્મરક્ષણ માટે એની પાસે અન્ય કંઈ ન હોઈ કુદરતે એને તીવ્ર ઘ્રાણેન્દ્રિય આપી છે. ભયની ગંધ અત્યંત દૂરથી પણ પારખી જઈ એ પોતાના નાના કદને ઘાસ કે ઝાડીમાં છુપાવી દે છે. માદા બે બચ્ચાંને જન્મ આપે છે અને બચ્ચાં દોડીને આત્મરક્ષા કરતાં શીખી જાય ત્યાં સુધી એ એમની સાથે જ રહે છે. કહે છે કે કસ્તૂરીમૃગ પોતાના રહેઠાણને સાફ રાખે છે. પણ સુગંધને કારણે પોતાનાં મળમૂત્રના સ્થાને એ વારંવાર આવે જાય છે. અન્ય પ્રાણીઓથી બચવા બહુધા એ રાતે જ ચારો કરવા નીકળે છે. એની આવી ખાસિયતોથી જ્ઞાત માણસો એને છટકાં ગોઠવીને કે હાકો કરીને સરળતાથી ફસાવે છે.

કસ્તૂરીમૃગના નાભિસ્થાન પાસે લટકતી ગ્રંથિમાંથી પ્રસરતી વિશિષ્ટ સુગંધ એ મૂળ તો માદાને આકર્ષવા માટે છે, પણ માણસે પોતાના હિતમાં કસ્તૂરીના જે ઉપયોગો શોધી કાઢ્યા છે એના કારણે એ ગ્રંથિ જ એના મરણનું કારણ બની રહી છે. આ ગ્રંથિ મોટા લખોટા જેવી ગોળાકાર હોય છે. એમાં એક નાનું છિદ્ર હોય છે. ગ્રંથિને દબાવવાથી તેમાંથી રતૂમડી કાળાશ પડતો બહુ ઘટ્ટ એવો સ્રાવ પડે છે. ગ્રંથિમાંથી બહાર પડે ત્યારે તેની ગંધ બહુ જ તીવ્ર હોય છે, પછી એ સુકાતાં તેની લાક્ષણિક મીઠી સુગંધ પ્રકટવા લાગે છે. એક ગ્રંથિમાંથી દોઢેક તોલાથી માંડી પાંચેક તોલા જેટલી કસ્તૂરી મળે છે. અન્ય પ્રદેશ કરતાં હિમાલયના મૃગની ગ્રંથિમાંથી વધારે કસ્તૂરી મળે છે. અત્યંત મૂલ્યવાન હોવાને કારણે કસ્તૂરીના વેચાણમાં પણ અનેક પ્રકારની છેતરપિંડીઓ ચાલે છે.

ખરી કસ્તૂરીની અનેક પરખ છે. અનુભવીઓ તો એને રંગ, ગંધ ને સ્વાદ પરથી પણ પારખી શકે છે. એનો રંગ રતૂમડો શ્યામ, ગંધ તીવ્ર અને મીઠી તથા સ્વાદ કંઈક તીખો હોય છે. પણ બહોળા અનુભવ વિના તેની પરખ મુશ્કેલ છે. કહે છે કે વારંવાર લસણનો પુટ આપેલી સોયને કસ્તૂરીમાં મૂકી જોવામાં આવે તો એના પરથી લસણની વાસ દૂર થઈ કસ્તૂરીની સુગંધી આવે છે.

લાભને કારણે થતી રહેલી હત્યાને લઈને કસ્તૂરીમૃગના સંરક્ષણની આકરી જરૂર સાથે કસ્તૂરીની અવેજીમાં વાપરી શકાય તેવા પદાર્થોના પ્રચાર-પ્રસાર વડે જ આ નિર્દોષ પ્રાણીને સંરક્ષણ આપી શકાય. અને એ જરૂરી છે. —બી. જે. કાપડી

શિંગોડાં

શિયાળામાં બજારમાં કાચાં કે બાફેલાં શિંગોડાં સારી પેઠે જોવા મળે છે. આ શિંગોડાં જમીનમાં નહિ, પણ પાણી ઉપર તરતી ત્રિકોણાકાર પાનવાળી વેલનાં ફળ છે. એનાં ફૂલ સફેદ હોય છે અને એ સાંજે

ખાય છે. કાંટાવાળાં અને કાંટારહિત એવી બંને જાતનાં શિંગોડાંનો ગાંઠાળો ત્રિકોણાકાર બહુ જાણીતો છે. એ ફળની કઠણ જાડા કવચની અંદરનો ગર્ભ સૂકા મેવા તરીકે ખવાય છે. શિંગોડાં કાચાં, બાફીને કે શેકીને ખવાય છે. શિંગોડાંના ગર્ભને સૂકવીને એનો લોટ કરી તેની વિવિધ વાનગીઓ પણ બનાવાય છે ને તે ફળાહારમાં વાપરી શકાય છે. અન્ય લોટમાં શિંગોડાંનો લોટ ભેળવીને પણ વપરાય છે. આ લોટ બજારમાં તૈયાર પણ મળે છે.

કાશ્મીરમાં એની પુષ્કળ પેદાશ થાય છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ ને બિહારમાં પણ સારા પ્રમાણમાં એ સુલભ છે. ગુજરાતમાં પણ અનેક સ્થળે એ પ્રાપ્ય છે.

સામાન્યતઃ ફળાહારમાં જ વપરાતાં આ શિંગોડાં બહુ પૌષ્ટિક ફળ છે. એ શીતવીર્ય, વૃષ્ય, શુક્લ, લઘુ, રુચિપ્રદ, કફકર, ગ્રાહી, વાતલ, તૂરાં, મધુર, તર્પણ, મળનું શોષણ કરનાર, પિત્તશામક અને દાહહર છે. રક્તદોષ, મોહ, ભ્રમ, પ્રદર, સોજા વગેરે ઉપર ગુણકારી છે. ગર્ભિણીના રક્તસ્રાવ ઉપર શિંગોડાંના લોટની લાપસી સાકર સાથે અપાય છે. શિંગોડાં ગર્ભને પુષ્ટિ પણ આપે છે. મૂત્રકૃચ્છ ઉપર શિંગોડાંનો ક્વાથ ગુણકારી છે.

શિંગોડાંની વેલનો રસ દાહશામક અને આંખનાં વિકારોમાં લાભ કરે છે. સડેલાં ચાંદાં, મોં અને ગળાનો સોજો, કંઠમાળ વગેરેમાં શિંગોડાંની વેલનાં પાનનો ક્વાથ ધોવા ને કોગળા કરવામાં વપરાય છે.

પૌષ્ટિક આહાર તરીકે શિંગોડાંનો ઉપયોગ વધારવા જેવો છે.

હરિ: ૐ આશ્રમો અને તેનાં મૌનમંદિરો

અંક ૬૩૨માં જેમનું ચરિત્ર આવી ગયું તે શ્રી મોટાએ તેમના સાધનાકાળ દરમિયાન એકાંતવાસની અને ખોરાકની ઘણીઘણી મુશ્કેલીઓ વેઠેલી. આ પ્રકારની અગવડો સાધના કરવા ઇચ્છતાં ભાઈબહેનોને ન વેઠવી પડે અને શાંતિથી પ્રભુભજન કરી શકે તેવા હેતુઓને લક્ષમાં રાખીને તેમણે ગુજરાતના હરિ: ૐ આશ્રમોમાં મૌનમંદિરોની સ્થાપના કરી છે. ત્યાં કશા પણ ભેદભાવ વિના સર્વ કોમનાં અને સર્વ ધર્મનાં ભાઈ-બહેનોને પ્રવેશ મળે છે. પ્રવેશ મેળવવા ઇચ્છનારે આશ્રમના સંચાલકોને પત્ર લખી, સમય નક્કી કરી લેવાનો રહે છે. આ મૌન માટે ખાસ રાખેલા એકાંત ઓરડામાં ૭, ૧૪, ૨૧ કે તેથી વધુ દિવસ સુધી બેસી શકાય છે. બેસવા માટેના એક દિવસના રૂ. ૫ પ્રમાણેની રકમ આશ્રમને મોકલી આપવાની રહે છે. ભોજન આશ્રમમાં જે થાય તે જ સાધકોને અપાય છે: સવારના ૪–૪૫ વાગ્યે ચા, ૧૦ વાગ્યે ભોજન, બપોરના ૧–૪૫ વાગ્યે ચા અને સાંજે પાંચ વાગ્યે ભોજન.

એક ઓરડામાં એક જ વ્યક્તિ રહી શકે છે. ઓરડાનાં બારીબારણાં બંધ હોય છે. અંદરનો વીજળીનો દીવો ના સળગાવો તો દિવસે પણ અંધારું જ રહે છે. આવું અંધારું ધ્યાન અને એકાગ્રતાને આવશ્યક ને પોષક પણ છે. બધા ખર્ચને પહોંચી વળવા માટે સખી દિલનાં ભાઈ-બહેનો નક્કી કરેલી રકમ કરતાં વધુ રકમ પણ આશ્રમને આપી શકે છે. આશ્રમને મળતી દાનની સઘળી રકમ આવકવેરા-મુક્ત છે.

મૌનમંદિરો શહેરથી દૂર નદીકિનારે એટલાં શાંત વિસ્તારમાં સ્થપાએલાં છે કે તે શાંતિનો અનુભવ તો એક વાર ત્યાં જઇને જ કરી શકાય. ગુજરાતનાં આવાં બે મંદિરોની માહિતી માટે વ્યવસ્થાપક શ્રી નંદુભાઈ શાહને હરિ ૐ આશ્રમ, કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, સૂરત અને હરિ: ૐ આશ્રમ, શેઢી નદીના કિનારે, નડિયાદને લખવું.

શ્રી મોટા અંતિમ વિદાય વેળાએ છેલ્લો સંદેશો એ આપતા ગયા છે કે 'મારા દેહના મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાં-ભંડોળ ભેગું થાય તેનો ઉપયોગ ગામડાંઓમાં શાળાના ઓરડા બાંધવા માટે કરવો. આ કાર્ય માટે જનતાએ સ્વચ્છાએ હરિ: ૐ આશ્રમને જે દાન મોકલાવ્યાં છે તેમાંથી અત્યાર સુધીમાં ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં ૩૩૮૭ શાળાના ઓરડા બાંધવા માટે રૂપિયા ત્રેસઠ લાખ કરતાં ય વધારે રકમ આવી છે. ગુજરાતના દરેક ભાઈ-બહેનને આ કાર્ય પૂર્ણ કરવામાં યથાશક્તિ ફાળો હરિ: ૐ આશ્રમ નડિયાદ અને સૂરતને મોકલવા વિનંતી છે.

ગણિત-ગમ્મત

$૧૬ = ૪^{2}$

$૧૧૫૬ = ૩૪^{2}$

$૧૧૧૫૫૬ = ૩૩૪^{2}$

$૧૧૧૧૫૫૫૬ = ૩૩૩૪^{2}$

$૧૧૧૧૧૫૫૫૫૬ = ૩૩૩૩૪^{2}$

$૧૧૧૧૧૧૫૫૫૫૫૬ = ૩૩૩૩૩૪^{2}$

તમે જોશો કે આમ આરંભના ૧૬ ની વચ્ચે ૧૫ (૧૬ – ૧)ની સંખ્યા મૂકીને બીજી રકમ બનાવી છે. એ રકમની વચ્ચે ફરી ૧૫ મૂકીને ત્રીજી અને એમ આગળ ને આગળ રકમ લંબાવતા જવાય છે. અને એના જવાબમાં પણ એક ચોક્કસ રીતે ૩ ઉમેરાતો જાય છે. સોળના જેવી આવી બીજી કોઈ દ્વિઅંકી સંખ્યા શોધી શકશો? ઉત્તર નીચે અવળો આપ્યો છે.

અને એમ આગળ. અહીં ૪૯ ની વચ્ચે ૪૯ – ૧ = ૪૮ મુકાતા ગયા છે.


$૪૪૪૪૮૮૮૯ = ૬૬૬૭^{2}$

$૪૪૪૮૮૯ = ૬૬૭^{2}$

$૪૪૮૯ = ૬૭^{2}$

$૪૯ = ૭^{2}$

—કિશોર ન. ગોરધનદાસ



આકાશદર્શન

આ સમયે આકાશગંગાના કાંઠા પર દેખાતું મૃગ તારામંડળ એના કદ અને તેજસ્વી તારાઓના કારણે અત્યંત પ્રભાવક લાગે છે. બહુ પ્રાચીન કાળથી આ મંડળ જાણીતું છે. આપણા પુરાણમાં એક કથા છે કે પ્રજાપતિના નૈતિક સ્ખલનથી કોપિત દેવોએ પશુયાન નામે એક રાક્ષસ ઉત્પન્ન કર્યો. એના ભયથી પ્રજાપતિ હરણીનું રૂપ લઈ નાઠા, પણ પશુયાને ત્રિખંડ બાણ વડે એનો વધ કર્યો. એ હરણી તે આ 'મૃગ.' ગામડામાં હજી યે લોકો એને 'હરણું' કહે છે. એનું એક નામ 'ભરત' પણ છે.

ગ્રીક પુરાણોમાં મહાશક્તિશાળી અને સુંદર દેખાવના એક મહાકાય શિકારી 'ઓરાયન'ની વાત છે. સમુદ્ર સહિત સર્વ પ્રવાહી પદાર્થોના દેવ પોસાઈડૉનનો એ પુત્ર હતો. એનાં અનેક સાહસો ગ્રીક પુરાણોમાં વર્ણવેલાં છે. ક્રીટમાંના બધા વન્ય જીવોનો નાશ કરી નાખવાની એની ધમકીથી ભય પામીને પૃથ્વીદેવીએ એને મારવા એક મહા ઝેરી વીંછી મોકલ્યો હતો અને એણે ડંખ દઈને ઓરાયનને માર્યો હતો. અહીં આપેલી આ મૃગમંડળ (ઓરાયન-Orion)ની આકૃતિમાં ઓરાયન કે પ્રજાપતિનો માનવ સદૃશ આકાર કલ્પી શકાશે. જોકે આ માત્ર કલ્પના જ છે.

મૃગ નામ પ્રમાણે એમાં હરણની આકૃતિ કલ્પીએ તો એના મસ્તકના સ્થાને દેખાતી તારાત્રિપુટીને અપાએલું 'મૃગશીર્ષ (Meissa) નામ કંઈક યથાર્થ લાગશે. સત્યાવીસ ચાંદ્ર નક્ષત્રોમાંનું પાંચમું 'મૃગશીર્ષ' અને છઠ્ઠું 'આર્દ્રા' નક્ષત્ર આ તારામંડળમાં છે. વેદકાળમાં વસંતસંપાતથી વર્ષનો આરંભ ગણાતો, અને એ સમયે વસંતસંપાત મૃગશીર્ષ નક્ષત્રમાં થતો, એટલે વર્ષના પ્રથમ માસ તરીકે એને 'અગ્રહાયન' નામ અપાયું હતું. આ મૃગશીર્ષ પરથી આપણે માગશર મહિનો કહીએ છીએ.

આર્દ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશે ત્યારે વરસાદ થાય છે. આ પરથી જ એને આર્દ્રા નામ અપાયું હશે. આર્દ્રાના વરસાદમાં થએલી વાવણીથી ઘણો સારો પાક ઊતરે એમ મનાય છે. પશ્ચિમના દેશોમાં મૃગમંડળના ઉદયનો આરંભ ઉનાળાના પ્રારંભનો સૂચક મનાયો છે. મધરાતે એનો ઉદય દ્રાક્ષનો ફાલ ઉતારવાની ઋતુ અને પાછલી રાતના એના ઉદયને શિયાળાના પ્રારંભનો સૂચક ગણવામાં આવે છે.

મૃગમંડળમાં યે આર્દ્રા (Betelgeuse) વધુ ખ્યાત છે. આપણાથી ૩૦૦ પ્રકાશવર્ષ દૂરનો એ એક રક્તવર્ણી અતિવિરાટ સૂર્ય (તારો) છે. સૂર્ય પૃથ્વી કરતાં ૧૩ લાખ ગણો મોટો છે, તો આર્દ્રા એ સૂર્ય કરતાં ય સાડા ત્રણ કરોડ ગણો વિશાળ છે. એનું આ પ્રચંડ કદ સંકોચાતું-ફુલાતું રહે છે અને એટલે આપણને એના તેજમાં વધઘટ થતી લાગે છે.

બાણરજ (Rigel)એ આ મંડળનો બીજો તેજસ્વી તારો છે, જે સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો તેજસ્વી યુગ્મતારો છે. એ ૯૦૦પ્ર.વ. દૂર છે.

આર્દ્રા અને બાણરજ એ મૃગના (હરણના) બે પગ. બીજા બે પગમાંનો એક આર્દ્રાની પશ્ચિમે દેખાતો તેજસ્વી તારો. એને Bellatrix અને બાણરજની પૂર્વે દેખાતા ચોથા પગના સ્થાન પરના તારાને Saiph કહે છે. આ ચારે પગની વચ્ચે મૃગના પેટમાં દેખાતા ત્રણ તેજસ્વી તારા તે ઓરાયનનો કમરબંધ છે. આપણે એને મૃગને વાગેલા ત્રિખંડ 'બાણ' તરીકે ઓળખીએ છીએ. પૂર્વ તરફથી અનુક્રમે એ ઉષા Alnitak, અનિરુદ્ધ Alnilam અને ચિત્રલેખા Mintaka નામે ઓળખાય છે. મૃગશીર્ષને Meissa કહે છે.

ઓરાયનના કમરબંધ ('બાણ')માં ખોસેલા ખંજર રૂપે કે પ્રજાપતિના ઉપનયનની નીચે દેખાતા તારાઓને આપણે 'મૃગપુચ્છ' કહીએ છીએ. એ સ્થાને વિશિષ્ટ એવી તેજઆભા દેખાય છે. નરી આંખે દેખાતી એ એક સૌથી વધુ તેજસ્વી નિહારિકા. 'મેસીઅર (મે.)-૪૨'ની સંજ્ઞાથી એ ઓળખાય છે. આપણી નજીકની નિહારિકાઓમાંની એ એક વાયુરૂપ શ્વેત નિહારિકા છે. એનો વિસ્તાર લગભગ ૧૬ પ્ર. વ. જેટલો અને આપણાથી એનું અંતર ૧૬૨૫ પ્ર.વ. જેટલું છે.

વળી, મૃગમંડળમાં 'ઉષા' પાસે એક શ્યામ નિહારિકા પણ છે. ઘોડાના માથા જેવા આકારને કારણે એ અશ્વશીર્ષ (Horse-head) નિહારિકા નામે જાણીતી છે. લગભગ ૧૦૦ પ્ર. વ. જેટલા વિસ્તારમાં ફેલાએલી અને ૧૦૦૦ પ્ર. વ. દૂરની આ નિહારિકા છે. ઘટ્ટ બનતા જતા એના વાયુસ્વરૂપથી રચાતા અનેક નવા ગરમ તારાઓ જોતાં ત્યાં એક નવું તારાવિશ્વ સર્જાઈ રહ્યું છે એમ ખગોળશાસ્ત્રીઓ કહે છે. –બિ. ટાંક



મૃગમંડળમાં મૃગપુચ્છમાંની વાયુરૂપ શ્વેત નિહારિકા–'મે-૪૨'



'અશ્વશીર્ષ'-મૃગમંડળમાં 'ઉષા' પાસેની શ્યામ નિહારિકા

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૧/૧૯૫૮ ઇજિપ્ત અને સીરિયા જોડાઇને 'યુનાઇટેડ આરબ રીપબ્લિક'ની રચના થઈ. ઈ. ૧૯૨૨માં આ જ માસની ૨૮મી તા. બ્રિટિશ રક્ષણમાંથી મુક્ત થઈ ઇજિપ્ત સ્વતંત્ર થએલું.

તા. ૫/૧૯૨૨ ચૌરીચૌરામાં લોકોએ ૨૧ પોલીસ અને એક સબ ઈન્પેક્ટરને મારી નાખતાં અહિંસાનો ભંગ થવાથી ગાંધીજીએ સત્યાગ્રહની પોતાની લડત સમેટી લીધી.

તા. ૮/૧૮૦૧ 'યમુનાલહરી', 'રુકૃમિણીચમૂ', 'વેદાંતચિંતામણિ', 'મારુતશક્તિ' વગેરે જેવા ગ્રંથોના લખનાર; સંસ્કૃત, વ્રજ અને ગુજરાતી ભાષામાં કાવ્યો રચનાર; અદ્ભુત વ્યાખ્યાતા ને શતાવધાની, સંગીતજ્ઞ ને મૃદંગવાદક, ભારતમાર્તંડ પં. ગટ્ટુલાલજીનો જૂનાગઢ મુકામે જન્મ.

તા. ૧૦/૧૯૩૧ હિંદુસ્તાનની નવી રાજધાની નવી દિલ્હીનું વિધિવત્ ઉદ્ઘાટન થયું.

તા. ૧૪/૧૯૨૨ લૉવેલ વેધશાળાએ સૂર્યમાળાના સૌથી દૂરના ગ્રહ 'પ્લૂટો'ની શોધ કરી.

તા. ૧૫/૧૯૪૮ સરદાર પટેલની મુત્સદ્દીગીરીથી ૪૪૯ જેટલાં દેશી રાજ્યોનો લોપ થઇને એક અખંડ કાઠિયાવાડનું 'સૌરાષ્ટ્ર' નામે નવસર્જન થયું અને જામસાહેબના રાજપ્રમુખ પર તથા ઢેબરભાઈના પ્રમુખપણા નીચે નવી પ્રજાકીય સરકાર રચાઈ.

વ્યક્તિવિશેષ

તા. ૧૮/૧૫૬૪ આકાશની અદ્ભુતતાને સૌ પ્રથમ વિજ્ઞાનની આંખે જોનાર, ઈટાલીનો



નામાંકિત ખગોળશાસ્ત્રી, શોધક ને તત્ત્વવેત્તા ગૅલિલીઓ ગૅલિલીનો પીસા મુકામે જન્મ. પીસાની વિદ્યાપીઠમાં એ દાક્તરી ભણવા ગયો પણ યુક્લિડ ને આર્કિમીડિસના ગ્રંથો વાંચી એને ગણિતમાં રસ પડયો અને એ ગણિતનો પ્રાધ્યાપક બન્યો. પીસાના દેવળમાં ઝૂલતી હાંડી જોઈ એ પરથી એણે લોલકની શોધ કરી. ઉષ્ણતાનું માપ લેવા એણે થર્મૉમીટર પણ શોધ્યું અને ગુરુત્વાકર્ષણમાં વજનના તફાવતની નિરર્થકતા પણ એણે સાબિત કરી. રૂઢ માન્યતાઓને તોડનારા એના આવા પ્રયોગો-પ્રયાસોથી જૂનવાણીઓમાં અકારો થઈ પડતાં એ પીસા ત્યજી પાડુઆની વિદ્યાપીઠમાં ગયો. ત્યાં કોઈ વલંદાએ દૂરબીનની શોધ કર્યાની માહિતી મળતાં એણે પોતે પોતાની મેળે જ એક દૂરબીન બનાવ્યું ને એના દ્વારા આકાશનાં નિરીક્ષણો કરવા માંડીને કૉપરનિકસથી યે આગળ વધી નવી શોધો કરી. ચંદ્રની સપાટી પર પર્વતો છે. આકાશગંગા દૂધિયા તેજથી નહિ પણ અસંખ્ય તારાઓથી ભરેલી છે, ગુરુને ચાર ચંદ્રો અને શનિના ફરતું વલય છે એ એણે શોધ્યું, ને તે વિષે પુસ્તક પણ પ્રકટ કર્યું. પરિણામે ક્રોધે ભરાએલા ધર્મગુરુઓએ ૭૦ વર્ષના એ વિદ્વાનને નાસ્તિક ઠેરવીને એને કેદમાં નાખ્યો. પાછળથી એને એકાંતવાસમાં રહેવાની છૂટ મળી પણ એ દરમિયાન અંધ બનેલા એ પ્રયોગસિદ્ધ વિજ્ઞાનના પિતાએ જીવનનાં પાછલાં વર્ષો અત્યંત ગરીબી ને દુઃખમાં વિતાવ્યાં હતાં.

તા. ૨૫/૧૮૬૨ અમેરિકાના સંયુક્ત રાજ્યોમાં કાગળની નોટોનું ચલણ ચાલુ થયું.

પ્રસંગવિશેષ

તા. ૨૭/૧૯૩૩ જર્મન પાર્લામેન્ટને આગ લાગી. ઈ. ૧૯૩૩ના માર્ચમાં થનારી જાહેર ચૂંટણી પછી રચાનારી વિવિધ પક્ષોના જોડાણવાળી સંભવિત સરકારમાં નાઝી પક્ષની સ્થિતિ વિષે હિટલરને શંકા હતી. અલબત્ત, પોતાના કાબૂ તળેના રેડિયો અને પોલીસદળનો પૂરેપૂરો લાભ લેવા એણે અસંખ્ય માણસોને તેમાં ઘુસાડી તો દીધા જ હતા. ચૂંટણી અગાઉ આ દિવસે રાતે જર્મન પાર્લામેન્ટના મકાનમાં એકાએક વીસ ઠેકાણે આગ ફાટી નીકળતાં એ સમગ્ર ઇમારત ખાક થઈ ગઈ. પાછળથી બહાર આવેલા મુદ્દાઓ પરથી સ્પષ્ટપણે એ કામ નાઝીઓનું જ હતું, પણ એ સમયે સામ્યવાદીઓ પર એનો આરોપ મૂકી સેંકડો લોકોને કેદમાં નાખી દીધા. નાગરિક સ્વાતંત્ર્યના હક્કો પર કડક મર્યાદાઓ મુકાઈ ગઈ અને ભયના વાતાવરણમાં થએલી ચૂંટણીમાં નાઝીઓને ૪૪ ટકા મત મળ્યા. સત્તા હાથ કરવા માટે એ પૂરતા તો નહોતા પણ મોટા ભાગના હરીફ નેતાઓ કેદમાં કે હદપાર હોઈ નાઝીઓએ હિટલરને જર્મનીનો ચાન્સેલર બનાવી દીધો. સત્તાધારી હિટલરે ધીરેધીરે નાઝી સિવાયના બધા પક્ષોને દાબી દીધા ને પાર્લામેન્ટની સત્તા નહિવત્ કરી દીધી અને એમ બંધારણીય નાટક રચીને એ જર્મનીનો સરમુખત્યાર બની ગયો.



મારા એક મિત્રે ગલુડિયું પાળ્યું અને તેને ભૂખ લાગે ત્યારે ભસીને માગી લે એવી ટેવ પાડવા સારુ રોજ તેને ખવડાવતી વખતે તેનું વાસણ થોડે દૂર રાખીને પોતે ભસી બતાવતો અને પછી ગલુડિયાને ખાવા આપતો.

પંદરેક દિવસ આમ કર્યા પછી પોતે શીખવેલું ચાવડચું છે કે નહિ તે તપાસી જોવા તેણે કૂતરાથી થોડે દૂર ખાવાનું વાસણ રાખીને મૂગા મૂગા જોયા કર્યું પણ તે કાંઈ ભસ્યું નહિ. છેવટે તેણે વાસણ તેની પાસે મૂકી દીધું છતાં તેણે ખાધું પણ નહિ. અંતે મારો મિત્ર જ્યારે ભસ્યો ત્યારે જ તેણે ખાધું!

∞

અમેરિકાનો એક વિદ્યાર્થી પોતાની મોટર પોતાની કૉલેજની હોસ્ટેલના પાછલા વાડામાં મૂકીને વૅકેશનમાં ઘેર ગયો. પાછળથી હોસ્ટેલમાં રહેલા વિદ્યાર્થીઓ તેની મોટરનો એકેએક ભાગ છૂટો કરી નાખી હોસ્ટેલમાંની તેની ઓરડીમાં તે લઈ ગયા.

મોટરનો માલિક વિદ્યાર્થી વૅકેશનમાંથી પાછો આવ્યો ત્યારે તેણે હોસ્ટેલમાંની પોતાની ઓરડીની અંદર મોટરને ઊભી કરી દીધેલી જોઈ! તેને એ બહાર કઈ રીતે કાઢે?

∞

વ્યાખ્યા : રવિવાર એટલે જે દિવસે માણસે પોતાના સાહેબની આજ્ઞાનુસાર નહિ પણ પત્નીની આજ્ઞાનુસાર કામ કરવાનું હોય છે.



(જનસત્તામાં 'શિવ')

સ્વભાવ સમ સંસારમાં છપાય છે નિજ છાપ,
સોય સદા સાંધે, અને કાતર મૂકે કાપ.

ઈરાનનો મહાન બાદશાહ નોશેરવાન ઘણો નેક હતો. એક વાર એના એક અનુચરે આવીને કહ્યું કે 'આપને જાણીને આનંદ થશે કે આપનો કટ્ટરમાં કટ્ટર શત્રુ મોતને હવાલે થયો છે.' એ સાંભળી નોશેરવાને કહ્યું: 'દુશ્મનના મૃત્યુ પર આનંદ પામવાનું શું હોય? આપણે પણ એક દિવસ મરવાનું નથી?'

∞

કહેવતો: 'બાંધી મૂઠી લાખની'—પોતાની ઊણપો સમજીને મર્યાદામાં રહેવા અથવા ભ્રમ ચાલુ રાખવા પ્રબોધતી આ આખી કહેવતનું બીજું ચરણ છે: 'ઉઘાડી વા ખાય.' એને મળતી બીજી કહેવતો: 'ભરમ ગયો એનું ભૂષણ ગયું'; 'પાંદડાંનો પણ પડદો સારો'; 'કાટેલી તલવાર મ્યાનમાં સારી' વગેરે.

∞

અનેકાર્થી શબ્દ: **રાસ** = ગાતાં ગાતાં ગોળાકારે ફરીને કરાતું નૃત્ય-નાચ; એ વખતે ગવાતું ગીત; ભૂશિર; વહાણનો આગલો મોરો; ખિતાબ; ખેતરમાંનો ફોતરાંવાળો અનાજનો ઢગલો; પિંગળમાં એક છંદ; વણકરનું એક ઓજાર; જંજીર કે બેડી.

∞

ગણિત-ગમ્મત: કોઈ પણ રકમ ધારો. તેના ત્રણગણા કરો. તેમાં એક ઉમેરો. આવે તેને ફરી ત્રણે ગુણી તેમાં ધારેલી રકમ ઉમેરો. જે આવે તેનો છેલ્લો એકમનો અંક કાઢી નાખતાં બાકી રહે તે તમારી ધારેલી રકમ!

∞


અંકસંદર્ભ: **સાત**: સપ્ત પુરી-અયોધ્યા, મથુરા, માયા (હરિદ્વાર), કાશી, કાંચી (કાંજીવરમ્), અવંતિકા, દ્વારાવતી (દ્વારકા); સપ્ત દ્વીપ-જંબુ, પ્લક્ષ, શાલ્મલી, કુશ, ક્રૌંચ, શાક, પુષ્કર; સાત ચિરંજીવીઓ-અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપ, પરશુરામ.



આ શું છે? અવ્યવસ્થિત રીતે પડેલો રૂમાલ કે ઘોડાનું માથું?

किं वाससा, तत्र विचारणीयम्
वासः प्रधानं खलु योग्यतायाः।
पीताम्बरं वीक्ष्य ददौ स्वकन्याम्
दिगम्बरं वीक्ष्य विषं समुद्रः॥

વસ્ત્રો પહેર્યે શું? આ વાત પણ વિચારવા જેવી છે. વસ્ત્રો (પોશાક) પણ ઘણી વાર યોગ્યતા માટે અગત્યનો ભાગ ભજવે છે. વિષ્ણુને પીતામ્બરથી વિભૂષિત જોઈને સમુદ્રે પોતાની દીકરી (લક્ષ્મી) વિષ્ણુને આપી, અને શંકરને વસ્ત્રવિહીન જોઈને તેને વિષની ભેટ આપી.



અણુ એક જ એવી વસ્તુ છે કે જેની બરાબર જોડ મળી શકે. એક જ પદાર્થના બે અણુ અદલોઅદલ એકસરખા જ હોય છે. આટલું એકસરખાપણું અન્ય કોઈ જ ચીજમાં મળતું નથી.



નાનાં બાળકો ઘણી વાર ટેબલનાં ખાનાં એટલા બધા જોરથી ખેંચે છે કે આખું ખાનું બહાર ખેંચાઈ આવી ભોંય પડે છે ને બાળકને વાગે છે તથા ખાનામાંની કિંમતી વસ્તુઓ વેરાઈ કે તૂટીફૂટી જાય છે. તે અટકાવવા ખાનાના પાછલા છેડામાં બે ઇંચ લાંબી, ૧ ઇંચ પહોળી ને ૦।। ઇંચ જાડી લાકડાની પટ્ટી એક સ્ક્રૂ વડે જડી દેવી. આખું ખાનું બહાર કાઢીને સાફ કરવું હોય ત્યારે એ પટ્ટીને સરકાવીને આડી કરી દઈ શકાય.


જાણો છો? ❡ વલસાડ નજીક ઉદવાડામાં પારસીઓનો જૂનામાં જૂનો અગ્નિહોત્ર છે. ૧૨૦૦ વર્ષ પહેલાં જ્યારે તેઓ ગુજરાતમાં ઊતર્યા ત્યારે પ્રકટાવેલો, તે હજી અખંડ બળે છે! ❡ દિવસ કરતાં રાત્રે જન્મ-મૃત્યુનું પ્રમાણ અધિક રહે છે. ❡ જગતમાં લગભગ દરરોજ એક કરોડ માણસ રેલવેમાં પ્રવાસ કરે છે. ❡ સમુદ્રના પાણીમાં જે મીઠું છે તે સઘળું જમીન પર પાથરી દેવાય તો ત્રીસ ફૂટ ઊંચો તેનો થર થાય. ❡ લૅપલૅંડના લોકોની ઊંચાઇને હિસાબે ત્યાંના ઘરોના દરવાજા વધુમાં વધુ માત્ર સાડા ચાર ફૂટ ઊંચાઈના હોય છે.



ટિકિટકથા: ઈ. ૧૯૭૬ના ઑક્ટોબરમાં 'સ્વૈચ્છિક રક્તદાન' નિમિત્તે બહાર પડેલી ભારતની આ ખાસ ટિકિટમાં અમુક ટિકિટો પર ચોથો રંગ છપાયો જ નથી, એટલે કે એના પર કશું લખાણ નથી. અમદાવાદના એક ટિકિટ-સંગ્રાહક ડાહ્યાલાલ પરમારને ટપાલમાંથી અકસ્માત જ આ ભૂલવાળી બે ટિકિટો મળી ગઈ. ટપાલ-રવાનગીના સૌ તબક્કામાંથી પસાર થઈ ગએલી આ ટિકિટ પર રદ્દીકરણની છાપ પણ હોવાને કારણે હવે એ ભૂલવાળી ટિકિટનું મૂલ્ય ઘણું વધી ગયું છે.



કલાકણિકા: મેક્સિકોની પ્રાચીનતમ સંસ્કૃતિના કાળના એક માટીના શકોરાની અંદરની આલેખેલી કલાત્મક ભાત.



સાંચીના મુખ્ય સ્તૂપનું ઉત્તર દિશાનું તોરણ

સાંચીનાં શિલ્પોમાં સૌથી અદ્‌ભુત અને આકર્ષક ત્યાંનાં તોરણો છે. સ્તૂપની ચોમેર દસેક ફૂટ ઊંચા સ્તંભમાં આડા સુચિ ભરી જે બારાદરી (વાડ) કરી છે તેમાં ચાર દિશાએ ચાર દરવાજા તરીકે કમાનોના રૂપમાં એ ઊભા કરેલા છે, અને તેના સ્તંભો તથા સિરદલોની બધી બાજુઓનો ખૂણેખૂણો ને ઇંચેઇંચ જગ્યા કોતરણીથી ખીચોખીચ ભરેલી છે. એ ચારે પૈકી ઉત્તર દિશાનું તોરણ જે ઓછામાં ઓછું ખંડિત છે તેનું રેખાંકન સર જૉન માર્શલના બહુમૂલ્ય ગ્રંથમાંથી (મૂળ ચિત્ર કરતાં પોણા બે ગણું મોટું કરીને) અહીં બતાવ્યું છે. છતાં મૂળમાં શિલ્પની ગોળાઈને લીધે ઊર્મિનો જે આવેગ અનુભવી શકાય છે તેનો ખ્યાલ આના ઉપરથી આવી શકે નહિ. આજથી બે હજાર કરતાં પણ વધુ વર્ષ પહેલાં કારીગરો માત્ર લાકડામાં અને હાથીદાંતમાં કોતરકામ કરતા. તેમણે સૌ પહેલું પથ્થરમાં શિલ્પ કરવા માંડ્યું તે કાળની આ કૃતિ હોવાનું તજ્જ્ઞો માને છે. ચારે તોરણોમાં બુદ્ધના પૂર્વ જન્મની જાતક કથાઓ અને બુદ્ધજીવનના પ્રસંગો ઉપરાંત સામાજિક જીવનનાં દશ્યો, યક્ષો, કિન્નરો, કિસમકિસમનાં પક્ષીઓ, વૃક્ષવેલોનાં સુશોભનો આદિ મબલખપણે કોતર્યાં છે.

આ તોરણના મથાળે વચમાં હાથીઓ પર ટેકવેલું ધર્મચક્ર. તેની બે બાજુએ બે યક્ષો. તે પછી એકએક 'ત્રિરત્ન'નું સુશોભન, અને બંને છેડે પાંખાળા સિંહ બેસાડેલા છે. મથાળાનાં બે સિરદલ (લિન્ટલ) ઉપર સાત 'માનુષી બુદ્ધ'નાં આલેખન છે ને નીચલા ત્રીજા સિરદલ ઉપર બુદ્ધના પૂર્વજન્મની 'ઋષ્યશૃંગ જાતક' નામની કથા કોતરેલી છે. એ સિરદલોની વચ્ચેના બે તરફના ચાર ચોખંડામાં એક તરફ ઉપરનીચે 'બુદ્ધ-જન્મ'નું આલેખન છે અને બીજી બાજુ પ્રથમ પ્રવચનનું આલેખન છે. બંને થાંભલાઓ ઉપર શ્રાવસ્તી ને કપિલવસ્તુમાં બનેલા બુદ્ધ-જીવન-પ્રસંગોનું પ્રતીકાત્મક ચિત્રણ છે. આ ચિત્રનો ઉદ્દેશ તો માત્ર મૂળની ભવ્યતા અને ચિત્રમયતાનો ખ્યાલ આપવાનો જ છે. એમાં વિગતો ઊતરી આવવી શક્ય નથી. □